Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી આત્માનંદ પ્રકાશ

આત્મ સં. ૭૫ ( ચાલુ ), વીર સં. ૨૪૯૮
વિ. સં. ૨૦૨૮ ફાગણ–ચૈત્ર

# મહાવીર જન્મકલ્યાણક વિશેષાંક

પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર.

પુસ્તક : ૬૯ ] માર્ચ–એપ્રિલ : ૧૯૭૨ [ અંક : ૫–૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા


| ક્રમ | લેખ | | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|---|
| ૧ | જિન વાણી | .... | — | ૬૯ |
| ૨ | ભગવાન મહાવીર સ્વામીનો જગતને સંદેશ | .... | લે. પં. શ્રી પુર્ણાનન્દ વિજયજી મહારાજ | ૭૧ |
| ૩ | મા કરશો અભિમાન ! | .... | ડૉ. ભાઈલાલ એમ. બાવીશી M. B. B. S. | ૭૪ |
| ૪ | પ્રભુ મહાવીરનો આદર્શ | .... | ભાનુમતીબેન દલાલ | ૭૬ |
| ૫ | અહિંસાની પ્રતિષ્ઠા. | .... | ડૉ. જિતેન્દ્ર જેટલી. | ૭૭ |
| ૬ | અનુપમ વીતરાગ સુખ | .... | ઉપેન્દ્રરાય જ. સાંડેસરા | ૮૧ |
| ૭ | નવાંગીવૃતિકાર શ્રી અભયદેવસુરિ | .... | શ્રી અગરચંદ નાહટા | ૮૫ |
| ૮ | આજનો દિવસ | .... | વસંતલાલ કાંતિલાલ | ૮૯ |
| ૯ | આદતનું જોર | .... | — | ૯૧ |
| ૧૦ | બે યાત્રાળુઓ | .... | રામનારાયણના પાઠક | ૯૫ |
| ૧૧ | કુમાર દેવાર્ય | .... | રતિલાલ મફાભાઇ | ૯૭ |
| ૧૨ | છેલ્લુ નાટક | .... | મનસુખલાલ તારાચંદ મહેતા | ૧૦૨ |
| ૧૩ | ભારત દર્શનની સાર્વભૌમ ચિન્તનદૃષ્ટિ અનેકાન્તવાદ | .... | લે. રામધારીસિંહ દિનકર અનુ. કુ. અરુણા કનાડિયા | ૧૦૭ |
| ૧૪ | મહાવીર સ્વામીના ગણના પાત્રભવો | .... | હીરાલાલ ર. કાપડીયા | ૧૧૦ |
| ૧૫ | વિશ્વશાંતિ–વાંચ્છુ–વીર | .... | ઝવેરભાઇ બી. શેઠ | ૧૧૩ |
| ૧૬ | આપણો સાહિત્યક વારસો | .... | — | ૧૧૫ |
| ૧૭ | ગુજરાતના મહામંત્રી ઉદયને | .... | જગજીવનદાસ દેસાઈ | ૧૧૬ |
| ૧૮ | ગ્રંથાવલોકન | .... | અનંતરાય જા. શાહ | ૧૧૮ |
| ૧૯ | જૈન સમાચાર | .... | — | ૧૯ |


# સ્વર્ગવાસ નોંધ

ભાવનગર નિવાસી વોરા છોટાલાલ મૂળચંદ સં. ૨૦૨૮ના ફાગણ વદિ ૧૦ શુક્રવાર તા. ૧૭–૩–૭૨ના રોજ સ્વર્ગવાસી થયા છે તેની નોંધ લેતા અમો ઘણાજ દિલગીર થયા છીએ તેઓશ્રી ધર્મપ્રેમી અને સ્વભાવે મિલનસાર હતા. સભા પ્રત્યે ઘણીજ લાગણી ધરાવતા હતા તેઓ આ સભાના આજીવન સભ્ય હતા. તેમનો આત્મા ચિરસ્થાયી શાંતિ પામો એજ અભ્યર્થના.

*

દક્ષિણ દેશોદ્ધારક દક્ષિણ દીપક સુપ્રસિદ્ધ વક્તા પૂજ્ય આચાર્યશ્રી વિજયલક્ષ્મણસૂરીશ્વરજી મહારાજ સાહેબ સં. ૨૦૨૮ના ફાગણ વદિ ૧૦ તા. ૧૦–૩–૭૨ના રોજ પ્રાતઃકાળે આત્મકમલ લબ્ધિસૂરીશ્વરજ્ઞાનમંદિરમાં દાદર ખાતે સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા છે ખાસ કરીને તેમણે દક્ષિણ દેશમાં વિચરી લાખો લોકોને સદાચારમાં સ્થિર કર્યા હતા તેઓશ્રીના સ્વર્ગવાસથી શ્રી જૈન શ્વેતાંમ્બર મૂર્તિપૂજક સંઘને ઘણી મોટી ખોટ પડી છે તેમના આત્માને શાશ્વત શાન્તિ મળે તેવી શાસનદેવ પ્રત્યે પ્રાર્થના છે.


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

### નવા માનવંતા પેટ્રન

# શ્રી બાવચંદ મંગળજી મહેતા

### ( ટૂંકો જીવન પરિચય )



ગીતાનો કર્મયોગ જેના જીવનમાં ચરિતાર્થ થયો છે, તેવા શ્રી. બાવચંદ મંગળજીનો જન્મ અમરેલીમાં તેમના નિવાસસ્થાને સં. ૧૯૫૦માં થયો હતો. તેમના પ્રપિતામહ શ્રી. માવજી હીરજી આજથી સો વર્ષ અગાઉ વડોદરા રાજ્યની સત્તા નીચેના કાઠિયાવાડ વિભાગના સૂબા હતા અને અમરેલી, દામનગર, ધારી, કોડીનાર વગેરે વિભાગની બધી સત્તાનાં સૂત્રો તેમના હસ્તક હતાં. તેમના મૃત્યુ બાદ તે સત્તા તેમના પુત્ર હંસરાજ માવજીના હાથમાં આવી. તે વખતે તેમની જાહોજલાલી એક મોટા સ્ટેટથી પણ વધુ હતી. શ્રી. બાવચંદભાઇ, માવજી-બાપાના પુત્ર માણેકચંદભાઈના પૌત્ર થાય. આજથી લગભગ દોઢસો વરસો પહેલા માતાપિતાનું મૃત્યુ થતાં બાલ્યવયે શ્રી. માવજીબાપા પોતાના વતન મજેવડી પાસેના ગોલાધર ગામેથી પોતાના મોસાળ જેઠા કુરાને ત્યાં અમરેલી આવ્યા અને પછી અમરેલી જ તેમનું વતન બની ગયું.

શ્રી. માવજીબાપા રાજદ્વારી અને મુત્સદ્દી પુરુષ હતા. તેમની પ્રજાએ નાની મોટી નોકરીઓ જ કરેલી. આ સમગ્ર કુટુંબમાં વેપાર-ધંધા તરફ સૌથી પ્રથમ લક્ષ બાવચંદભાઈએ દોરવ્યું. બાવચંદ-ભાઈએ પણ અમરેલીમાં સરકારી ખાતામાં નોકરી કરી, પણ કુટુંબમાં નોકરી કરવાના ચાલી આવતા શિરસ્તાનો ભંગ સૌથી પ્રથમ તેમણે કર્યો. નોકરી એટલે પરાધીનતા. એમને તો એમના પોતાના પગ પર ઊભું રહેવું હતું. એટલે નોકરીથી કયાંથી સંતોષ થાય? પરદેશ જવું, વેપાર ખેડવો અને પુષ્કળ ધન પ્રાપ્ત કરવું એ એમનું જીવન ધ્યેય હતું અને જાતમહેનત તેમજ પુરુષાર્થવડે એ ધ્યેય જીવનમાં તેમણે સિદ્ધ પણ કરી બતાવ્યું છે.

લગ્ન પછી થોડા સમય બાદ ઈ. સ. ૧૯૧૪માં ઓરિસ્સા જેટલે દૂર કટક શહેરમાં તેઓ પોતાનું ભાગ્ય અજમાવવા ગયા. નવા લોકો અને નવો પ્રદેશ. ત્યાં ગયા પછી પણ એક બે માસ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સુધી તો નોકરી જ કરવી પડી કારણ કે પાસે કોઇ મૂડી કે લાગવગ ન હતી. પણ પછી પોતાનું સ્વતંત્ર કામ શરૂ કર્યું. શરૂઆત ચાંદીના દાગીનાથી કરી અને તેમાં તેમને અપૂર્વ સફળતા મળી. એકાદ વર્ષ બાદ અમરેલીમાં માવજીબાપાની હવેલી નામે ઓળખાતું ભવ્ય મકાન આગમાં બળી ભસ્મીભૂત થઈ ગયું. બાવચંદભાઇએ એજ અરસામાં કટકમાં બાવચંદ એન્ડ કંપનીના નામે કામ શરૂ કર્યું અને ઘરનાં સૌને પણ અમરેલીથી કટક બોલાવી લીધાં.

આગળ જતાં બાવચંદ એન્ડ કંપનીમાં તેમના ફઈબાના પુત્ર વળા નિવાસી સ્વ. શ્રી નૌતમલાલ અમૃતલાલ મહેતા પણ ભાગીદાર તરીકે જોડાયા. ટૂંક સમયમાં સોના, ચાંદી અને ઝવેરાતના કામકાજમાં આ પેઢીનું નામ મોખરે આવી ગયું. કટકની વસતીનો મોટો ભાગ ઊડિયા લોકોનો. બંને ભાગીદારોએ કટકની સમગ્ર જનતાનો એવો તો વિશ્વાસ અને પ્રેમ જીતી લીધો કે શહેરમાં એક નાનું બાળક પણ આ પેઢીને ઓળખે. બાવચંદબાબુ કે નૌતમબાબુ વેપાર ધંધાને અંગે જે કાંઇ સલાહ આપે તેને લોકો બ્રહ્માની સલાહ રૂપ માની લે. ધનની સાથોસાથ ધંધાની પણ અજબ આંટ જમાવી.

બાવચંદ એન્ડ કંપનીમાં તેમના સંખ્યાબંધ કુટુંબીજનો ઉપરાંત અનેક જૈન ભાઇઓ અનુભવ મેળવવા નોકરી કરી ગયા છે અને પછી સ્વતંત્ર ધંધો કરી સુખી થયા છે, કટકમાં પ્રથમ જૈન તરીકે સ્થાયી થવાનું માન બાવચંદભાઇને ફાળે જાય છે. તેમની સુવાસ અને મૈત્રીભર્યા વર્તાવના કારણે આજે તો જૈનોનાં ૭૦ ઘરો થઈ જવા પામ્યાં છે. કટકમાં જૈન દેરાસર અને ઉપાશ્રય છે તેમજ સાધુ-સાધ્વીઓ ત્યાં ચોમાસું પણ કરે છે.

કટકના નૂતન જૈનમંદિર, ઉપાશ્રય, જૈનભવન તેમજ ગુજરાતી સ્કુલની સ્થાપનામાં બાવચંદભાઈનો ઉદાર ફાળો છે અને આ બધી સંસ્થાઓની કાર્યવાહીમાં પોતાની યથાશક્તિ સેવા પણ આપે છે. બાવચંદભાઈના સ્વ. પિતાશ્રી શ્રી મંગળજી માણેકચંદ પાકટ ઉંમરે કાળધર્મ પામ્યા. તેઓ અત્યંત આનંદી પ્રકૃતિ અને નિર્મળ હૃદય ધરાવતા. પિતાની પ્રકૃતિનો આ વારસો બાવચંદભાઈને પણ પ્રાપ્ત થયો છે. બાવચંદભાઇના માતુશ્રી સ્વ. અંબાબેન તે કુંડલા નિવાસી શેઠ પિતાંબર પ્રાગજીના પુત્રી. થોડા વરસો અગાઉ તેઓ વયોવૃદ્ધ ઉંમરે સ્વર્ગવાસ પામ્યાં ત્યારે તેની પાછળ બાવચંદભાઈએ અઠ્ઠાઈ ઓચ્છવ તેમજ અન્ય ધર્માનુષ્ઠાનો અત્યંત ભક્તિભાવપૂર્વક કર્યા હતા. શ્રી બાવચંદભાઈના લગ્ન અઢાર વર્ષની ઉંમરે સં. ૧૯૬૮માં કુંડલા નિવાસી દોશી પ્રેમચંદ માણેકચંદના પુત્રી અજવાળીબેન સાથે થયા અને સાઠ વરસના દીર્ઘકાલિન સુખી દાંપત્ય જીવનના પરિણામે તેમને ત્યાં બે પુત્રો શ્રી વિનુભાઇ અને રજનીકાંત અને છ પુત્રીઓ તેમજ પૌત્રો અને દોહિત્રોનો વિસ્તૃત પરિવાર છે. છેલ્લાં કેટલાય વરસોથી તેઓ ધંધામાંથી નિવૃત્ત થઇ ગયા છે અને તેમના પુત્રો અને પૌત્રો ધંધાનો બધો વહીવટ સંભાળે છે.

આવા ઉદાર ચરિત અને ધર્મપ્રેમી સેવાભાવી સૌજન્યશીલ શ્રી બાવચંદભાઇને પેટ્રન તરીકે મેળવવા બદલ આ સભા આનંદ અને ગૌરવ અનુભવે છે.

卐

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ખાસ વિનંતિ

પરમ પૂજ્ય આગમપ્રભાકર શ્રુતશીલવારિધિ મુનિરાજશ્રી પુણ્યવિજયજી મહારાજ સ્વર્ગવાસી થતાં તેમની પુણ્ય સ્મૃતિમાં તેમની પ્રથમ સંવત્સરીએ એક સ્મૃતિગ્રંથ પ્રસિદ્ધ કરવાનો આ સભાએ ઠરાવ કર્યો છે. તો તેમના પરિચયમાં આવેલા મુનિરાજો અને લેખકોને તેમનાં સંસ્મરણો અથવા લેખો જેમ બને તેમ જલદીથી લખી મોકલવા અમારી આગ્રહભરી વિનંતિ છે. જેઓ પાસે તેમનાં પત્રો, ફોટાઓ વગેરે પ્રસિદ્ધ કરવા યોગ્ય સામગ્રી હોય તે પણ અમને તાત્કાલિક મોકલી આપવા અમારી ખાસ વિનંતિ છે. આ સામગ્રી કામ પૂરું થયે સહીસલામત રીતે મોકલનારને પાછી પહોંચાડી દેવાની આ સભા ખાત્રી આપે છે.

પ્રમુખ :—શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી આત્માનંદ પ્રકાશ

વર્ષ ૬૯ ] વિ. સં. ૨૦૨૮ ફાગણ-ચૈત્ર ∴ ઇ. સ. ૧૯૭૨ માર્ચ-એપ્રિલ [ અંક ૫-૬

# જિન વાણી

**चत्तारि परमंगाणि दुल्लहाणीह जंतुणो ।**
**माणुसत्तं सुई सद्धा संजमम्मि य वीरियं ॥ १ ॥**

પ્રાણીઓને આ ચાર અંગો મળવા દુર્લભ છે-(૧) મનુષ્યત્વ (મનુષ્યનો અવતાર) (૨) શ્રુતિ (શાસ્ત્રશ્રવણ) (૩) શ્રદ્ધા (શાસ્ત્રવચનમાં વિશ્વાસ) અને (૪) સંયમમાં (સંયમની પ્રવૃત્તિમાં) પુરુષાર્થ.

**कम्मसंगेहि संमूढा दुक्खिया बहुवेयणा ।**
**अमाणुसासु जोणीसु विणिहम्मन्ति पाणिणो ॥ २ ॥**

કર્મોના સંગથી મૂઢ થયેલા, દુઃખી અને ઘણી વેદનાઓને ભોગવતા પ્રાણીઓ મનુષ્યેતર વિવિધ યોનિઓમાં (જન્મ પામી) હણાય છે.

**कम्माणं तु पहाणाए आणुपुव्वी कयाइ उ ।**
**जीवा सोहिमणुप्पत्ता आययन्ति मणुस्सयं ॥ ३ ॥**

એક પછી એક યોનિમાં ભટકતાં જ્યારે પાપકર્મો નાશ પામે છે, ત્યારે વિશુદ્ધ થયેલા જીવો મનુષ્યપણાને પામે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

**माणुस्सं विग्गहं लध्धुं सुई धम्मस्स दुल्लहा ।**
**जं सोच्चा पडिवज्जन्ति तवं खन्तिमहिंसयं ॥ ४ ॥**

મનુષ્યનો અવતાર મળે તો પણ તે ધર્મનું શ્રવણ દુર્લભ છે કે જે સાંભળવાથી તપ, ક્ષમા અને અહિંસાની પ્રાપ્તિ (ભાવનાઓની ચિત્તમાં જાગ્રતિ) થાય.

**आहच्च सवणं लध्धुं सद्धा परमदुल्लहा ।**
**सोच्चा नेयाउयं मग्गं बहवे परीभस्सई ॥ ५ ॥**

કદાચ તેવું શ્રવણ થાય તો પણ તેમાં શ્રદ્ધા બેસવી ઘણી દુર્લભ છે. કારણ કે એવા ન્યાયમાર્ગને સાંભળવા છતાં ઘણા જીવો પતિત થાય છે.

**सुईं च लध्धुं सद्धं च वीरियं पुण दुल्लहं ।**
**बहवे रोयमाणा वि नो य णं पडिवज्जए ॥ ६ ॥**

(ધર્મનું) શ્રવણ સાંપડે અને તેમાં શ્રદ્ધા બેસે છતાં ય (તે પ્રમાણે વર્તન કરવાનો) પુરુષાર્થ તો દુર્લભ જ છે. (ધર્મ માર્ગ તરફ) રુચિ ધરાવનારા ઘણા લોકો તે પ્રમાણે વર્તી શકતા નથી.

**माणुसतम्मि आयाओ जो धम्मं सोच्च सद्दहे ।**
**तवस्सी वीरियं लध्धुं संवुडे निध्धुणे रयं ॥ ७ ॥**

મનુષ્યત્વ પામેલો તેને જ સમજયો કે જે ધર્મ વચનોને સાંભળે, તેમાં શ્રદ્ધા રાખે અને પછી તપસ્વી બની, સંવરવાળો થઈ, પુરુષાર્થ કરી પાપમળને ખંખેરી નાખે.

**विगिंच कम्मुणा हेउं जसं संचिणु खन्तिए ।**
**सरीरं पाढवं हिच्चा उड्ढं पक्कमई दिसं ॥ ८ ॥**

પાપકર્મોના હેતુને છેદી નાંખે, ક્ષમા વગેરે કેળવીને અતિશય યશ પામે; આ રીતે કરનારો માણસ આ પાર્થિવ શરીરને છોડીને ઊંચી દિશા પ્રયાણ કરે છે.

**चउरंगं दुल्लहं मत्ता संजमं पडिवज्जिया ।**
**तवसा धुयकम्मंसे सिध्धे हवइ सासए ॥ ९ ॥**

આ ચારે અંગોને દુર્લભ માનીને અને સંયમ આચરીને તપદ્વારા કર્મોને ખંખેરી નાંખનારો મનુષ્ય શાશ્વત સિદ્ધ થાય છે.

*



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ભગવાન મહાવીર સ્વામીનો જગતને સંદેશ

લે. પં. શ્રી પુર્ણાનન્દવિજયજી મ.

બરાબર ૨૪૯૮ વર્ષ પહેલા ભગવાન મહાવીર સ્વામીનો મોક્ષ પાવાપુરીમાં થયો હતો. તેમના જન્મ સમયે ભારતદેશમાં અજ્ઞાનતા, અસહિષ્ણુતા, અને અકર્મણ્યતા જેવા ધર્મઘાતક પાપોના કારણે પંડિતોમાં, મહાજનોમાં, અને જાતિઓમાં પરસ્પર વૈરઝેરની બોલબાલા ચરમસીમાએ પહોંચી ગઇ હતી. ક્ષત્રિયો અને બ્રાહ્મણોની વચમાં ધર્મના સિદ્ધાન્તોના કારણે, યજ્ઞોમાં પશુઓ હોમવા કે નહિ ? એ વેદની વાતને આગળ કરીને લડાઇઓ થતી હતી, ક્ષત્રિયોનો મોટો વર્ગ પાર્શ્વનાથ ભગવાનનો અનુયાયી હોવાના કારણે તેમનાં હૃદયમાં જૈનધર્મની અમીટ છાપ હતી, જ્યારે બ્રાહ્મણોને યજ્ઞમાં ચાર પગવાલા તથા બે પગવાલા જીવોનો વધ કરવા રૂપ હિંસા ધર્મ પ્યારો હતો. સમયે સમયે બત્રીસ લક્ષણવાળા નવજુવાન માણસને પણ દેવીની આગળ બલી ચઢાવી દેવામાં આવતો હતો. અમરકુમારની કથા જ સાક્ષી છે. તેવા સંક્રાન્તિકાળમાં દયાના સાગર ભગવાન મહાવીર સ્વામીનો જન્મ ૨૪૨૯ વર્ષ પહેલાં થયો હતો.

અપાયાપગમાતિશય જેવાં અદ્વિતીય ગુણોની પ્રાયઃ કરીને પૂર્ણતાને પામેલા વર્ધમાનકુમાર બાલ્ય વયથી જ સૌના લાડકા હતા. મોરને જોઈને અથવા તેના કેકારવને સાંભળતાં જ સાપ જેમ શાન્ત થઈ જાય છે તેમ બ્રાહ્મણો અને ક્ષત્રિયોની વચ્ચમાં જે ગજગ્રાહ હતો તે શાંત પડવા લાગ્યો, પંડિતોનો ગર્વ પોતાની મેળે ગળવા લાગ્યો, ધર્માન્ધોને પણ પોતાના માનેલા ધર્મના ક્રિયાકાંડોમાં શંકાઓ થવા લાગી, ભોગીઓને પોતાના ભોગવિલાસોમાં કુદરતી શાપનો આભાસ થવા લાગ્યો અને અત્યન્ત ઉદ્ધત રાજા, મહારાજાઓને પણ પોતાની રાજસત્તા ઉપરથી મોહ ઉતરવા લાગ્યો હતો.

બેઠા બળવાની જેમ ભગવાન મહાવીર સ્વામીના ચારે અતિશયો જાણે દેશ અને પરદેશના ખૂણે ખૂણે ઉદ્ઘોષણા કરી રહ્યા હતા કે "હે જીવો ! તમે સાવધાન થઈ જાઓ. પાપ એ પાપ જ છે. રાગદ્વેષ, ઇર્ષ્યા, અદેખાઇવાળું જીવન પણ ભયંકર પાપમય છે, જેના લીધે સુખ સંપતિમાં ઉચ્છરેલો માનવ રાગદ્વેષ જન્મ ભૂલોના કારણે દુઃખી બને છે અને કુગતિનો મુસાફર બને છે. રૂપાળા છોકરાછોકરીઓને ભરબજારમાં મૂળા અને ગાજરની માફક વેચવા અને તેમને ગુલામ બનાવવા એ પાપને તમે બંધ કરો. પરસ્ત્રીગમન, શરાબપાન, જેવાં પાપો દેશ, સમાજ અને વ્યક્તિને માટે કંલક રૂપે છે. તે તમે જાણો અને પરિહરો."

આ પ્રમાણે બીજના ચન્દ્રની જેમ વધતાં વર્દ્ધમાન કુમાર ૩૦વર્ષની ભર યુવાન અવસ્થામાં આવ્યા અને સંયમના માર્ગે તેમણે પ્રસ્થાન કર્યું.

તેમણે પૂર્ણ અહિંસક અવસ્થા મેળવવા માટે ઘોરાતિઘોર પરિષહો અને ઉપસર્ગો સહન કર્યા. સંયમની પૂર્ણ દશા પ્રાપ્ત કરવા માટે પરિગ્રહનો સર્વથા ત્યાગ કર્યો અને ખંભા ઉપરથી દેવદૂષ્ય વસ્ત્ર પણ જ્યારથી પડી ગયું, ત્યારથી શરીર ઢાંકવા માટે સુતરના એક તાંતણાનો પણ સ્વીકાર કર્યો નહીં.

તેમણે તપશ્ચર્યા રૂપી અગ્નિમાં ભવોભવનાં કરેલાં કર્મરૂપી લાકડાં બાળીને ખાખ કરવા માટે નિર્દંભ પારણાની ચિંતા વગરની તપશ્ચર્યા આદરી. આ પ્રમાણે દીક્ષા લીધા પછી લગભગ બારવર્ષે ભગવાન કેવળ જ્ઞાનના માલિક બન્યા.

કેવળ જ્ઞાન એટલે આત્માની સંપૂર્ણ સ્વતંત્રતા.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જગતના પરમાત્મા, અહિંસા અને દયાના પૂર્ણ અવતારીને પુણ્ય કર્મના ભોગવટાને ભોગવવામાં પૂર્ણ મસ્ત બનેલા કરોડો દેવતાઓ, તેમના ઈન્દ્રો, તથા રાજા, મહારાજાઓ પણ કેવળ જ્ઞાનીને પૂજ-નારા છે. અને તેમના ચરણ કમળોમાં બેસનારા છે. રાજ્યોની ખટપટને તથા માયાવી અને હિંસક જીવનને છોડીને તે રાજા, મહારાજાઓ પણ સંયમ માર્ગના મુસાફર બન્યા છે. રાજરાણીઓએ અને નગરશેઠાણીઓએ પણ સંસારના ભોગોની અસારતા સમજીને ત્યાગમાર્ગ પસન્દ કર્યો છે. દીન, દુ:ખી અને અનાથો તથા હરિકેશી જેવા ચંડાલો તથા મેતારજ જેવા હરિજનો અને અર્જુનમાળી, દઢ પ્રહારી જેવા ભયંકર નરહત્યારાઓ પણ મહાવીર સ્વામીના ચરણોમાં બેસી ગયા અને મોક્ષના અનંત સુખના માલિક બન્યા છે.

જગતના એક સ્વામી ભગવાન મહાવીર સ્વામી જ્યારે પણ દેશના દેવા ઇચ્છે છે ત્યારે દેવતાઓ સમવસરણની રચના કરે છે જે અદ્વિતીય વિશાળ અને ભવ્ય હોય છે. તેમાં વિરાજમાન થઇને દયાના સાગર ભગવાન મહાવીર સ્વામી જેમનાં હૃદયમાં કોઈ જાતિવિશેષ નથી પણ માનવમાત્ર છે. સુરૂપ શ્રીમંતો જ નથી પણ દીન, દુ:ખી, અનાથ, કામી, ક્રોધી પણ છે. જીવમાત્રના કલ્યાણને કરનારી દેશના આપે છે. અને સંસારના રાગદ્વેષ, કામ, ક્રોધ રૂપી ભઠ્ઠીમાં ખૂબ સેકાઇ ગયેલી જનતા પણ ચાતક પંખીની માફક દેશના સાંભલે છે. અને પોતપોતાનું કલ્યાણ સાધે છે. જયવંત હો ભગવાન મહાવીર અને તેમનું શાસન.

**स्याद्वादो वर्तते यत्र पक्षपातो न विद्यते**
**नास्त्यन्यपीडनं किञ्चित् जैनधर्मः स उच्यते**

જૈન શાસનની આરાધના માટેના આ ત્રણ મૂળ પાયા છે.

૧ જ્યાં સ્યાદ્વાદ અને નયવાદપૂર્વક જ બોલાતું હોય, લખાતું હોય, અને વિચારાતું હોય.

૨ પક્ષપાત વગરનું જીવન હોય, અને

૩ આપણાથી વ્યતિરિક્ત બીજા કોઇપણ જીવને માનસિક પીડા ન થાય તેવું જીવન જીવાતું હોય.

બાર પર્ષદાને સંબોધન કરતાં ભગવાને કહ્યું કે તમારા આત્મિક જીવનના આ ત્રણ પાયા જો મજબૂત હશે તો ચોક્કસ સમજી લેજો કે તમારૂં કલ્યાણ નિશ્ચિત છે.

હવે જરા વિસ્તારથી ત્રણેનો વિચાર કરીએ

**૧. સ્યાદ્વાદ :**

આ શબ્દમાં 'સ્યાત્'નો અર્થ સંશય નથી પણ 'અપેક્ષા' છે કોઈ પણ વાદવિવાદવાળી વાતને અપેક્ષાએ જોવી જેથી પક્ષપાત અને અન્યપીડન નામનાં બે પાપોથી આપણે આપણું જીવન દૂર રાખી શકીએ.

મનુષ્યનો અવતાર પામીને આપણે જો બોલવાની કળા કેળવી શકયા ન હોઇએ, તો જૈનધર્મ પામ્યા પછી પણ આપણું આન્તર જીવન હિંસક જ રહેશે. હિંસકવૃત્તિ અને કૃષ્ણલેશ્યાને જેમ ગાઢ સંબંધ છે તેમ બંનેના સદ્ભાવમાં અનંતાનુબંધી કષાયોનું પણ સાહચર્ય અનિવાર્ય છે.

આવી પરિસ્થિતિમાં 'સમ્યગ્ દર્શન'ને પલાયન થતાં વાર લાગવાની નથી.

યથાર્થ સ્વરૂપને ન સમજવાને કારણે પંડિતો નિર્ણય પર આવી શકયા ન હતા. માટે જ જીવ છે? કેવો છે? સંસાર શું છે? આવા પ્રશ્નોએ તેમનાં દિલ અને દિમાગને હિંસક વૃત્તિવાલા બનાવી દીધાં હતાં.

અને પછી તો "**स्वयं नष्टः परान् नाशयति**" આ ઉકિતને સત્યાર્થ કરતા તે પંડિતોના પાપે ભારત વર્ષમાં હિંસાદેવીનું તાંડવ નૃત્ય અત્યન્ત સ્પષ્ટ બન્યું હતું, તે જ કારણે રોજના હજારો બકરાઓ, ઘેટાઓ પાડાઓ ઉપરાન્ત બત્રીસ લક્ષણા પુરુષો પણ બલિદાનની વેદિકા પર ચઢી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ગયા હતાં. બેન બેટીઓને ત્રાસ હતો, માનવમાત્ર કિંકર્ત્તવ્યમૂઢ હતો, પંડિતો, લેખકો અને વક્તાઓને રાગદ્વેષના કાળા ચશ્મા લાગ્યા હતા, સમાજના આગેવાનો શરાબપાન, પરસ્ત્રીગમન જેવા ભોગવિલાસોમાં પૂર્ણ મસ્ત બન્યા હતા.

આવી સ્થિતિમાં દયાસાગર ભગવાને કહ્યું કે "હે જીવો! તમે જે દૃષ્ટિથી જીવના સ્વરૂપને અને સંસારને જુઓ છો તે દૃષ્ટિને જરાક બદલી નાખો." તે આ પ્રમાણે:—

જીવ જેમ અનાદિનિધન સત્યસ્વરૂપે છે તેમ સંસાર પણ અનાદિનિધન સત્યસ્વરૂપે છે. અને દ્રવ્ય તથા પર્યાયના મિશ્રણથી તેનો વ્યવહાર અબાધિત છે. કોઈકાળે પણ પર્યાય વગરનો જીવ નથી તેમજ દ્રવ્ય વિનાનો સંસાર નથી. બંને વસ્તુઓ પ્રત્યક્ષ, આગમ અને અનુમાન સિદ્ધ છે.

તમે તમારી બંને આંખો ખૂલી રાખીને ચાલો તો વાંધો નથી. પણ એક આંખ બંધ રાખીને ચાલવાની હિંમત કરશો નહી.

એજ પ્રમાતે પર્યાય રૂપી આંખને સર્વથા બંધ, કરીને તમે જો દ્રવ્યરૂપે જ જીવને જાણવા માંગશો તો તત્ત્વજ્ઞાનની પૂર્ણતાને પામી શકશો નહિ, અને દ્રવ્યનો તિરસ્કાર કરીને પર્યાયદ્રષ્ટિને મુખ્ય બનાવશો તો સત્ય સ્વરૂપ સંસાર પણ તમને એકાન્તે ક્ષણિક અને મિથ્યા જેવો લાગશે, પરન્તુ આ બંને દ્રષ્ટિઓ તમારી ઠીક નથી.

સ્વદ્વાદનો સીધો અને સંક્ષિપ્ત અર્થ આ છે. દ્રવ્યની દ્રષ્ટિએ જીવ નિત્ય છે પણ પર્યાય વગરનો આત્મ કોઈ કાળે હતો નહિ, છે નહિ, અને રહેશે પણ નહિ, આ અપેક્ષાએ જીવ અનિત્ય પણ છે. ક્ષણિક પણ છે.

એજ પ્રમાણે સંસારની વાદવિદાદની વાતો પણ અપેક્ષાએ વિચારવી હિતાવહ છે. કોઈપણ વાત યા પ્રસંગ સાથે તમે 'પણ' શબ્દ લગાડીને બોલ જો પરન્તુ 'જ' લગાડીને બોલશો નહિ, જેમકે આપણી માન્યના, આપણી સંસ્થા પણ સાચી છે અને બીજાઓની માન્યતા તથા સંસ્થા પણ સાચી છે. મારા ગુરુ પણ મહાવ્રતધારી હોવાના કારણે સાચા છે. કારણકે મહાવ્રતની પાલના બંનેમાં સમાન છે. તીર્થોની રક્ષા કરવાની અપેક્ષાએ આણંદજી કલ્યાણજીની પેઢી પણ સાચી છે અને સમાજના કલેવરને સુધારવા માટે કટિબધ્ધ થયેલી કોન્ફરેન્સ નામની સંસ્થા પણ સાચી છે. કારણકે સમાજને તીર્થોની પણ જરૂર છે અને પોતાના સામાજિક જીવનને સદ્ધર બનાવવાની પણ અત્યન્ત આવશ્યકતા છે.

આ પ્રમાણે સ્યાદ્વાદ આપણા જીવનના અણુઅણુમાં જો પ્રવેશ કરી જાય તો જોઈ લો ચમત્કાર કે આપણો વૈર વિરોધ અને સંઘર્ષ કેવો શાન્ત થઈ જાય છે.

પરન્તુ એ 'પણ' શબ્દના સ્થાને તમે જો કદાગ્રહી બનીને 'જ' શબ્દનો પ્રયોગ કરવા ગયા તો સમાજને વૈર તથા વિરોધનો માર્ગ મલશે, ગુરુઓના નામે સંઘર્ષની હોળી સળગશે અને આપણો ધર્મ જ આપણા માટે વિષાનુષ્ઠાન જેવો બનશે.

## ૨ પક્ષપાત :

બીજાઓના મન્તવ્યો સાથે સહમત થયા વિના પોતાના જ મન્તવ્યો પર મહાવીરસ્વામીના સિદ્ધાન્તની છાપ લગાડવી. એ પક્ષપાત કહેવાય છે, અને એ જ કારણે આપણે બીજાઓને સાંભલવા માંગતા નથી, બીજાઓ સાથે બેસી શકતા નથી. અરે! એ પક્ષપાતના પાપે જ જૈનધર્મને માનનારા મહાવીરસ્વામીને પૂજનારા આપણા સ્વામીભાઈ જેવા દિગંબર અને સ્થાનકવાસી ભાઈઓ સાથે, અને તપાગચ્છને માનનારા પરન્તુ આપણી નક્કી કરેલી ગુરુ પરંપરાના જે નથી તેમની સાથે પણ આપણે બેસી શકતા નથી.

(અનુસંધાન પાના ૭૫ ઉપર)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મા કરશો અભિમાન! (વીર-ચરણે એક પ્રસંગ પુષ્પ)

લે. ડો. ભાઇલાલ. એમ. બાવીશી. M. B. B S પાલીતાણા.

...હું .... હું .... હું વાસુદેવ....ચક્રવર્તી.... તીર્થંકર થવાનો....થઇશ....આ....હા....હા....હા" ભાવિ પ્રભુ મહાવીરનો જીવ, ત્રિદંડિક સાધુ વેષે-મરીચિકુમાર, પોતાના સંસારી પિતા ભરત ચક્રવર્તીના મુખે, પ્રભુ ઋષભદેવજીએ ભાખેલ ભવિષ્ય વાણી સૂણી, આનંદમાં....ઉલ્લાસમાં....અભિમાનમાં આવી ગયો.

પ્રભુ ઋષભદેવજીના દર્શન-વંદન અર્થે ગયેલ ભરત ચક્રવર્તીએ પર્ષદામાં ભગવાનની ભવ્ય વાણી સૂણતાં પ્રશ્ન કર્યો-"પ્રભો, આપ વિચરો છો ત્યાં સુધી આપના ઉપદેશનો અને એ દ્વારા કર્મો ખપાવવાનો અમોને અનેરો લાભ મળે છે! પણ.... ભાવિના ગર્ભમાં શું હશે? કોણ જાણે ભવિષ્યમાં શી સ્થિતિ સર્જાશે?...." પ્રભુએ શંકાના સમાધાન અર્થે અને ભાવિ પ્રજાના હિતાર્થે કહ્યું-"રાજન્, એવું નથી. ભવિષ્યમાં પણ તીર્થંકરો ધર્મ-તીર્થ પ્રવર્તાવશે અને મુમુક્ષુ જીવોને તારશે...." "વાહ, પ્રભો! ધન્ય! તો આ પર્ષદામાં એવો કોઇ ભાગ્યશાળી જીવ હશે જે ભવિષ્યમાં તીર્થંકર પદને પામશે?" ભરત ચક્રવર્તીએ જિજ્ઞાસાથી પૂછ્યું. "હા, રાજન્, સંયમથી થોડો ચ્યુત થયેલ છતાં શ્રધ્ધામાં સ્થિર એવો ત્હારોજ પુત્ર ત્રિદંડિક મરીચિ આ ચોવિશીના ચોવીશમા તીર્થંકર પ્રભુ મહાવીર તરીકે તીર્થ પ્રવર્તાવશે...."પ્રભુએ ભવિષ્યવાણી ભાખી. "ધન્ય, પ્રભો, કૃપા...." કહેતો વંદન કરી, ભરત ચક્રવર્તી હર્ષભર્યા, ભાવિ તીર્થંકર પણ પોતાના જ પુત્ર ત્રિદંડિક મરીચિકુમારને ભાવિ તીર્થ પ્રવર્તક તરીકે વંદન કરવા ગયા. ત્રણ પ્રદક્ષિણાપૂર્વક વંદન કરી કહ્યું "મહાનુભાવ, આપ ભાવિ વાસુદેવ, ચક્રવર્તીને તીર્થંકર થશો એવી પ્રભુની ભવિષ્ય વાણી છે! ધન્ય! ભાગ્યશાળી, વંદન કરૂં છું આપને, ભાવિ તીર્થંકર પ્રભુ મહાવીરના તીર્થપ્રવર્તક આત્માને!" અને આ શબ્દો કાને પડતાંજ મરીચિકુમારના આનંદનો પાર ન રહ્યો, ખૂબજ ખુશ-ખુશાલ થઇ ગયો ને કહી રહ્યો "હું....હું....હું વાસુદેવ, ચક્રવર્તી....તીર્થંકર મહાવીર થઇશ! વાહ, કેવું ઉત્તમ કુળ મ્હારૂં!" કહેતો મનમાં અતિ ઉલ્લાસિત, પ્રફુલ્લિત બન્યો, અને હર્ષ-આનંદ ને ગર્વના શબ્દો ઉચ્ચારતો, અને છત્ર-પાવડીથી શોભતો નાચી ઊઠયો, તથા મન ને વચનથી મરીચિકુમાર પોતાના ગર્વ ને ગૌરવ વ્યક્ત કરી રહ્યો-"ધન્ય, મ્હારૂં ઉત્તમ કુળ કે જેમાં મ્હારા દાદા પ્રભુ ઋષભદેવ પ્રથમ તીર્થંકર થયા, મ્હારા પિતાશ્રી ભરતકુમાર ચક્રવર્તી બન્યા અને હું....હું....પણ ભવિષ્યમાં તીર્થંકર થઇશ....ચરમ તીર્થંકર મહાવીર....વાહ, કેટલું શ્રેષ્ઠ ને બડભાગી મ્હારૂં કુટુંબ!" કહેતો મરીચિ આનંદ ને અભિમાનમાં રચ્યો-પચ્યો, નાચતો કુદતો, હર્ષને ઉલ્લાસમાં ગરકાવ બની ગયો. પરન્તુ એને ભાન નહોતું કે આટલો કુળનો મદ, આવું કુળનું અભિમાન કરવાથી એ નીચ ગોત્રના કર્મનું બંધન કરી રહ્યો છે! ને મદનાં માઠાં ફળ ભવિષ્યમાં ચાખવાં પડશે!

અભિમાન આવતાં જીવાત્મા પોતાની સમ્યગ્ દ્રષ્ટિ ગુમાવે છે. આચારમાં શિથિલ બને છે અને સાથોસાથ આત્મશ્લાઘામાં રાચતો ને પરનિંદા સેવતો એ બીજાનું વર્ચસ્વ-યોગ્ય અધિકાર સહન કરી કરી શકતો નથી-સ્વીકારતો નથી, અને એટલે પરને પરાજિત કરવા અને પોતાનું વર્ચસ્વ સ્થાપવા, કંઇક કાળાં-ધોળાં કરે છે જે આજના યુગમાં આપણે જ્યાં ને ત્યાં દરેક ક્ષેત્રે જોઇ રહ્યા છીએ. એટલે જ સંતો-મહંતો-મહાપુરૂષો ને ગુરુવરોએ સત્સંગીઓને ભાગ્યશાળી ભક્તોને અભિમાન કરતાં



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ચેતવ્યા છે જેથી તેઓ પોતાનું અને પરનું અહિત અકલ્યાણ કરતાં અટકે અને સન્માર્ગે વળે. મદ–ગર્વ કે અભિમાન એતો ભારેલા અગ્નિ સમાન છે. એમાં છૂપાયેલા ક્રોધ, માન, નિંદા, ને હિંસક વૃત્તિ જીવાત્માને બાળી રહે છે. અને માનવીને ભમાવે –ભરમાવે છે અને અનેક કુકૃત્યો કરાવે છે. પોતાને સહન કરવું પડે છે અને પરનું પણ અહિત કરે છે માનસિક વ્યથા તો રહે છે પણ શારીરિક સ્વાસ્થ્ય પણ કથળે છે. કુટુંબની પ્રતિષ્ઠાને હાનિ થાય છે અને સામાજિક વ્યવસ્થા પણ કથળે છે. એટલે જ અભિમાનથી દુર રહી, નમતા, સરળતા ને સહન-શીલતા આચરવા આપણા શાસ્ત્રો ને સંતો ફરમાવી રહ્યા છે.

ઉપરોક્ત દ્રષ્ટાન્તમાં પણ ત્રિદંડિક મરીચિએ પોતાના કુળનો વધારે પડતો મદ કરવાથી અને અતિ અભિમાન સેવવાથી નીચ ગોત્રનું કર્મ બાંધ્યું. જેને પરિણામે ભિક્ષાવૃત્તિવાળા યાચક વર્ગ બ્રાહ્મણ કુળમાં જન્મ લેવો પડયો....અરે, છેવટ તીર્થંકર થવાના છેલ્લા ભવમાં પણ અગાઉના કુળના મદને જ કારણે પ્રથમ નીચ ગોત્ર બ્રાહ્મણકુળમાં અવતરવું પડયું પરન્તુ તીર્થંકરનો પુણ્યાત્મા હોઈ, પછીથી દેવોએ ગર્ભ–પરિવર્તન કરતાં ક્ષત્રિયાણી માતા ત્રિશલાની કુક્ષિએ પુત્રત્વ પામ્યા અને સિદ્ધાર્થના કુળને અજવાળ્યું.

આવા છે પરિણામો અભિમાનના, મદના કે ગર્વના ! માટેજ વિચારીએ અને ઉચ્ચારીએ–

"મા કરશો અભિમાન !"

卐

---

(અનુસંધાન પાના ૭૩ નું ચાલુ)

બીજાઓને મિથ્યાત્વી, નાસ્તિક અને સુધારક કહીને તેમની અવહેલના પણ આ પક્ષપાતના પાપે જ થાય છે. જે આપણા પોતાના જ અભ્યન્તર જીવનને મહામિથ્યાત્વી તરીકે જાહેર કરે છે.

પંખીની પાંખનો પણ જો પાત (નાશ) થાય તો તે પંખીને પણ મરવાના દિવસો જોવા પડે છે તે પ્રમાણે માનવજાતના અને ખાસ કરીને પંડિત, લેખક અને વક્તાઓના પક્ષપાતના કારણે જ આપણે એકેય કાર્યમાં સહમત નથી થતા

જૈન ધર્મને માનનારો અને પક્ષપાતી !

પંચ મહાવ્રતધારી ગુરુઓને માનીને પણ એક આચાર્યનો તિરસ્કાર કરવો અને બીજાના દ્રષ્ટિરાગી બનવુ એતો પાણીના માટલામાંથી આગ ઉત્પન્ન કરવા જેવું છે.

૩. અન્યપીડા

બોલવાથી, ચાલવાથી, લખવાથી કે ખાવાથી પણ બીજા જીવને પીડા ન થાય એજ જૈન સંસ્કૃતિ છે.

કારણ કે અન્યપીડા હિંસક જીવનનું ફળ છે. માટે દ્રવ્યહિંસા અને ધર્મના ઝનુન રૂપી ભાવહિંસાનો સર્વથા અથવા અંશથી ત્યાગ કરવો શ્રેયસ્કર માર્ગ છે.

આ પ્રમાણે ભગવાન મહાવીર સ્વામીએ જગતના જીવોના કલ્યાણ માટે અમૃતમય સંદેશ આપ્યો છે. જે જૈનાગમોમાં સુરક્ષિત છે. એ દયાલુ દેવના જન્મ-કલ્યાણ પ્રસંગે આપણી શકિત અને પરિસ્થિતિ પ્રમાણે સાચા અર્થમાં જૈન ધર્મનો સાક્ષાત્કાર કરીએ એજ સાચી ઉજવણી છે એજ સાચો કલ્યાણક મહોત્સવ છે.

આપણું જૈન શાસન અબાધ રહો !
એજ કલ્યાણ કામના



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રભુ મહાવીરનો આદર્શ –માનવ પ્રેમ

લે. ભાનુમતીબેન દલાલ

માનવ જીવનમાં આદર્શ માનવ પ્રેમ ટકી રહેવો ઘણો કઠીન હોય છે. કારણકે ત્યાં આગળ મનુષ્યના હૃદયના ભાવોની મર્યાદા હોય છે. તે કદાચ ગમે તેટલો માનવ પ્રેમ ટકાવી રાખવા માંગતો હોય છતાં આદર્શ માનવ પ્રેમ એ જીવનમાં દુર્લભ વસ્તુ છે. અને જીવનના સંજોગો, મોહમાયાભર્યું તથા સ્વાર્થી વાતાવરણ કદિક એ દુર્લભ તત્ત્વને તદ્દન અશક્ય અર્થાત અસાધ્ય પણ બનાવી મૂકે છે. માનવ માનવ વચ્ચે એક પક્ષીય પ્રેમ ટકી શકતો નથી. જેમકે કોઇપણ એક વ્યકિત પોતાના મિત્ર માટે કાંઇ ન કરી શકે તો પણ સામે મિત્રમાં એટલી ઉદારતા અને મિત્ર પ્રત્યેનો વિશુદ્ધ પ્રેમ હોય તો તે જરૂર મનમાં વિચારશે કે, 'ભલે, તે મારા માટે ન કરી શકયો, કદાચ તેને કરવાની ભાવના પણ હશે, છતાં સંજોગોએ તેને તેમ ન પણ કરવા દીધું હોય, તો મારી ફરજ છે કે મારા મિત્રના પડખે ઊભા રહી તેને મદદરૂપ થવું. આવી ભાવના તેના મનમાં હોય, તેનામાં ઉદારતા, સરળતા પણ હોય. જ્યારે આજુ-બાજુનાં વાતાવરણ ઘણીવાર કુટુમ્બીજનો તેને તે રીતે ઉદાર રહેવાની ભાવનાને પ્રોત્સાહન કે પ્રેરણા નથી આપતા બલ્કે તેને વેવલો ગણે છે. આવાજ કોઈ નિમિત્તો મિત્ર માનવ પ્રેમમાં ભંગાણ પાડે છે. અને અંદર અંદર ઘર્ષણો ઊભા કરે છે. અને માનવ પ્રેમનો અંત આવી જાય છે.

જ્યારે ભગવાન મહાવીરનો આદર્શ પ્રેમ ઉચ્ચ કક્ષાનો હતો. નિર્વ્યાજ પ્રેમ અને અવિરત કરૂણા ભાવ એતો એમના જીવનના આત્માના અણુએ અણુમાં વણાઈ ગયા હતા. આજ એમના જીવનની મહાન વિશિષ્ટતા હતી. એમના જીવનમાં આવતા જુદા જુદા પ્રસંગો આપણા જીવનને બોધપાઠ આપે તેવા છે. એ પ્રસંગોમાં પ્રભુ મહાવીરને સંગમે કેટલા ત્રાસ અને કષ્ઠ આપ્યા છતાં પ્રભુને તેના પ્રત્યે કેવો માનવ પ્રેમ હતો તેનું દષ્ટાંત ખૂબ જાણીતું છે. આ પ્રંસગે તે દષ્ઠાંત મૂકીશ તો અસ્થાને નહિ ગણાય.

દેવરાજ ઇન્દ્ર સ્વર્ગમાં સભા ભરીને બેઠા હતા તેઓ ભગવાન મહાવીરના અચલ ધૈર્ય, અપાર સહિષ્ણુતા અને કઠોર સાધનાની પ્રશંસા કરતા બોલ્યા " આજે ભારતની ભૂમિ ઉપર મહાવીર જેવો કોઇ બીજો તપસ્વી નથી. આટઆટલા કષ્ટો અને પરિષહો ભોગવે છે છતાં તે સહિષ્ણુ અને ક્ષમાશીલ છે. મનુષ્ય તો શું પણ દેવતાઓ પણ તેને તેની સાધના માર્ગમાંથી ચલિત કરી શકે તેમ નથી. એવા તે અસાધારણ ધૈર્યશાળી, શક્તિ–શાળી અને અદમ્ય ઉત્સાહવાળા છે. સારી સભા આ વાત સાંભળી પ્રભુના ગુણોની અનુમોદન કરવા લાગી અને પ્રભુ મહાવીરના જયઘોષથી સમગ્ર સભા ગુંજી ઊઠી.

પરંતુ જેનામાં ગુણગ્રાહ્ય શક્તિ જ ન્હોતી અને દોષજ જોવાની વૃતિ હતી એવા સંગમ દેવથી પ્રભુ મહાવીરના અપૂર્વ ધૈર્યની પ્રશંસા સહન ન થઇ. તેણે મનોમન વિચાર્યું, માનવી ! માનવી એટલે અન્નનો કીડો, એ શું એટલો દૃઢ અને સહિષ્ણુ હોઇ શકે ? ક્ષમાશીલ, કરૂણામય કે ધૈર્યવાળો હોઈ શકે? દેવતાઓ પાસે તો જુદા જુદા રૂપો કરવાની શક્તિ પડી છે. શું દેવતા પણ તેને ન ડગાવી શકે? ખરેખર આ માનવામાં નથી આવતું. હા, કદાચ તે ઘોર તપસ્વી હોઇ શકે? પણ માનવીમાં આટલી બધી શકિત કેવીરીતે હોઈ શકે? માનવી આખરે માનવી છે. એની પાસે મર્યાદા છે. જ્યારે દેવ

(અનુસંધાન પાના ૧૧૭ ઉપર)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અહિંસાની પ્રતિષ્ઠા

લેખક : ડૉ. જિતેન્દ્ર જેટલી

પાતંજલ યોગસૂત્રના વિભૂતિપાદમાં યોગીઓની જે અનેક સિદ્ધિઓ વર્ણવવામાં આવી છે એમાંની આ પણ એક સિદ્ધિ છે. જો યોગી અહિંસાની પ્રતિષ્ઠા કરે તો એને કારણે જે વાતાવરણ ઊભું થાય એથી એ વાતાવરણમાં રહેનાર બધા પ્રાણીઓ એક બીજા પ્રત્યેના વેરનો ત્યાગ કરે. આ પ્રતિષ્ઠા કેવી હોય અને એને પરિણામે વેરનો–સાહજિક વેરનો ત્યાગ કેવો થતો હશે એ દર્શાવનારાં એટલે કે એનો ખ્યાલ આપનારાં કાલ્પનિક ચિત્રો પણ કલાકારોએ આપણી સામે ધર્યાં છે. એમાં સાપ મોરનું ભક્ષ્ય હોવા છતાં એ મોરની પાસેજ નિર્ભયપણે રમતો હોય એવો સાપ તથા બીજાં હિંસ્ર પશુઓ જેવાંકે વાઘ, સિંહ હાજર હોય તો પણ હરણાંઓ નિર્ભીકપણે ચરતાં હોય વગેરે દર્શાવવામાં આવે છે. આપણા જેવા સામાન્ય વ્યવહારને જ સત્ય માનનારા માણસોને ખરેખર આમ બનતું હશે કે કેમ એવી શંકા આવે અને યોગદર્શનની આ વાત કેવળ કલ્પનાનો વિલાસ જ જણાય. પરંતુ વસ્તુતઃ એમ નથી. એ માટે આપણે જરા ગંભીરપણે વિચાર કરીએ કે કોઇ પણ પ્રાણી હિંસા શા માટે કરતું હોય છે અને વ્યાવહારિક જગતમાં અહિંસાનુ બળ કેટલું હોય છે એ પણ વિચારીએ.

ઉપર ઉપરથી જોતાં આપણે ચારે તરફ નજર કરીએ તો એમ જ લાગે કે સર્વત્ર હિંસા જ હિંસા પ્રસરી છે. રાજકીય દૃષ્ટિએ પણ મોટા દેશો નાના દેશો ઉપર જે વર્ચસ્વ ભોગવે છે એમાં એમનું હિંસક બળ અગત્યનો ભાગ ભજવે છે. આપણે ત્યાં હિંસકબળ એ સૌથી મોટું બળ છે. એ દર્શાવવા 'બળિયાના બે ભાગ' અથવા તો "જેની લાઠી એની ભેંસ" જેવી કહેવતો પણ છે. એટલે જગતમાં સામાન્યપણે હિંસા એ બળવાન છે એમ જ ગણાય. પરંતુ બીજી તરફ આપણે આપણા સંતોનાં ચરિત્રોનો અભ્યાસ કરીએ, પૂ. ગાંધીજી જેવા આ યુગના અહિંસક સંતના જીવનનો અભ્યાસ કરીએ તો જણાશે કે હિંસાના બળ કરતાં અહિંસાનું બળ અનેકગણું છે. આ બાબત જેટલી વ્યક્તિગત રીતે સાચી છે એટલી જ સામૂહિક રીતે પણ સાચી છે. સામુદાયિક શાંતિમય સત્યાગ્રહ એ અહિંસાનું સ્વરૂપ છે. આમ છતાં આપણા રોજિંદા વ્યવહારના દૃષ્ટાંતોથી પણ આપણે અહિં અહિંસાનું બળ કેટલું છે એ જોઇશું.

આપણા ઘરમાં એક બાળક અમુક વસ્તુ માટે હઠ કરે તો માતા પિતા તથા અન્ય સગાંઓ શારીરિક દૃષ્ટિએ નિર્બળ એવા એ બાળકને સમજાવવા પ્રયત્ન કરે છે. એ બાળક વધારે હઠી હોય તો એને જુદીજુદી રીતે મનાવવાનો પ્રયત્ન આજુબાજુના પાડોશીઓ પણ કરવા લાગે છે. એ સમજાવટને બદલે જો ધાક ધમકી કે મારથી બાળકને સમજાવવામાં આવે તો સમજાવનારની આ રીત બદલ એને ઠપકો પણ આપવામાં આવે છે. બાળક નાનું છે અજ્ઞાની છે એટલે ધીરજ અને સંયમ પૂર્વક એને સમજાવવું જોઇએ એમ સૌ કોઈ માને છે. આમ છતાં કોઈ માતા કે પિતા બાળકને અમુક પરિસ્થિતિમાં ધીરજ યા મનનો કાબૂ ગુમાવી ધમકાવે કે મારે તો તે અનિચ્છાએજ આમ કરે છે અને પાછળથી પોતાના આ કૃત્ય બદલ આ રીતે હિંસા, ધાક–ધમકી આચરવા બદલ એને પસ્તાવો પણ થાય છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આનું કારણ બાળક તરફ સૌને અમુક પ્રકારની વત્સલતા હોય છે. આ વાત્સલ્ય–બાળક તરફનું આ સહજ વાત્સલ્ય એ અહિંસાનું સ્વરૂપ છે હિંસાનું નહિ. આ વાત્સલ્ય પ્રત્યેક પ્રાણીમાં અમુક રૂપે પડ્યું જ હોય છે. આમ વાત્સલ્યરૂપી અહિંસાના રૂપની પ્રતિષ્ઠા શરૂઆતથી તે આજદિન સુધી એવીને એવી કાયમ છે. યુદ્ધમાં પણ નિર્દોષ બાળકોની કતલ કરનારની નિંદાજ થાય છે. આમ વ્યાવહારિક જગતમાં પણ અમુક પરિસ્થિતિમાં હિંસા સર્વત્ર નિંદ્ય મનાઇ છે.

આજ રીતે સ્ત્રી પુરુષના વાસનાજન્ય પ્રેમમાં પણ કહેવાતો પ્રેમ એ મહત્ત્વનો ભાગ ભજવે છે. શારીરિક શક્તિમાં અથવા તો ભૌતિકબળની દષ્ટિએ સ્ત્રી બળવાન હોતી નથી. આમ છતાં પ્રેમી હંમેશા એ ભૌતિક બળમાં નિર્બળ ગણાતી સ્ત્રીને વશ થઇને ચાલે છે. એ કોઈપણ રીતે અપ્રસન્ન થાય એમ ઇચ્છતો નથી. અધમમાં અધમ ગણાતો પુરુષ પણ જે સ્ત્રી સાથે એને પ્રેમ હોય કિંવા જેની પ્રત્યે એને સ્નેહ હોય એની સાથે હંમેશા સમજાવટથી અને પ્રેમથી કામ લેવાનો સતત પ્રયત્ન કરતો હોય છે. બળવાન પુરુષ પણ એની પ્રત્યે પ્રેમ રાખનાર અને પ્રેમથી એની આજ્ઞાનું પાલન કરનાર માટે પોતાના પ્રાણ પણ ન્યોચ્છાવર કરવા તૈયાર થાય છે. ભલભલા બળવાન લૂંટારાઓ કે સેનાપતિઓ પણ પોતાની પ્રેમિકા આગળ સદા નમ્રતાથી વર્તે છે. અલબત્ત આ નમ્રતા એમની કામવાસનાને લીધે છે પરંતુ એમાં પણ બળાત્કાર જેવી હિંસા કરવાને બદલે પ્રેમભરી સમજાવટ એ જ મુખ્ય ચાલક બળ હોય છે. આ પ્રેમભરી સમજાવટ એ હિંસાનું નહિ પણ અહિંસાનું સ્વરૂપ છે.

આપણે જરા ગંભીરપણે ઊંડાણથી વિચારીએ તો વાત્સલ્ય, સ્નેહ, પ્રેમ તથા કરુણા આ બધાં જુદાં જુદાં પણ એક પ્રકારે એ અહિંસાનાં સ્વરૂપો છે, પોતે જેને પૂજ્ય માને એની તરફ અતિ આદર હોવો યા ભક્તિ હોવી એ પણ અહિંસાનું જ સ્વરૂપ છે. વળી હિંસા સાહજિક ગણાતી હોય તો પણ વ્યવહારમાં જો શાંતિ અને સમજાવટથી કામ પતતું હોય તો કોઈપણ વ્યક્તિ નકામો ઝઘડો કરવા તૈયાર નથી. બળ યા હિંસાનો પ્રયોગ કોઈપણ પ્રાણી યા વ્યક્તિ અમુક પરિસ્થિતિમાં જ કરે છે. બાકી પ્રત્યેકને શાંતિ પ્રિય છે.

સિંહ જેવા હિંસક પ્રાણીઓ પણ પોતાની ભૂખ સંતોષવા હિંસાનો આશ્રય લે છે. પરંતુ એ ભૂખ સંતોષાયા બાદ સામાન્ય સંજોગોમાં એ કોઈ પ્રાણીની હિંસા કરતો નથી સિવાય કે એને છંછેડવામાં આવે. પ્રાણીઓની હિંસક વૃત્તિનો જો આપણે વિચાર કરીએ તો જણાશે કે પ્રાણીઓ સામાન્યપણે બે ઉદ્દેશથી હિંસા કરતા હોય છે. હિંસક પ્રાણીઓ પોતાનાથી નિર્બળ પ્રાણીની હિંસા એનું ભક્ષ્ય હોય ત્યારે કરતા હોય છે. સિંહ, વાઘ, વરૂ વગેરે હિંસક પ્રાણીઓ પોતાની ભૂખ સંતોષવા ઇતર પ્રાણીઓની હિંસા રોજ કરતા હોય છે. કારણ કે એમનો ખોરાક એ પ્રકારનો છે. મનુષ્યોમાં પણ માંસાહારી મનુષ્યો ઇતર નાનાં પ્રાણીઓની હિંસા પોતાનું ભક્ષ્ય મેળવવા કરતા હોય છે. જેઓ માંસાહારી નથી તેઓ પણ વનસ્પતિમાં જીવ છે એમ જાણવા છતાં ખોરાક મેળવવા વનસ્પતિની હિંસા કરતા જ હોય છે. અન્ન મેળવવા અન્ન ઉત્પન્ન કરી સજીવ વનસ્પતિજન્ય અન્ન તથા ફળ વગેરે નિરામિષ આહાર હોઈ એ પ્રકારની હિંસા બધા મનુષ્યો કરતા જ હોય છે. આમ પોતાનો ખોરાક પ્રાપ્ત કરવો એ હિંસાનો પરમ ઉદ્દેશ હોય છે. **जीवो जीवस्य जीवनम्** એ વિધાન આ રીતે સાચું છે. આમ હિંસાનો



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મુખ્ય ઉદ્દેશ વ્યવહારમાં સામાન્ય રોજિંદા વ્યવહારમાં ભક્ષ્ય મેળવવાનો હોઈ એ અનિવાર્ય-પણે કરવી પડે છે.

પ્રાણીઓ હિંસા બીજા ઉદ્દેશથી પણ કરતા હોય છે. અને તે ઉદ્દેશ સ્વરક્ષણ. નાનામાં નાનું પ્રાણી સ્વરક્ષણ માટે હિંસાનો ઉપયોગ કરે છે. એની શક્તિ ન હોય તો એને પણ પાછા પડવું પડે છે. છતાં પોતાના પ્રાણ ઉપર આફત આવી પડે ત્યારે અનિચ્છાએ પણ હિંસાથી દબાતું પ્રાણી પ્રતિહિંસા આચરે છે. મંકોડો કે કીડી જેવાં નાનાં જંતુઓ પણ પગ નીચે આવે કે કાંઇક પ્રતિઘાત થાય તોજ કરડે છે એમને એમ નહિ. આમ હિંસક બળ સામે પોતાનું રક્ષણ કરવું અને એ માટે પોતાની શક્તિ વાપરવી એ હિંસાનો બીજો ઉદ્દેશ છે. સામાન્ય રીતે બધાં પ્રાણીઓમાં પોતાના અસ્તિત્વની ભાવના પ્રબળ હોઈ આ રક્ષણાત્મક હિંસા મુખ્ય ભાગ ભજવે છે. આપણામાં કહેવત છે કે 'દબાયો કરડે નાગ.' આમ નાગ જેવા ઝેરી પ્રાણીઓ તથા હિંસક પશુઓ પણ સ્વરક્ષણ માટે પોતાના ભૌતિક બળનો આશ્રય લે છે. આ સ્વરક્ષણની બાબતમાં જ મનુષ્ય હિંસા કે અહિંસાનો આશ્રય લેવો એનો નિર્ણય કરી શકે છે. એમાં સંતપુરુષ કે જે ખરેખર વીર છે તે અહિંસાનો આશ્રય લે છે. **ક્ષમા વીરસ્ય ભૂષણમ્** નો અર્થ આ છે. તપસ્વી પાસે શાપ આપવાની કે બીજી શક્તિ હોવા છતાં એનો આશ્રય ન લેવો અને શાંતિ અને સંયમથી અડગ ધૈર્ય રાખી સહન કરવું. પણ અન્યાયને વશ ન થવું એ વિવેકશીલ મનુષ્યનું અહિંસક બળ છે. આજ અર્થમાં આપણા દેશના કે વિશ્વના અન્ય દેશોના સંતપુરુષો સાચા વીર થયા છે. પ્રાચીન યુગમાં ભગવાન મહાવીર, બુદ્ધ કે ઈશુખ્રિસ્ત તથા આ યુગમાં પૂ. ગાંધીજી જેવા પરમવીર અહિંસક વીરોની ગણના મોટા મોટા શક્તિશાળી રાજાઓ કરતાં વધારે વીર હતા એ રીતેજ થાય છે. એમની આ અહિંસક વીરતાની પૂજા એમના શત્રુઓ પણ આજદિન સુધી કરે છે. આમ જગતમાં ભલે હિંસા સાહજિક હોય પરંતુ પૂજા, પ્રતિષ્ઠા એ સર્વ લોકો અહિંસાની જ કરે છે.

રાજનીતિમાં પણ કહેવત છે કે સામ, દામ, દંડ અને ભેદ. એટલે જ્યાંસુધી શાંતિથી, કોઈપણ પ્રકારની શાંતિથી કામ થતું હોય ત્યાંસુધી દંડનો આશ્રય ન લેવો એમ રાજ-નીતિજ્ઞો વર્ષોથી કહેતા આવ્યા છે. પ્રાચીન સમયના રાજસૂય યજ્ઞમાં પણ જે રાજાઓએ ચક્રવર્તી રાજાની શક્તિનો સ્વીકાર કર્યો હતો એની સાથે કોઇએ યુદ્ધ કર્યું નથી. આજે લોકશાહીમાં પણ જૂના જમાનાની જેમ ચક્ર-વર્તીપણું સ્થાપવા કોઇ રાજ્ય વિજય કરવા નીકળી શકતું નથી. ઊલટું નાનામાં નાના સ્વીટ્ઝર્લેન્ડ જેવા દેશની મધ્યસ્થીથી ઘણીવાર મોટા મોટા દેશો યુદ્ધમાં મધ્યસ્થી સ્વીકારી વાટાઘાટો દ્વારા પોતાનું કામ પતાવે છે. આજે જગતમાં ભૌતિક શક્તિમાં નિર્બળ એવા કેટલાએ દેશોનું અસ્તિત્ત્વ સ્વીકારવામાં આવે છે. અમેરિકા જાપાન ઉપર અણુબોંબ નાખે કે વિયેટનામ ઉપર બોંબવર્ષા કર્યે જાય પરંતુ એની સ્તુતિ જગતમાં થતી નથી. રશિયા પણ ઝેકોસ્લેવિકયા કે પૂર્વ જર્મની યા હંગેરી જેવા દેશોને પોતાનાં ભૌતિક બળથી દબાવી રાખે એની યોગ્યતાને કે ઔચિત્યને કોઇ દેશો સ્વીકારતા નથી. આમ અનેક યુદ્ધો થાય, હુલ્લડો થાય તેમ છતાં જે વ્યક્તિ કે દેશ શાંતિથી અને સમજાવટથી કામ લે છે એની જ આજના વિશ્વમાં આજે તથા પ્રાચીન સમયમાં પણ પ્રતિષ્ઠા હતી અને છે. આજે તો અનેક



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નાનાં નાનાં રાજ્યોનું યુનો જેવી વિશ્વસંસ્થામાં પ્રતિનિધિત્વ હોવું અને એમનો અવાજ સંભળાવો એ અહિંસાની પ્રતિષ્ઠાનું એક સારામાં સારું પ્રતીક છે. નિરર્થક હિંસા આચરનાર કોઈ પણ વ્યક્તિ, સમૂહ કે રાષ્ટ્રની કોઈ પણ સ્તુતિ કરતું નથી પણ હરહંમેશ નિંદાજ કરે છે. આ રીતે વિચારતાં આ જગતમાં સર્વત્ર હિંસાજ હિંસા છે એમ કહી નિરાશા સેવવાની જરૂર નથી પરંતુ પ્રતિષ્ઠા અહિંસાની જ છે એમ વિચારી એ માર્ગ તરફ જ વળવું એજ સાચો વિચાર છે. આપણને એજ પ્રકારનો સાચો વિચાર કરવાનું બળ મળી રહે એજ અભ્યર્થના.

# સાચી પ્રભુભક્તિ

સૂફી સંત બાઇ રબિયા.

આપણા ભક્તોમાં જેવાં મીરાં, તેવાં જ સૂફી સંતોમાં બાઈ રબિયા. એક દિવસ બપોરના વખતે રબિયાએ એક હાથમાં લીધી જલતી મશાલ અને બીજા હાથમાં લીધો પાણી ભરેલો કૂંજો.

અને પછી અલ્લાહનું નામ પોકારતાં પોકારતાં નીકળી પડ્યાં ગામમાં ફરવા.

ગામલોકો આશ્ચર્યથી આ દૃશ્ય જોઈ રહ્યા.

એક જણ હિંમત કરી આગળ આવ્યો

અને પૂછ્યું આ વિચિત્ર આચરણનું કારણ.

રબિયાએ શાંતિપૂર્વક જવાબ આપ્યો:

"આ મશાલથી હું સ્વર્ગનાં તમામ સુખોને ભસ્મીભૂત કરી દેવા માંગુ છું. કારણ કે સ્વર્ગની લાલચથી ખુદાને ચાહવા એતો નરી સોદાગીરી છે; એમાં સાચો પ્રેમ નથી. આ કૂંજાના પાણીથી હું નરકની આગને ઠારી નાંખવા માગું છું. કારણ કે નરકના ભયથી ખુદાને ચાહવા એ તો નરી ડરપોક પામરતા છે. સાચા પ્રેમનો અડગ વિશ્વાસ અને અપાર ઉલ્લાસ એમાં કયાંથી મળે ?"

રબિયાની આ અર્થપૂર્ણ ઉપદેશમય વાણી આપણને સાચી પ્રભુભક્તિનો સાચો માર્ગ બતાવે છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુપમ વીતરાગ સુખ

લેખક : ડૉ. ઉપેન્દ્રરાય જ. સાંડેસરા.

जं च कामसुहं लोए जं च दिव्वं महासुहं ।
वीयरागसुहस्सेयऽणंतभागं पिणग्घइ ॥

જિનચંદ્રિયા 'સંગ્રહણી' ગાથા ૧૬૯

જગતમાં જે કામસુખ છે અને સ્વર્ગનું જે મહાન સુખ છે તે વીતરાગ સુખના અનંતમા ભાગની તોલે પણ ન આવે.

વીતરાગત્વ, રાગદ્વેષ અને આશાતૃષ્ણા રહિત જીવન સિદ્ધ થયે જે અનુપમ સુખની પ્રાપ્તિ થાય છે, તેની તુલનામાં દુન્યવી સુખો તો આવી શકે જ નહિ, પરન્તુ દિવ્ય મનાતાં સ્વર્ગનાં કલ્પના કલ્પી શકે તેટલાં મનોરમ સુખો પણ કંઇ લેખામાં નથી. આ સિદ્ધાંત ભારતીય આર્ય ધર્મો જૈન, બૌદ્ધ અને વૈદિકોએ એકસરખી નિષ્ઠાથી સ્વીકારેલો છે.

ભારતીય આર્ય સંસ્કૃતિના આકરગ્રંથ મહાભારતમાં આ સિદ્ધાંતને વિશદપણે સમજાવતી કેટલીક અત્યન્ત સુંદર કથાઓ સંગ્રહાયેલી છે.

પ્રિય પુત્રનું મૃત્યુ થવાથી શોકથી દુઃખાર્ત રાજા સેનજિતને એક બ્રાહ્મણે સાન્ત્વન આપતાં પ્રથમ તો મમતા માત્રનો ત્યાગ કરવાનું સમજાવી, 'માણસ જે જે કામનાઓને ત્યજી દેછે, તે તે તેના સુખમાં અભિવૃદ્ધિ કરે છે, પણ કામનાઓની પાછળ ફરનારો માણસ તો તેની પાછળ રખડીને નાશ પામે છે,' એમ કહી કામનાઓની પૂંઠે પૂંઠે ફરવાથી નહિ પણ તેના સ્વામી બનવાથી સુખ મળે છે, એ વિશદ કરી. બરાબર ઉપર આપેલી 'સંગ્રહણી'ની ગાથા જેવી જ ગાથા સંભળાવી.

यच्च कामसुखं लोके यच्च दिव्यं महत्सुखम् ।
तृष्णाक्षयसुखस्यैते नार्हतः षोडशी कलाम् ॥

૧૨-૧૬૮-૩૬.

'જગતમાં જે કામસુખ છે અને સ્વર્ગનું જે મહાન સુખ છે, તે તૃષ્ણાક્ષયથી (વીતરાગત્વથી) મળતા સુખની સોળમી કળાને પણ યોગ્ય નથી.' વળી તૃષ્ણા ત્યજવાનો અનુરોધ કરતાં પિંગલા વેશ્યાનું દૃષ્ટાંત ટાંકી કહ્યું, 'જે દુર્મતિવાળા પુરુષો વડે દુસ્ત્યજ છે, જે મનુષ્ય જીર્ણ થાય તો પણ જીર્ણ થતી નથી, જે પ્રાણાન્તિક રોગ જેવી છે, તે તૃષ્ણાને ત્યજવાથી સુખ થાય છે.'

વળી 'મંકિગીતા' નામનું એક આખ્યાન છે. એ આખ્યાન શ્રમણ અનુગમોના તત્ત્વજ્ઞાનને અનુસરીને, જીવનનાં ચોક્કસ પાસાંઓનું ઊંડું અવગાહન કરીને દુઃખના નિરાકરણની ઘણી રીતો પૈકીની એક આ વીતરાગત્વ વિશે પ્રભાવશાળી વિશિષ્ટ રીતે કહે છે.

પ્રશ્ન છે 'મનુષ્યે શું કરીને સુખી થવું ?' ઉત્તરમાં કવિશ્રેષ્ઠ, વેદવ્યાસ કહે છે, 'સર્વત્ર સમતા, અનાયાસ, વિશ્રામ, સાચું બોલવું, વૈરાગ્ય અને અવિવિત્સા એટલે કે વધુ પડતા શાસ્ત્રો જાણવાની અને તેથી તેના ચક્કરમાં ફસાઈ પડવાની અનિચ્છા, એ જેનામાં હોય છે તે સુખી થાય છે. આ પાંચે ગુણ મોક્ષ મેળવવાનાં પગથિયાં છે, આ પાંચે ગુણો સ્વર્ગ, ધર્મ અને અત્યુત્તમ સુખ આપનારા છે. આ વિષયમાં મંકિએ ગાયેલા ઇતિહાસનું ઉદાહરણ અપાય છે. ધન મેળવવાની લાલસાવાળા મંકિએ અનેક જાતના પ્રયત્ન કરી જોયા, પણ બધામાં નિષ્ફળ ગયો. છેવટે બાકી રહેલા ધનમાંથી એણે બે જુવાન વાછરડા



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ખરીદ્યા. પણ પછી એમને પળોટવા માટે ધૂંસરે બરોબર જોડી ઘરની બહાર કાઢયા પણ આગળ જતાં રસ્તામાં એક ઊંટ બેઠું હતું. તેને જોઇને બળદ ભડકયા અને ઊંટને વચ્ચે રાખીને દોડયા ! એટલે ઊંટ પણ ખીજવાઇને ઊભું થઈ ગયું અને બન્ને બળદને પીઠ ઉપર ઊંચકીને જોરથી નાઠું ! આ રીતે પોતાના બચેલા ધનમાંથી, ધન મેળવવાનો ઉદ્યોગ કરવા માટે ખરીદેલા બળદોને મરણને શરણ પામતા જોઇને નિરાશ મંકિ બોલ્યો, 'માણસ ગમે તેવો હોંશિયાર અને જાત ઉપર વિશ્વાસ રાખતો હોય પણ દૈવયોગ વિના તેને કંઈ મળતું નથી. પૂર્વે મેં કરેલા બધાં કામોમાં અનર્થ થયો હતો, છતાં મેં બળદ ખરીદી તેને પળોટવા માંડયા. તો કાકતાલીયન્યાયની જેમ અને ઉન્માદથી મરી ગયેલા શિયાળની જેમ, તેઓ ઊંટની ડોક ઉપર બે મણિઓની જેમ લટકે છે, એ શુદ્ધ દૈવનો જ પ્રભાવ છે. માટે વૈરાગ્યથી ધનની આશાનો ત્યાગ કરનાર જ સુખે સૂવે છે. અહો ! શુકદેવે જનકની સભામાંથી મહાઅરણ્ય તરફ પ્રસ્થાન કરતાં કહ્યું હતું તે બરાબર સાચું કહ્યું છે, 'એક મનુષ્ય સર્વ કામનાઓને પ્રાપ્ત કરે અને બીજો સર્વનો કેવળ ત્યાગ જ કરે તે બન્નેમાં સર્વ કામનાઓને પ્રાપ્ત કરનાર કરતાં તેનો ત્યાગ કરનાર જ શ્રેષ્ઠ છે. માટે ઓ મૂર્ખ, દ્રવ્યાભિલાષી મન ! તું લોભ છોડી દે. ખરેખર પહેલાં થઇ ગયેલો કે હવે પછી થનારો કોઈ પણ મૂર્ખ માણસ કામનાના અંતને પામી શકયો નથી, અને પામી શકશેય નહિ. એમ તૃષ્ણા તો વધ્યે જ જાય છે. આમ સમજીને હું પ્રતિબુદ્ધ થયો છું, અને જાગ્રત થયો છું. ઓ કામ ! ખરેખર તારું હૃદય વજ્રસારથી બન્યું હોય એવું દૃઢ છે, કારણ કે એ સેંકડો અનર્થોથી ઘેરાયેલું હોવા છતાં એના સેંકડો ટૂકડા થતા નથી ! પણ તારું મૂળ કે જે સંકલ્પ છે તેને હું જાણું છું. તેથી હવે હું રાગનો સંકલ્પ જ કરીશ નહિ. ધનની ઇચ્છા દુઃખદાયક છે. મેળવ્યા પછી સાચવવાની ફિકર થાય છે, અને મેળવેલું જતું રહે તો જાણે જીવ જતો રહ્યો એવું દર્દ થાય છે. અરે, ચિંતા કરી કરીને દમ નીકળી જાય તોયે પૈસો મળતો નથી એનાથી વધારે દુઃખ કેવું ? અને જો પૈસો મળે તો તો ગંગાનું સ્વાદિષ્ટ જળ પીવાની પુનઃ પુનઃ ઇચ્છા થયા કરે એમ તૃષ્ણા વધતી જ ચાલે છે; પણ આ બધું સમજીને હું પ્રતિબુદ્ધ થયો છું. માટે ઓ તૃષ્ણા ! તું મને છોડી દે ! કામ અને લોભને અનુસરનારી તારામાં મને પ્રીતિ રહી નથી. તેથી હું તો તારો ત્યાગ કરીને સત્ત્વગુણનો આશ્રય કરી, બુદ્ધિને યોગમાં લગાડી, એકાગ્ર ચિત્તથી જ્ઞાન મેળવી, મનને બ્રહ્મમાં ધારણ કરી, મારા આ દેહની અંદર હૃદયમાં સર્વ પ્રાણીઓને જોઇશ. એમ અનાસક્ત રહીને જગતમાં નિરામય અને સુખી થઇને વિચરીશ, જેથી ઓ કામ ! તું મને ફરીથી દુઃખમાં નાંખી નહિ શકે. હે કામ ! તું જ તૃષ્ણા, શોક અને શ્રમનું ઉત્પત્તિસ્થાન છે, માટે મારે આમ અનાસક્ત થયા વિના છૂટકો નથી. ધનનાશનું દુઃખ બધાં દુઃખ કરતાં મહાન છે કારણ મિત્રો અને સંબંધીઓ નિર્ધન થયેલાનું અપમાન કરે છે, અને એ સિવાય પણ એને બીજા અનેક અપમાન સહેવાં પડે છે. બીજી તરફ ધનમાં સુખનો એક જ અંશ છે અને તે પણ દુઃખથી ઘેરાયેલો છે. ધનવાનનું ડાકુઓ ખૂન કરે છે, અથવા બીજાઓ વિવિધ દંડ દઇને તેને ઉદ્વેગ કરાવે છે. આમ ઘણો લાંબો સમય વીતાવ્યા પછી નશો પડાવનારી લોલુપતા એ દુઃખ છે એવી મને સમજ પડી છે. હે કામ ! તું જેનું આલંબન કરે છે, તેની પાછળ લાગેલો રહે છે. તું અતત્ત્વજ્ઞ, બાળક, અસંતોષી અને અગ્નિની પેઠે અતૃપ્ત છે. તું શું સુલભ છે કે શું દુર્લભ છે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તે સમજતો નથી, અને પાતાળની જેમ દુષ્પૂર એવો તું મને દુઃખમાં જ દટાયેલો રાખવા ઇચ્છે છે કે શું? પણ અલ્યા કામ! હવે હું તારા સપાટામાં આવીશ નહિ. મને વૈરાગ્ય થયો છે, તેથી પરમ નિવૃત્તિની સંતોષની ઉપાસના કરીને વાસનાઓનું ચિંતન નહિ કરું. મેં મૂર્ખાએ ઘણા કલેશ સહ્યા, પણ હું કંઈ સમજ્યો જ નહિ. પણ હવે હું સર્વાંગે શાંત થઇને સૂઇશ. હું હવે મનોગત બધી અભિલાષાઓને ત્યજીને તારો ત્યાગ કરી દઈશ. એટલે એ કામ! તું મને નાથેલા બળદિયાની જેમ ફેરવીને મોજ નહિ કરી શકે. હું ધિક્કાર કરનારાઓને ક્ષમા આપીશ, હિંસા કરનારની હિંસા નહિ કરું, અને અપ્રિય બોલનારાની સામે પણ દ્વેષ કર્યા વિના પ્રિય બોલીશ. હું સદા તૃપ્ત, સ્વસ્થ ઇન્દ્રિયોવાળો અને જે કંઈ મળી આવશે તેનાથી આજીવિકા ચલાવનારો થઈશ. પણ તું કે જે મારો શત્રુ છે તેને સફળ નહિ કરું. હવે જાણી લે કે હું વૈરાગ્ય, નિવૃત્તિ (સંતોષ), તૃપ્તિ, શાન્તિ, સત્ય, દમ, ક્ષમા અને સર્વભૂતો પ્રત્યે દયાનો શરણાગત થયો છું. એ ગુણોનું મેં અનુષ્ઠાન કરવા માંડ્યું છે. માટે હવે સત્ત્વગુણમાં પ્રતિષ્ઠિત થતા મારો કામ, લોભ, તૃષ્ણા અને કૃપણતા ત્યાગ કરી જાઓ. મેં ક્રોધ, લોભ, કામ, રાગ અને કઠોરતાનો ત્યાગ કર્યો છે, તેથી લોભવશ મૂર્ખની જેમ હું દુઃખી નહિ થાઉં. કામ ક્રોધથી પેદા થયેલું દુઃખ અને અરતિ રજોગુણથી થાય છે માટે કામને અનુસરનારા, રાગદ્વેષ પેદા કરનારા રજોગુણનો હું ત્યાગ કરીશ. હવે ગ્રીષ્મ ઋતુમાં તપી ગયેલો પુરુષ જેમ શીતળ ધરામાં પેસીને આનંદ પામે એવી રીતે મેં બ્રહ્મમાં પ્રવેશ કર્યો છે, હું શાન્તિ (શમ) પામ્યો છું, પરિનિર્વાણ પામ્યો છું અને કેવળ સુખાનુભવ કરી રહ્યો છું **सुखमासे च केवलम्** અને પછી બોલ્યો : 'જગતમાં જે કામસુખ છે અને સ્વર્ગનું જે મહાન સુખ છે તે તૃષ્ણા ક્ષયથી મળતા, સુખની સોળમી કળાને પણ યોગ્ય નથી, અને છેલ્લે પોતે સમત્વરૂપી અવધ્ય બ્રહ્મપુરી પ્રાપ્ત કરી છે અને ત્યાં કામનાઓ ઉપર શાસન કરનારા સમ્રાટની જેમ સુખી થશે એમ કહીને બ્રહ્મરૂપી મહાન સુખ મેળવ્યું.

મંકિએ ગાયેલું કામવિજયનું ગીત, ભગવાન સિદ્ધાર્થ બુદ્ધના મારવિજયની અને ભગવાન વર્ધમાન મહાવીરના સંગમવિજયની યાદ આપે છે. એની 'હું શમ (શાન્તિ) પામ્યો છું, પરિનિર્વાણ પામ્યો છું અને કેવળ સુખનો અનુભવ કરી રહ્યો છું" તે ઉક્તિ જૈન, બૌદ્ધ તથા તત્કાલીન બીજા શ્રમણ સંપ્રદાયો અને વૈદિક પરંપરાના સંન્યાસમાર્ગીઓની પરિભાષાનો સમન્વય કરીને એકત્વ દર્શાવે છે.

આ આખ્યાનનો મંકિ એક ધનલોલુપ સામાન્ય માનવી છે. પણ તેના દુઃખાનુભવના પ્રત્યાઘાતમાંથી ઉદ્ભવેલા નિર્વેદમાંથી એ બુદ્ધત્વ (જાગૃતિ), કામવિજય (વિજેતાપણું) પ્રાપ્ત કરે છે. એટલે જેમ ગૌતમ બુદ્ધ બીજાનાં દુઃખોથી દાઝીને અને બુદ્ધત્વ પામ્યા, શ્રમણ મહાવીર સૂક્ષ્મતમ દયાભાવનાથી (પર્યાયે તો અન્ય જીવોનાં દુઃખથી દાઝીને) મહાવીરપદ પામ્યા હતા એમ આ પોતાનાં દુઃખોથી દાઝીને બુદ્ધત્વ પામે છે. તેથી કક્ષાભેદે ભગવાન બુદ્ધ અને ભગવાન મહાવીરની આચારક્રિયા વ્યવહાર દૃષ્ટિએ શ્રેષ્ઠ દેખાય છે, છતાં મંકિ પણ બુદ્ધત્વ પામે છે. તેથી સ્વયં બુદ્ધ પ્રબોધે છે એ પ્રમાણે, 'શ્રેષ્ઠત્વ, નિકૃષ્ટત્વની સરખામણી કરવી એ યોગ્ય નથી તેમ જ અનાસક્ત મનુષ્ય સાંપ્રદાયિક દૃષ્ટિથી જોતો નથી.' ('સુત્તનિપાત'માં 'પરમટ્ઠક-સુત્ત'). તેથી માણસ જેમ તેમ કરીને પણ અનાસક્ત, તૃષ્ણારહિત અને વીતરાગ થાય છે એ જ મહત્ત્વનું છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જેનું વ્યાપક અવ્યક્તરૂપ તૃષ્ણા, કામ, રાગ, માર, સંગમ, રાવણ, મન્યુ, સેતાન વગેરે અનેક નામોથી વર્ણવવા પ્રયત્ન થયો છે, જેને એકલી ચૈતન્યશક્તિ જ જીતી શકે છે, જે ચૈતન્યશક્તિના આધારે જ હોવા છતાં સ્વતંત્ર અસ્તિત્વ ધરાવતી હોવાનો ભાસ કરાવે છે, જેને લીધે સુખ અને દુઃખનો ભાસ થાય છે, એ રાગને આત્માની, ભગવાનની, ચૈતન્યની ભક્તિથી, એનું દર્શન કરવાના અપ્રતિહત પ્રયત્નોથી એનું અનુદર્શન કરીને, માત્ર પ્રાતિભદર્શનથી નહિ જીતવાથી જીવનનો પરમ આનંદ પ્રાપ્ત થઈ શકે છે. એને માટેના પ્રયત્નો વિવિધ રીતે થતા હોય પણ લક્ષ્ય અને પરિણામ એક રહે છે અનુત્તમ વીતરાગસુખ.

# ક્રોધ અને ક્ષમા

ક્ષિતિમોહનબાબુનાં પત્ની અગ્નિની જ્વાળા જેવાં ક્રોધી હતાં, તો બાબુ પોતો શરદની પૂર્ણિમાં જેવા શાંત હતા.

એક દિવસ નમતી સાંજે જમવાની વેળા વીતી ગયા પછી બાબુ ઘેર આવ્યા.

એમની પ્રતીક્ષા કરીને કંટાળી ગયેલાં એમનાં પત્નીએ આંખ લાલ કરી કહ્યું:

"તમને તો સેવાનું ઘેલું લાગ્યું છે. રસોઈ ટાઢી થઈ જાય છે અને જમવાની વેળા વીતી જાય છે, એનું ય તમને ભાન નથી. લો, આ ટાઢું છે, તે જમી લો."

આમ કહી એમણે ટાઢા ભાતની થાળી પીરસી.

બાબુએ લાક્ષણિક સ્મિત કરી એ થાળી પત્નીના માથા ઉપર મૂકતાં કહ્યુ:

"કંઈ નહિ; ભાત ઠંડા હોય તોય તારા માથામાં અગ્નિ ધખધખે છે, એટલે વાંધો નથી. તારા માથાની ગરમીથી આખું ઘર અને તારી આંખો ગરમ ગરમ થઇ ગયાં, તો આ ભાત ગરમ નહિ થાય?" આ કટાક્ષભર્યા વિનોદથી એમનાં પત્ની શરમથી હસી પડ્યાં. પોતાના પતિના આવા પ્રેમાળ, શાંત અને વાત્સલ્યભર્યા રમૂજી સ્વભાવ પર મુગ્ધ થઈ જીવનભર ક્રોધ ન કરવાની પ્રતિજ્ઞા લીધી.

ક્રોધ એ અગ્નિની જ્વાળા છે તો ક્ષમા એ જળનો ફુવારો છે. જળ હોય ત્યાં અગ્નિ કેમ પ્રગટે?

કદાચ કિનારાપર પ્રગટે તોય એને બુઝાતાં વાર શી લાગે?

ક્રોધને ક્ષમાથી જીતો! **उवसमेण हणे कोहं।**



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# નવાંગીવૃત્તિકાર શ્રી અભયદેવસૂરિ

લેખક (હિંદીમાં) : શ્રી અગરચંદ નાહટા

સુવિહિત–માર્ગ–પ્રકાશક શ્રી જિનેશ્વરસૂરિના બે પ્રધાન શિષ્ય હતા–એક : સંવેગશાલા પ્રકરણના કર્તા શ્રી જિનચંદ્રસૂરિ અને બીજા નવાંગીવૃત્તિના કર્તા શ્રી અભયદેવસૂરિ. શ્રી જિનેશ્વરસૂરિની પાટ પર શ્રી જિનચંદ્રસૂરિ અને પછી શ્રી અભયદેવસૂરિ પ્રતિષ્ઠિત થયા હતા. શ્રી અભયદેવસૂરિના જીવન સંબંધમાં પ્રભાવક ચરિત્રમાં લખ્યું છે કે આચાર્ય જિનેશ્વરસૂરિ વિ. સં. ૧૦૮૦ પછી વિહાર કરતાં કરતાં જાવાલિપુર (જાલોર) થી માલવદેશની રાજધાની ધારાનગરીમાં પહોંચ્યા. તે નગરીમાં મહીધર નામના એક પ્રસિદ્ધ વ્યાપારી શેઠ રહેતા હતા. તેમને ધનદેવી નામનાં પત્ની અને અભયકુમાર નામનો એક સૌભાગ્યશાળી પુત્ર હતો. આચાર્ય શ્રી જિનેશ્વરસૂરિનાં વ્યાખ્યાનો સાંભળવા અભયકુમાર આવ્યા કરતો હતો. આચાર્યશ્રીના વૈરાગ્યપોષક શાંતિવર્ધક ઉપદેશથી અભયકુમાર પ્રભાવિત થયો અને માતાપિતાની સંમતિ મેળવી તેણે આ. શ્રી જિનેશ્વરસૂરિ પાસે દીક્ષા લીધી. તેમનું દીક્ષાનામ અભયમુનિ રાખવામાં આવ્યું.

શ્રી જિનેશ્વરસૂરિ પાસે અભયમુનિએ સ્વ–પર શાસ્ત્રોનો અભ્યાસ કર્યો. જ્ઞાન મેળવતાંની સાથે સાથે તેમણે ઉગ્ર તપશ્ચર્યા પણ શરૂ કરી. તેમની યોગ્યતા અને પ્રતિભા જોઇને શ્રી જિનેશ્વરસૂરિએ પોતે જ તેમને વિ. સં. ૧૦૮૮ માં આચાર્ય પદવી આપી.

એ સમયમાં મોટા મોટા આચાર્યો આગમ શાસ્ત્રોનો અભ્યાસ છોડી આયુર્વેદ, ધનુર્વેદ, જ્યોતિષ, સામુદ્રિક, નાટ્ય વગેરે શાસ્ત્રોમાં પારંગત થતા હતા. મંત્ર, તંત્ર અને યંત્ર વિદ્યાના ચમત્કારોથી રાજાઓ અને સામાન્ય જનતા ઉપર પોતાનો સારો પ્રભાવ જમાવતા હતા. આગમોના અભ્યાસની પરંપરા શિથિલ બની જવાથી ઘણી ગુરુ આમ્નાય લુપ્ત થઇ ગઈ અને મૂળ પાઠોમાં પણ ત્રુટિ અને અશુદ્ધતા આવી ગઈ. આવી પરિસ્થિતિ જોઇને અભયદેવસૂરિએ પોતાની બહુશ્રુતતાનો ઉપયોગ એ આગમો ઉપર ટીકાઓ લખવામાં કર્યો. સં. ૧૧૨૦ થી ૧૧૨૮ સુધી આ કાર્ય તેમણે ચાલુ રાખ્યું. પાટણમાં આગમોની પ્રતિઓ તથા ચૈત્યવાસી આગમોના જાણકાર આચાર્યોનો સહયોગ સુલભ હતા. સં. ૧૮૨૪માં ધોળકામાં બકુલ અને નંદિક શેઠને ઘેર રહીને તેમણે પંચાશક ટીકા બનાવી.

ઠાણાંગસૂત્રથી વિપાકસૂત્ર સુધી નવાંગોની જે તેમણે ટીકાઓ રચી, તેનું સંશોધન ઉદારભાવથી ચૈત્યવાસી ગીતાર્થ દ્રોણાચાર્ય પાસે કરાવ્યું, જેથી તે સર્વમાન્ય થઈ ગઈ.

અભયદેવસૂરિના જીવનની બીજી મહત્વની ઘટના તે સ્તંભન પાર્શ્વનાથની પ્રતિમાનું પ્રકટ કરવું તે છે. એમ કહેવાય છે કે ટીકાઓ રચવાના કાર્યમાં અધિક પરિશ્રમ અને કાયમ આયંબિલ કરવાના કારણે તેમનું શરીર વ્યાધિગ્રસ્ત અને જર્જરિત બની ગયું. તેમણે અનશન કરી લેવાનો વિચાર કર્યો, પણ તે સમયે શાસનદેવીએ કહ્યું કે "શેઢી નદી પાસે ખોખરાં પલાશના વૃક્ષની નીચે ભ. પાર્શ્વનાથની પ્રતિમા છે. તમારી સ્તવનાથી તે પ્રકટ થશે. એ પ્રતિમાનાં સ્નાત્રજળથી તમારી બધી વ્યાધિનો નાશ થશે."



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શાસનદેવીએ આપેલા નિર્દેશ પ્રમાણે તેમણે 'જયતિહુઅણ' સ્તોત્ર દ્વારા ભ. પાર્શ્વનાથની પ્રતિમાને પ્રકટ કરી. આજ પણ તે સ્તોત્ર ખરતરગચ્છમાં પ્રતિક્રમણ વખતે બોલાય છે.

સુમતિગણિએ રચિત સાર્ધશતક બૃહદ્‌વૃત્તિ, જિનપાલોપાધ્યાયકૃત યુગપ્રધાનાચાર્ય ગુર્વાવલી, જિનપ્રભસૂરિકૃત વિવિધ તીર્થકલ્પ અને સોમધર્મરચિત ઉપદેશસપ્તતિ અનુસાર પાર્શ્વનાથ પ્રતિમાના પ્રકટીકરણ પછી નવાંગીટીકાની રચના થઇ હતી. પરંતુ પ્રભાવકચરિત્ર, પ્રબંધચિંતામણી અને પુરાતનપ્રબંધસંગ્રહ અનુસાર નવાંગી ટીકાની રચના પૂરી થયા પછી પાર્શ્વનાથ પ્રતિમાનું પ્રકટીકરણ થયું હતું.

આચારાંગ અને સૂયડાંગ એ બે આગમો પર શીલાંકાચાર્યની ટીકાઓ છે. બાકી નવાંગ સૂત્રો પર પોતાની ટીકા લખીને અભયદેવસૂરિએ જૈન શાસનની મહાન સેવા કરી છે. ટીકાઓ બહુ જ મહત્ત્વપૂર્ણ અને ઉપયોગી છે. આ ઉપરાંત ઘણા ગ્રંથો પંચાશકવૃત્તિ અને બીજા ગ્રંથો ઉપર ભાષ્યો તેમણે રચ્યાં છે. તેમના રચિત સ્તોત્રો, પ્રકરણો વગેરે પણ પ્રાપ્ત થયેલ છે.

અભયદેવસૂરિએ અનેક વિદ્વાનો તૈયાર કર્યા હતા. તેમાંના વર્ધમાનસૂરિએ આદિનાથચરિત, મનોરમા વગેરે પ્રાકૃત ભાષાના મહત્ત્વપૂર્ણ ગ્રંથો રચ્યા છે. શ્રી જિનવલ્લભગણિએ આગમાદિ શાસ્ત્રોનો અભ્યાસ કરીને બીજા ઘણા યોગ્ય વિદ્વાન અને કવિઓ તૈયાર કર્યા હતા. આ જિનવલ્લભસૂરિની પ્રાપ્ત થતી બધી રચનાઓનો સંગ્રહ તથા તેમનું આલોચનાત્મક અધ્યયન મહોપાધ્યાય વિનયસાગરજીએ કર્યું છે. તેમના આ સંશોધન કાર્યના કારણે હિંદી સાહિત્ય સંમેલને તેમને મહોપાધ્યાય પદથી વિભૂષિત કર્યા છે.

આચાર્ય અભયદેવસૂરિ સર્વ ગચ્છમાન્ય છે. એમનું ચરિત્ર ખરતરગચ્છની ગુર્વાવલિ–પટ્ટાવલિઓમાં આપેલું છે. તે ઉપરાંત અન્ય ગચ્છવાળા પ્રભાચંદ્રસૂરિએ પણ એક સ્વતંત્ર પ્રબંધના રૂપમાં પ્રભાવકચરિત્રમાં તે આપેલું છે. એવી જ રીતે તપાગચ્છના સોમધર્મે ઉપદેશસપ્તતિમાં પણ એમનું ચરિત્ર આપ્યું છે. પુરાતનપ્રબંધ–સંગ્રહમાં પણ એમનું ચરિત્ર પ્રકાશિત થયેલું છે. એ ત્રણ પ્રબંધો ઉપરાંત મેરુતુંગસૂરિ રચિત સ્તંભ પાર્શ્વનાથ ચરિત્રના છેલ્લા પ્રબંધમાં પણ અભયદેવસૂરિની કથા આપી છે. અપ્રકાશિત હોવાના કારણે એ કથા નીચે આપવામાં આવે છે.

**"प्रभावक परम्परायां श्री चन्द्रगच्छे श्री सुविहित–शिरोवतंस वर्द्धमानसूरिनामा वढवाणनगरे विहारं कुर्वन्नाययौ। लब्धसोमेश्वरस्वप्नं सोमेश्वरनामा द्विजातिः, प्रभाते वर्द्धमानसूरिरूप इश्वरोऽयं साक्षादेव भगवानाचार्यः। इति स्वप्नादेशप्रमाणेन प्रतिपद्यत्स्थां यात्रासम्पूर्णो मन्यमान आचार्यान्तिके शिष्यो जातः पादाभिषिक्तः काले जातो जिनेश्वर-सूरिनामा। तस्य शिष्यः श्रीमदभयदेवसूरिनवाङ्गवृत्तिकारः। सोऽपि कर्मोदयेन कुष्ठी जातः। श्रुतदेवतादेशात् दक्षिणदिग्विभागात् धवलके समागत्य संघयात्रका श्री स्तम्भ नामकं प्रणेतुं स सुरिरागतः।**

**११३१ वर्षे श्री स्तम्भनायकः प्रकटीकृतः। ग्रामम्हेत बोहाकेन सहीयड एष पूज्य-मानः। प्रतिदिनं ग्रामभट्टकपिलया गवा निजोधस्यक्षरत् पयोधारया संजाग्यमानस्नपन-स्वरूपोऽभूत्। तदा च श्रीमदभयदेवसूरिणा जयतिहुअण द्वात्रिंशतिका सर्वजिनशासनभक्त**



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

दैवतगणपौढ्प्रतापोदयात् गुप्तमहामन्त्राक्षरा पेढे पोडशे च काव्ये स सूरिरशोबालकुन्तल समपुद्गल श्री रजनिस्वामी च पलाशवृक्षमूलात् आविरास । ततः शासनप्रभावको जातः।

१३६८ वर्षे इदं च बिम्बं श्री स्तम्भतीर्थे समायातो भविलानुग्राहणाय । इत्थं कालापेक्षया नानाभक्त्यै नानानामग्राहं नानाभक्त्या पूजितोऽयं परमेश्वरः । सर्वार्थसिद्ध-दाता जातस्त्वेषां द्वात्रिंशता प्रबन्धैर्वद्धं श्री स्तम्भनाथचरितमिदं । श्री पत्र द्विषोऽशो-ऽभूत् बन्धोऽभयदेवसूरिकथा ॥

इति अमन्दजगदानन्ददायिनि आचार्य श्री मेरुतुंगविरचिते देवाधिदेवमहात्म्य शास्त्रे श्री स्तम्भनाथचरिते द्वात्रिंशत्प्रबन्धे वन्धुरे द्वात्रिंशत्तमः प्रबन्धः समर्थितः । समाप्तं चेदं श्री स्तम्भनाथचरितम् ।

सं० १४१३ के उपर्युक्त प्रबन्ध में स्तम्भन-पार्श्वनाथ के प्रकटीकरण का समय सं० ११३१ दिया है। इससे नवांगवृत्ति रचना के बाद यह घटना हुई-सिद्ध होता है। अभय-देवसूरिजी का स्वर्गवास सं० ११३५ या सं० ११३९ में कपडवंज में हुआ। खरतरगच्छ पट्टावली के अनुसार आप चतुर्थ देवलोक में हैं और तीसरे भव में मोक्षगामी होंगे यथाः—

"भणियं तित्थयरेहि महा विदेहे भवंमि तइयम्मि,
तुम्हाण चेव गुरूणो सिग्घं मुत्तिं गमिस्संति ॥ १ ॥
कर्प्पावाणिज्ये नगरे श्री अभयदेवादिवम्,
गताः चतुर्थ देवलोके विजयिता सन्ति ॥"

आचार्य अभयदेवसूरिजी कीं निम्नोक्त रचना प्राप्त हैं।

१ स्थानांग वृत्ति (सं० ११२० पाटण) १४२५० (ग्रन्थाग्रन्थ) *
२ समवायाङ्ग वृत्ति (सं० ११२० पाटण) ३५७५ *
३ भगवती वृत्ति (सं० ११२८ पाटण) १८६१६ *
४ ज्ञाता सूत्र वृत्ति (सं० ११२० विजया दशमी पाटण ३८०० *
५ उपाशक दशांक सूत्र वृत्ति ८१२ *
६ अंतकृद्दशा सूत्र वृत्ति ८९९ *
७ अनुतरोपपातिक सूत्र वृत्ति १९२ *
८ प्रश्नव्याकरण सूत्र वृत्ति ४६०० *
९ विपाक सूत्र वृत्ति ९०० *
१६ पंच निग्रन्थी
१७ आगम अष्टोतरी *
१८ निगोद षट्त्रिंशिका
१९ पुद्गल षट्त्रिंशिका
२० आराधना प्रकरण गा. ८५
२१ आलोयणा विधि प्रकरण गा. २५
२२ स्वधर्मी वात्सल्य कुलक *
२३ जयतिहुयण स्तोत्र गा. ३०
२४ पार्श्ववस्तु स्तव [देवदुत्थिय] गा. १६
२५ स्तंभन पार्श्व स्तव गा. ८
२६ पार्श्व विज्ञप्तिका (सुरनर किन्नर)
२७ विज्ञप्तिका (जैसलमेर भंडार) गा. २६



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

१० उववाई सूत्र वृत्ति ३१२५ *
११ प्रज्ञापना तृतीय पद संग्रहणो १३३
१२ पञ्चाशक सूत्र वृति (सं. ११२४ द्योतका) ७४८० *
१३ सप्ततिका भाष्य १९२
१४ बृहत् वन्दनक भाष्य ३३
१५ नवपद प्रकरण भाष्य १५१

२८ षट् स्थान भाष्य गा. १७३
२९ वीर स्तोत्र गा. २२
३० षोडशक टीका गा- ३०
३१ महादण्डक
३२ तिथि पयन्ना
३३ महावीर चरित्र गा. १०८
३४ उपधानविधि पंचाशक प्रकरण गा. ५०

(नं. ३३-३४ मे हेमंत शांतिनाथमे ताड- पत्री प्रति है)

आचार्य अभयदेवसूरि के महत्व के व्यक्त करते हुए द्रोणाचार्य कहते है :—

आचार्याः प्रतिसद्म सन्ति महिमा येषामपि प्राकृते,
मतिं नाऽध्यवसीयते कुचरितैस्तेषां पवित्रं जगत् ।
एकेनाऽपि गुणेन किन्तु जगति प्रज्ञाघनाः साम्प्रतं,
यो धत्तेऽभयदेवसूरिसमतां सोऽस्माकमावेद्यताम् ॥

[ युग प्रधानाचार्य गुर्वावली पृ. ७ ]

पूज्य अभयदेवसूरिजी के सम्बन्ध में पं. बेचरदासजीने एक भागु पुस्तिका प्रकाशींत हो चुकी हैं । उस में कुछ बातें अैसी घनिष्ट लगी उसके सम्बन्ध में एक लेख जैन जगत में प्रकाशित हो चुका है ।

श्री अभयदेवसूरिजी की अप्रकाशित रचनाओं के शीघ्र ही प्रकाश में लाना जा रहा हैं और अज्ञात रचनाओं की खोज की जानी चाहिये ।

१७वीं शताब्दी के धर्मसागरने अभयदेवसूरि के गच्छ-परंपरा के समय में विवाद उठाया था । तब सं० १६१७ में पाटण के सभी गच्छवालोंने मिल कर वे खरतर गच्छ में ही हुवे हैं इसका मतपत्र वृत्तिमें दिया था । उस मतपत्र की नकल हमने अपने युग-प्रधानजितनंदसूरि ग्रन्थ में प्रकाशित कर दी हैं । समयसुंदरोपाध्य के काकाभाई अभय एवं उपाध्याय जयसोमा रचित प्रश्नोत्तर ग्रन्थ भी इसका अच्छा विवरण हैं ।

अभयदेवसूरि खरतरगच्छ के थे यह तपागच्छीय ग्रन्थो में भी उल्लेख हैं । अतः साक्षी ग्रन्थों में पालीवालगच्छीय अभयदेवसूरिरचित 'प्रभावकचरित्र (गद्य) का उल्लेख पत्रकमें है, पर वह अभी पाया नहीं हैं । इस महत्वपूर्ण ग्रन्थ की खोज भी अत्यावश्यक है ।

卐



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આજનો દિવસ

લેખક : વસંતલાલ કાંતિલાલ ઈશ્વરલાલ

રોજ સૂર્ય ઊગે છે અને આથમે છે.

ગઈ કાલની સંધ્યા સૂર્યને લઈ ગઇ હતી· આજે ઉષા પાછી તેને લઈ આવી.

ફરીને એક વધુ દિવસ આજે ઊગ્યો છે.

આજનું આ મંગલ પ્રભાત વિકાસની એક વધુ તક લાવે છે.

આજનું આ પ્રભાત જીવનની એક નવી શરુઆત લાવે છે. આજનું આ પ્રભાત કર્તવ્યનું ગૌરવ માણવાની એક વધુ તક લાવે છે.

જીવનનું એક નવું દર્શન કરી લ્યો,

આત્મશોધનનું એક નવું ઉંડાણ શોધી લ્યો, તેમ આજનો નવો દિન સુપ્રભાતને પ્રેરણા આપે છે.

આજનું પ્રભાત તે જીવન–કિતાબનું એક નવું કોરું પાનું છે.

આ કોરા પાના પર આપણે શું લખીશું ? કડવી ફરિયાદો ? ઉદ્ધત ગાળાગાળી ? નિરાધાર આંસુઓથી શું આ જીવન–કિતાબના નવા પાના સમા મંગલ પ્રભાતને ભીંજવી દઇશું. ?

બોલો ભાઇ, આ મંગલ પ્રભાતના કોરા પાના પર કૃત્રિમ વાર્તા લખીશું ? માથા ને પૂંછડી વિનાના અદ્ધર સમાચારો લખીશું ? વ્યાકરણના શુષ્ક ક્રિયાપદો લખીશું ? કુદરતી પ્રકોપો સામેનો પોકાર લખીશું ?

–કે પછી વીર, ધીર અને ગંભીર જીવન–કિતાબના આજન. પ્રભાતના આ કોરા પાનામાં એક એવી કવિતા લખીશું જે સુદૂરની ક્ષિતિજ પરની લાલી જેવી તરુણ હોય; જે કવિતા એક અમર આશા–ભર્યા વચન (Promise) રૂપ હોય; એક સચોટ આગાહીરૂપ હોય કે, "હું મને પામીશ;' એક અમર પ્યાસ રૂપ હોય જે નીલ વ્યોમને હોળીના રંગોથી સળગાવે.

આજના આ મંગળ પ્રભાતે એવું કશુંક કરીએ, જેમાં કાળ (Time) કેદ થાય, જેમાં અનંત વ્યોમ (Space) લપાઇ જાય, જેમાં જડ પરમાણુઓ દાસ બની હુકમ ઉઠાવે.

આજનો દિવસ એવો જીવીએ કે જેની યાદ જીવનભર ઘેરી તૃપ્તિ લાવે.

આ પસાર થતી અત્યારની એક ક્ષણ એવી વીતાવીએ કે તે ક્ષણ અનંતતાને પણ આવરી લે.

આજનેઃ દિન સફળ કરવો છે અને પછી તો આવતી કાલ તેની મેળે તેની સંભાળ લઇ લેશે.

આજનો દિન એટલા બધા સદ્‌વિચારોને સત્કાર્યોથી ભરી દઇએ કે ભૂતકાળની કડવી યાદ તેમાં રહી ન શકે; અને ભવિષ્યની ખોટી–જૂઠી આશાઓ પણ તેમાં પ્રવેશી ન શકે.

આજનો દિવસ તે જ સત્ય છે, ભૂતકાળ મરી ગયો છે, ભવિષ્ય હજુ જન્મ્યું નથી. આપણા સમગ્ર અસ્તિત્વનો ભાર લઇને માત્ર આજનો દિવસ ઊભો છે તેને સાર્થક કરીએ. અનંત કાળમાં પણ ફરીને આજનો દિન નહિ આવે. ભૂતકાળ તે આજ નથી, ભવિષ્ય પણ આજ નથી, માત્ર આજનો દિન જ આજનો દિન જ આજનો દિન જ આજનો દિન છે.

આજના ચોવીસ કલાકની સર્વ ખૂબીઓ માત્ર આજમાં જ સમાઇ છે. આવતી કાલે તે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ખૂબીઓ જોવા નહિ મળે. કારણ આવતી કાલની પ્રસંગરચના અચોક્કસ છે. 'સવારે ઊઠવાથી માંડીને તે રાત્રે સૂવા સુધીનો જીવનનો ગમે તેટલો બોજો આજના એક દિવસ માટે તો આપણે ઉઠાવી શકીએ તેમ છીએ' એમ સ્ટીવન્સન કહે છે. આવતી કાલની નકામી ચિંતા શા માટે? કારણ, આવતી કાલ હજુ આવી નથી. ગઈ કાલની ચિંતા શા માટે? કારણ, ગઈ કાલ ફરીને આવવાની નથી. સત્ય છે માત્ર આજનો દિન; કારણ આજે જ આપણે માત્ર અથાગ પરિશ્રમ કરી કર્તવ્યનું ગૌરવ પામી શકીએ છીએ. આજનો પુરુષાર્થ જ આપણા ભવિષ્યને મનમાન્યો આકાર આપશે. આવતી કાલ છે જ નહિ. આજનો દિન તે જ આવતી કાલ છે.

આજના દિવસનો પુરુષાર્થ આ સુપ્રભાતથી આરંભીએ. આજના એ પુરુષાર્થને ટોચ ઉપર–પરાકાષ્ઠાએ લઈ જઈએ.

ખુદી કો કર ઇતના બુલંદ ઇતના
કે હર તકદીર સે પહેલે;
ખુદા બંદે કો ખૂદ પૂછે
બતા તેરી રજા ક્યા હૈ ?

–આજના પુરુષાર્થને એટલો તો બુલંદ–જોરાવર કરો કે આપણું ભાગ્ય રચતાં પહેલાં ખુદ ઈશ્વર આપણી સલાહ લઈને પૂછે કે; બોલ ભાઈ! તારી ઇચ્છા શું છે? તે પ્રમાણે તારું ભાગ્ય હું રચું!"


લોખંડ

ના

ગોળ અને ચોરસ સળીયા

પટ્ટી તેમજ પાટા

વિગેરે મળશે

ધી ભારત આયર્ન એન્ડ સ્ટીલ ઇન્ડસ્ટ્રીઝ

રૂવાપરી રોડ, ભાવનગર

ટેલીગ્રામ : આયર્નમેન

ફોન : ઓફીસ : ૫૬૫૦ / ૩૦૬૯
રેસીડન્સ : ૪૫૫૭




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આદતનું જોર

ટેવ એ મનુષ્યનું બીજું જીવન છે, એમ કહેવાય છે. અને ખરેખર જીવનમાં ટેવ અત્યંત અગત્યનો ભાગ ભજવે છે. ટેવનો એ હિસ્સો હંમેશા ઉપકારક જ બને છે એમ નથી, તે રીતે તે હંમેશાં અપકારક પણ બનતો નથી.

ટેવ અતિ જરૂરી વસ્તુ છે. મનુષ્યમાં આ જાતની ટેવ પાડવાની શક્તિ ન હોત તો જીવન જીવવાનું સરળ ન બન્યું હોત. સંસ્કૃતિનો આ પ્રકારનો વ્યવસ્થિત વિકાસ ન થયો હોત. મનુષ્ય મનુષ્ય તરીકેની વિશિષ્ટતા પ્રાપ્ત ન કરી શકયો હોત મનુષ્યને રોજિંદા જીવન વ્યવહારને સરળ, સુસંગત બનાવવામાં ટેવ જ મદદ કરે છે.

અને છતાં ટેવ એ માત્ર મનુષ્યની વિશિષ્ટતા નથી, જડ અને ચેતન દરેકમાં આદત પડવાની મૂળગત પરિસ્થિતિ રહેલી જ હોય છે. જડમાં જોઇએ તો ફાઉન્ટન પેનની સ્ટીલ તદ્દન નવી હોય ત્યાં સુધી સરળતાથી ચાલતી નથી, પણ પણ થોડી વપરાયા પછી તે વ્યવસ્થિત ચાલવા લાગે છે. એ જ રીતે નવું તાળું, નવી સાણસી, નવાં કપડાંની ઘડી વગેરે સર્વ જડ વસ્તુને એના વપરાશ પ્રમાણે એક પ્રકારનું વલણ પડે છે. પ્રાણીઓમાં એ વિશેષ રૂપે જોવા મળે છે. અમુક રીતે ચાલવું, અમુક રીતે ખાવું, પીવું, બોલવું, શિકાર કરવાની વિશિષ્ટ રીત વગેરેમાં આદતનું જોર જોવામાં આવે છે. તો પછી એમ સહેજે પ્રશ્ન થાય કે ટેવ પાડવાની બાબતમાં મનુષ્ય કઇ રીતે બીજા પ્રાણીથી જુદો પડયો ? એમાં મનુષ્ય તરીકેની એની વિશિષ્ટતા કઇ રીતે સાધ્ય થઇ ?

પણ મનુષ્યની વિશિષ્ટતા જ એ છે કે તે ટેવ પાડતી વખતે ટેવના પરિણામો તપાસવાની શક્તિ ધરાવે છે અને બેસમજદારીમાં પડી ગયેલી ખરાબ ટેવોને તોડવાનું બળ ધરાવે છે. આ જ શક્તિ તેને બીજા પ્રાણીથી ચઢિયાતો બનાવે છે.

ને છતાં આપણે જોઇએ છીએ કે અનેક મનુષ્યો બૂરી ટેવોના ભોગ બનેલા હોય છે ને કોઇ રીતે એ ટેવમાંથી છૂટતા નથી આમ જે મનુષ્યો બૂરી ટેવને સમજવા છતાં ટેવ તોડવાની શક્તિ ન ધરાવતા હોય તે મનુષ્ય પોતાને બીજા પ્રાણીથી બહુ ચઢિયાતો ન માની શકે.

છતાં બોલવું સહેલું છે, કરવું મુશ્કેલ છે. અને મનુષ્ય રૂપ મળી જવા સાથે જ મનુષ્યને બીજા પ્રાણીથી અલગ એવું વિશિષ્ટત્વ પૂરું પાડે એવી શક્તિ સ્વાભાવિક રીતે મળી જતી નથી. માત્ર એ શક્તિ પુરુષાર્થ વડે પ્રાપ્ત કરવાની શકયતા ભરી સગવડ તેના માનસમાં પડેલી છે. એ પુરુષાર્થ એ ન કરી શકે ત્યાં તો આદતનું જોર જ તેના સમગ્ર મન ઉપર ફરી વળે છે અને માણસની બુદ્ધિ કે ઇચ્છાને અનુસરીને નહિ પણ ટેવના સ્વાભાવિક વલણ પ્રમાણે તે વર્તી જાય છે.

અને એ ટેવનું સ્વાભાવિક વલણ કેવું હોય છે, તેનો એક નિર્દોષ દાખલો જોઇએ. મુનિશ્રી ચિત્રભાનુ મહારાજે તેમના વ્યાખ્યાનમાં એ ઉદાહરણ આપેલું તેજ હું અહીં રજૂ કરૂં છુ. ટેવ સાવ નિર્દોષ, સ્વાભાવિક છે, પણ તેનું આધિપત્ય સભાનાવસ્થા પર પણ કેટલું છે તે તે સરળ રીતે બતાવે છે. એ ઉદાહરણ જોઇએ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

એક સૈનિક હતો. લશ્કરમાં ત્રીસ વર્ષ નોકરી કર્યા બાદ તે નિવૃત થયો. નિવૃત્ત થયા પછી એક દિવસ તે રસ્તામાં હાથમાં દૂધની ભરેલી તપેલી લઇ ચાલી જતો હતો. રસ્તાની ડાબી બાજુના એક મોટા ચોગાનમાં લશ્કરને પરેડ કરાવાતી હતી. આ સૈનિક ત્યાંથી નિકળ્યો તેજ વખતે એક હુકમ સૈનિકોને અપાયો. 'એટેન્શન.' (હોશિયાર) જ્યારે એટેન્શનનો હુકમ મળે ત્યારે સૈનિકે એકદમ હાથ સીધા રાખી ટટાર ઊભા રહી જવું જોઇએ. ત્રીસ વર્ષથી આ હુકમ સાંભળવાને ટેવાયેલા આ સૈનિકના કાન ચમકયા ને તે સાથે જ લશ્કરી શિસ્તની ચપળતાથી હાથમાનું દૂધનું વાસણ ફેંકાઇ ગયું ને હાથ બે બાજુ સીધા થઈ ગયા, પગ ચાલતા અટકી કૂચની જેમ સાથે સાથે ગોઠવાઈ ગયા. આમ ક્ષણ બે ક્ષણ ગઇ ને ઢળેલું દૂધ જોતાં સૈનિકને યાદ આવ્યું કે પોતે હવે નોકરી નથી કરતો, ને તેણે આ રીતે દૂધ ફેંકી દેવાની જરૂર નહોતી. ખાલી તપેલી નીચેથી ઊઠાવી, પોતા પર હસતો સૈનિક ત્યાંથી આગળ ચાલ્યો.

દાખલો સરસ છે. એ બતાવે છે ટેવોનું આપણા ઉપરનું આધિપત્ય. સાધારણ રીતે ટેવથી થતા કાર્યોમાં જાગૃત મન પરોવાતું નથી એથી જે ટેવના કાર્યને આપણે છોડવા માગીએ એમાં જાગૃત મન સીધી સ્વાભાવિક રીતે પૂરતો સાથ આપતું નથી, એ માટે એને ખેંચવું પડે છે, પુરૂષાર્થ કરવો પડે છે. ટેવ સારી કે બૂરી આમ આપણા ઉપર અનેક પ્રકારનું આધિપત્ય ભોગવતી હોય છે તેના અનેક દાખલા શોધીએ તો મળી આવે એમ છે. તો બધી જ બાબતમાં ટેવના આટલા આધિપત્યને આપણે સ્વીકારી લઇએ તો શું થાય? જીવનમાં દૂધ જેવાં તત્ત્વમય સંસ્કાર પણ એ દ્વારા ઢળી જાય.

એથી સહુ પ્રથમ તો મનુષ્ય માટે ટેવની ઉપકારક અંશોનો લાભ લેવો જરૂરી છે, તેથી જીવનમાં નાનપણથી સારી ટેવો પાડવી. બાળકના શુદ્ધ નિર્મળ ચારિત્ર્યને વિકસાવે એવી ટેવો જો નાનપણથી પડી હોય તો ખરાબ કરવાની ઈચ્છા થતાં જાગૃત મન સાથ નહિ આપે ને આપણે બૂરે રસ્તે સ્વાભાવિક રીતે લપસી નહિ પડીએ. દા. ત. એક માણસને અત્યંત ગરીબીથી ત્રાસીને કે લોભમાં પડીને થોડી અપ્રમાણિકતા કરી લેવાનો વિચાર આવ્યો. પણ જીવનમાં અપ્રમાણિકતાનો આશરો લેવાની તેને કદી ટેવ નહોતી, તેથી નિશ્ચય કર્યા છતાં ખરેખર અપ્રમાણિકતા કરવાનો સમય આવ્યો ત્યારે સ્વાભાવિકરીતે તેનાથી સાચી વાત પ્રમાણિક રીતની બોલાઇ ગઈ ને અપ્રમાણિકતા માટે કરેલી સર્વ તૈયારી વ્યર્થ ગઈ. એટલે બાળપણથી સારી ટેવ પાડી હોય તો એ મનુષ્યને ઉચ્ચ જીવનના ઘડતર માટે કરવા પડતા પુરૂષાર્થમાં સ્વાભાવિક રૂપે મદદગાર થાય. ને તેથી મનુષ્ય સરળતાથી ઊંચા ધ્યેય તરફ આગળ વધે પણ એ સારી બૂરી ટેવ વચ્ચે વિવેક રાખવાનું કામ નાનપણમાં માબાપે ને પછી જાતે જ કરવાનું છે. ટેવ પોતે તટસ્થ છે. તેનું બળ સારી કે ખરાબ બંને પ્રકારની ટેવોમાં સ્વાભાવિક સહજતાથી જ પ્રગટ થવાનું છે, તેના પ્રમાણ કે પરિમાણમાં સારા ખરાબના પ્રકારને આધારે ભિન્નતા આવતી નથી. એ ભિન્નતા માત્ર મનુષ્યની સંકલ્પશક્તિ દ્વારા ને વિવેકબુદ્ધિ દ્વારા જ સર્જી શકાય છે. એથી સારી ટેવો કદાચ બાળપણમાં ન પડી હોય ને મનુષ્ય ખરાબ ટેવનો ભોગ જ્યારે બની ગયો હોય ત્યારે ટેવના આ આપણી ઉપર આધિપત્ય ભોગવતા બળને ધીરે ધીરે પૂરતી વિવેકબુદ્ધિથી કસીને અને દ્રઢ સંકલ્પશક્તિ દ્વારા તોડતા રહીએ, એ માટે પૂરતો પુરૂષાર્થ કરીએ, ત્યારેજ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મનુષ્યની આપણી વિશિષ્ટતા પુરવાર થાય, નહિ તો પ્રાણી અને મનુષ્ય વચ્ચે આકારભેદ સિવાય કશું જ ભિન્નત્વ રહે નહિ, ટેવને આપણી લાકડી બનાવવાની છે, લાકડાની ઘોડી નહિ. કે જેના ટેકા વગર આપણે ચાલી જ ન શકીએ. એને આપણા ઉપર સત્તા આપીએ પણ એનાં ઉપર આપણી જાગતી નજર તો રહેવી જ જોઈએ. મૅનેજર દરેક કલાર્કનું રોજિંદુ કામ જોઈ જતો નથી, પણ દરેક હાથ નીચેના માણસના કામ પર તેની પૂરતી દેખરેખ છે એટલી પ્રતિભા તો જરૂર એ તેના હાથ નીચેના માણસોનાં મન ઉપર પાડે છે, અને તે પ્રતિભાના બળથી જ ઑફિસનું સમગ્ર સંચાલન યોગ્ય રીતિએ ચાલ્યા કરે છે, એમ આપણા રોજિંદા કામ ભલે આપણી ટેવની શક્તિથી ચાલે પણ આપણા સાવધાન, સમજદાર મનની પ્રતિભા તો તે ઉપર સતત પડેલી રહેવી જ જોઈએ. તોજ ટેવની શક્તિને બૂરી દિશામાં વળતી જોતાં તરત જ આપણે અટકાવી શકીશું. એથી આદતનું જોર વધે તે પહેલાં તે દ્વારા થતાં કાર્યની ચકાસણી પૂરી રીતે કરી લેવી જોઈએ અને પછી ખાસ પુરૂષાર્થ કરી અને ઘણીવાર તો માત્ર શક્તિ કેળવવા માટે પણ ટેવ તોડવાની ટેવ કેળવવી જોઈએ. એટલે કે દા. ત. ટેવ ખરાબ ન હોય ને બદલવાની જરૂર પણ ન હોય તોયે ટેવ તોડવાની આપણી શક્તિ વિકસાવવા, ચકાસવા, ને તે ઉપર વિશ્વાસભર્યો મદાર મૂકી શકીએ તેવી તેને બનાવવા પડેલી ટેવને તોડવી જોઈએ. કારણ ટેવ પાડવા કરતાં ટેવ તોડવામાં વધારે શક્તિની જરૂર છે ને એ શક્તિ દાખવવામાં માનસિક વીરતા પણ છે.

*

# જાત મહેનત જિંદાબાદ

એક વખત બર્દવાન સ્ટેશન પર એક તરુણ બંગાળી હાથમાં ચામડાની બૅગ લઈને ઉતર્યો અને ચારે બાજુ નજર ફેરવતો બૂમ મારવા લાગ્યો : “મજૂર....મજૂર....મજૂર.”

આ સાંભળી એક માણસ દોડતો તેની પાસે આવ્યો અને બૅગ હાથમાં લઈ પેલા બંગાળીની પાછળ પાછળ ચાલવા લાગ્યો.

બંગાળીએ રૂવાબભેર પૂછ્યું : “તમે લોકો ગાડીના વખતે પણ કેમ હાજર રહેતા નથી ?”

પરંતુ બૅગ ઉંચકનાર કંઈજ બોલ્યો નહીં.

બંને ઘોડાગાડી પાસે આવ્યા અને બૅગ ઘોડાગાડીમાં મૂકી. પેલા બંગાળીએ મજૂરીના બદલામાં બે આના આપવા માંડયા પણ મજૂરે તે ન લીધા. બંગાળીને લાગ્યું કે આને પૈસા ઓછા પડતા હશે. તેણે પૂછ્યું : શું બે આના ઓછા પડે છે ?”

મજૂરે શાંતિથી જવાબ આપ્યો : “ના સાહેબ, મને બે આના ઓછા નથી પડતા. પરંતુ આપ સાહેબ તમારો ભાર પણ ઉપાડી શકતા નથી તેથી મન દુઃખ થાય છે. હવેથી આપ તમારૂં પોતાનું કામ તો જાતે જ કરશો એવા આગ્રહ સહિત હું વિદાય લઉં છું.”

બત્તીના આછા અજવાળામાં પેલો તરુણ તે મજૂરના ચહેરાને જોઈ રહ્યો. મજૂર ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર હતા કે જેમના દર્શન માટે તે બંગાળી અહીં આવ્યો હતો.

—મોતીભાઇ સોમાભાઇ સુથાર



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# શાપરીઆ

શીપ બીલ્ડર્સ અને એન્જીનીયર્સ

: બનાવનારા :

- બાર્જીસ
- લાઈફ બોટસ
- ટગ્ઝ
- ડ્રેજર્સ
- પોન્ટુન્સ
- મુરીંગ બોયઝ
- બોયન્ટ એપરેટસ

વિગેરે.....................

: બનાવનારા :

- રોલીંગ શટર્સ
- ફાયર પ્રુફ ડોર્સ
- રોડ રોલર્સ
- વ્હીલ બેરોઝ
- રેફયુઝ હેન્ડ કાર્ટસ
- પેલ ફેન્સીંગ
- સ્ટીલ ટેન્કસ

વિગેરે.....................

## શાપરીઆ ડોક એન્ડ સ્ટીલ કું.
## પ્રાઈવેટ લીમીટેડ.

ચેરમેન :-શ્રી માણેકલાલ ચુનીલાલ શાહ
મેનેજીંગ ડીરેકટર :-શ્રી અમૃતલાલ ભાણજીભાઈ શાપરીઆ

રજીસ્ટર્ડ ઓફિસ અને શીપયાર્ડ
શીવરી ફ્રોર્ડ રોડ,
મુંબઈ-૧૫ (ડી. ડી)

ફોન : ૪૪૦૦૭૧, ૪૪૦૦૭૨, ૪૪૩૧૩૩
ગ્રામ : 'શાપરીઆ' શીવરી-મુંબઈ.

એન્જીઅરીંગ વર્કસ અને ઓફિસ
પરેલ રોડ, ક્રોસ લેન,
મુંબઈ-૧૨ (ડી. ડી.)

ફોન : ૩૭૦૮૦૯, ૩૭૪૮૯૩
ગ્રામ : 'શાપરીઆ' પરેલ-મુંબઈ.


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# બે યાત્રાળુઓ

—લે. રામનારાયણ ના. પાઠક

કોઈ એક ગામમાં બે ખેડૂત મિત્રો હતા. બંનેની ઉંમર સાઠ વર્ષ ઉપરની હતી. બાળપણથી લંગોટિયા ભાઇબંધ હતા. એકનું નામ રામા પટેલ, બીજાનું લક્ષ્મણ પટેલ. એકવાર લક્ષ્મણ ડોસાનું નવું મકાન બંધાતું હતું ત્યાં એક મોટા લાકડા ઉપર બેસીને બંને ડોસા વાતે વળગ્યા. રામ ડોસાએ કહ્યું: “લખમણ, હવે આપણે જાત્રાએ ક્યારે જવું છે?” લખમણે કહ્યું: “જુઓને, આ મકાન હજી અધુંય નથી થયું. સુતાર, કડિયા ધાર્યું કામ કરતા નથી ને મોડું થતું જાય છે.”

“આ તો પંદર દિવસમાં પૂરૂં થઈ જશે.”

“બસ પછી નીકળીએ.”

એ વાતને બે મહિના થઇ ગયા. મકાનનું વાસ્તુય લેવાઈ ગયું. એટલે વળી રામ આતા બોલ્યા. ‘કેમ ભાઇ, હવે જાત્રાએ ક્યારે જશું?’

“જુઓને ભાઇ આમાં મને તો મરવાની ય ફુરસદ નથી. આ છોકરા કોઈ કોઈનું માનતા નથી. કાલ સવારે વાવણીનો સમો આવશે. ખેતર હજી ખેડ્યા વિના પડ્યાં છે. વાવણી આવી, ચોમાસુ વીત્યું. દિવાળી પછી એક વાર બંને ડોસા ભેગા થયા. સરા પટેલે પૂછ્યું: “કેમ લખમણ હવે શો વિચાર છે.?” રામાભાઈ, તને શું કહું? મારી ઉપાધિનો પાર નથી. માગશર મહીનામાં આ જમનીનાં લગન કરવાનાં છે. ત્યાર પછી નીકળીએ.”

આમ મહિનાઓ અને વરસો થયાં. બન્ને ડોસા સિત્તેર વર્ષ વટાવી ગયા. એટલે પછી રામા પટેલની ધીરજ ખૂટી. એમણે તો જાત્રાએ જવાનો દિવસ નક્કી કરી લીધો. લખમણ પણ મહા-મુશ્કેલીએ તૈયાર થયો. બંને નીકળી પડયાં.

પાંચસાત ગાઉ ચાલ્યા બાદ એક ગામમાં ધર્મશાળામાં મુકામ કર્યો. વાળુપાણી કરીને બન્ને થાક્યાપાક્યા સૂઇ ગયા. રામા પટેલ તો ભગવાનનાં બે નામ લઇને શેતરંજી ઉપર લાંબા થયા તેવા જ ઘસઘસાટ ઉંઘવા માંડ્યા. પણ લખમણ ડોસાને ઉંઘ ન આવી. એના મનમાં અનેક વિચાર ઘોળાવા લાગ્યા. એને થયું ‘મેં આ ખોટો વખત પસંદ કર્યો છે. છોકરા કોઇ સરખું કામ કરશે નહીં અને મોલાત બધી સુકાવાની. ઘેર વહુવારૂ એની સાસુનું માનશે નહીં અને કજીયા થવાના. બળદ માંદો છે એનું ધ્યાન નહીં રાખે તો એ મરવા પડવાનો. આ રામ ડોસા તો છે સાવ નફકરો, એને ઘરબાર કે ખેતરપાદરની કશી પડી નથી. પણ મારે એની સાથે નીકળવાની જરૂર ન હતી.” આમ અધરાત સુધી વિચારવમળમાં અટવાયા કર્યે પછી માંડ પાછલી રાતે આંખ મળી.

રામ પટેલ તો વહેલા ઉઠીને સ્નાન કરી આવ્યા. બે માળા ફેરવી અને જવા માટે તૈયાર થયા. લખમણ આંખો ચોળતો ઊઠયો. જેમતેમ કરીને તૈયાર થયો અને બન્ને આગળ ચાલ્યા.

એમ કરતાં બેચાર દિવસે એક ગામને પાદરથી નીકળ્યા ત્યારે રામા પટેલે કહ્યું: “મને તરસ લાગી છે તે હું પાણી પી આવું.” લખમણે ચાલતાં ચાલતાં જ જવાબ આપ્યો. “આમ તું રસ્તામાં રોકાતો જઈશ તો આપણું શું થશે? મહિનેય કાશીએ પહોંચવાના નથી.”

‘તું ચાલતો થા. હું તને આંબી જઈશ.’

લખમણ તો આગળ ચાલ્યો.

રામ ગામને પાદર એક નાના મકાનમાં અંદર



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ગયો. જુએ તો ઘરમાં એક છોકરી ઊભી ઊભી રડે. રામા પટેલે પૂછ્યું: 'બેટા, કેમ રડે છે?'

છોકરી બોલી. "જુઓને, મારી માને, મારા બાપાને, મારા ભાઇને, સૌને તાવ આવ્યો છે. કોઈ પાણી પાય તેવું નથી. મને કુવે જતાં બીક લાગે છે."

રામા પટેલે છોકરીને વહાલથી પાસે બોલાવી. એને માથે હાથ ફેરવ્યો. ઘડોને સીંચણ લઈ પોતે કૂવે ગયો. પાણી ભરી લાવ્યો. ઘરનાં સૌને પાણી આપ્યું. સૌની થોડી સેવાચાકરી કરી. અને છેક સાંજે પડયે નીકળ્યો.

એટલામાં તો લખમણ ડોસો કેટલોયે આગળ નીકળી ગયો.

ફરી પાછા એક ગામમાં રામ ડોસા રોકાઈ ગયા. ત્યાં એક ઘર પડી ગયેલું અને આખું કુટુંબ બહાર ઉઘાડામાં પડેલું. તેમને રામા ડોસાએ નવું છાપરૂં બનાવી દીધું. એક બળદ મરી ગયેલો તે નવો બળદ લઇ આપ્યો. એવામાં તેના બધ પૈસા ખલાસ થઈ ગયા. તેથી એ ઘેર પાછો આવ્યો. અને ભગવાનનું નામ લઈ પોતાની ખેતી કરવા લાગ્યો.

આ બાજુ લખમણ પટેલ તો રામ ડોસાની રાહ જોયા વિના આગળ નિકળી ગયા. મજલ દર મજલ કરતા કાશીએ પહોંચ્યા. ગંગામાં સ્નાન કર્યું અને કાશીવિશ્વનાથનાં દર્શને ગયા. ત્યાં તો ખુબ ભીડ હતી. હૈયેહૈયું દળાય. ચાલવાનો માર્ગ નહીં. છેક પગથિયાં ઉપર લખમણ તો ઉભા રહ્યા. મંદિરના દરવાજા સુધી હજારો માણસો આગળ ઉભેલા. મંદિરનો દરવાજો ઉઘડ્યો અને ઝાલર, ઘંટનાદ થવા લાગ્યા. પૂજારીએ તો આરતી ઉપાડી લખમણ તો દૂર દૂર ઉભો છે. ઉંચો થઇને જુએ છે. હાથ જોડીને મહાદેવ સામે એકટશે જોઈ રહ્યો છે. એવામાં એણે શું જોયું? પૂજારીની બાજુમાંજ રામ ડોસા ઉભા છે. શંકરદાદાની પાસે જ હાથ જોડી નીચી નજરે પ્રાર્થના કરે છે.

એ જોઈ લખમણને બહુજ નવાઇ લાગી. મનમાં થોડી રીસ ચડી. એને થયું. માળું, આ રામો ડોસો છેક ત્યાં પહોંચી ગયો. કયારે મારી આગળ નીકળી ગયો તેની કશીજ ખબર ન પડી.

પૂજા આરતી પૂરી થઇ. લખમણ તો દરવાજા પાસે ઉભો રહ્યો. રામ ડોસાની રાહ જોઇ બધા માણસો નીકળી ગયા ત્યાં સુધી ઉભો રહ્યો. પણ રામ ડોસો નીકળ્યો જ નહીં. બીજે દિવસે આરતી વખતે જુએ તો રામ ડોસા બરાબર પૂજારીની પાસે જ ઉભેલા. અને લખમણે બહુ ધ્યાન રાખ્યું છતાં એને ભેગા થયા નહીં.

લખમણ યાત્રા કરીને ઘેર આવ્યો. ઘેર આવીને જુએ તો તેના એક છોકરાની વહુ રીસાઇને ઘેર ચાલી ગયેલી. ખેતર બરાબર ખેડાયેલાં નહીં. એક ગાય મરી ગયેલી. આ બધું જોઇને એને થયું કે આ કરતાં હું જાત્રામાં ન ગયો હોત તો સારૂં હતું.

પણ એ જ્યારે રામ ડોસાને ઘેર ગયો અને જોયું તો રામ પોતાની વાડીએ કોસ હાંકે છે. મજાનાં ભજન ગાય છે. લખમણને એ ભેટી પડયો અને બધા સમાચાર પૂછવા લાગ્યો. લખમણે કહ્યું કે "તું તો ભાઈ ખરો નીકળ્યો. છેક પૂજારી પાસે ઉભા રહીને ભગવાનનાં દર્શન કર્યા. મને ભેગો ય ન થયો?"

આ સાંભળી રામ ડોસાની આંખમાં આંસુ આવી ગયાં. એણે કહ્યું: "ભગવાનની દયા અપાર છે."

卐



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# કુમાર દેવાર્ય

લે. શ્રી રતીલાલ મફાભાઇ–માંડલ

ભગવાન પાર્શ્વનાથના નિર્વાણબાદ થોડા જ સમયમાં વૈશાલીનું ગણસત્તાક રાજ્ય અમલમાં આવ્યું હતું. નાના નાના પ્રજા સમુહો પોતાનામાંથી એકાદને નેતા તરીકે ચૂંટી કાઢતા. એવા બધા નેતાઓ એકત્ર થઈ એક બીજાના સહકારથી વૈશાલીનો રાજવહિવટ સંભાળતા હતા. આ બધા નેતાઓ રાજા કહેવાતા અને રાજાઓનો પ્રમુખ મહારાજા કહેવાતો.

આ બધા રાજાઓમાં શ્રેયાંસ રાજાનું સ્થાન આગળ પડતું હતું. જે વૈશાલીના એક પરામાં રહેતા હતા. તેમની પત્ની પ્રતિકારિણીને પેટ બે પુત્રો જન્મ્યા હતા. મોટાનું નામ વૃષભનંદન અને નાનાનું નામ દેવાર્ય હતું.

દેવાર્ય નાનો હતો. પણ અત્યંત પ્રભાવશાળી અને વીર્યવાન હતો. સ્વરૂપવાન પણ પૂરો. એનાં કમળ નયનમાં એવું કોઈ જાદુ ભર્યું હતું કે એની દૃષ્ટિ પડતાં જ એ હર કોઈનું દિલ જીતી લેતો. વાણીમાં પણ એટલું જ માધુર્ય હતું અને કંઠ પણ એટલો મીઠો હતો કે જાણે રૂપેરી ઘંટડીનો રણકાર. સાથે વિનમ્રતા પણ એટલી જ. એથી એ હરકોઈનું મોહક આકર્ષણ બન્યો હતો. એના મુખ પર કોઇ દૈવી તેજ ચમકયા કરતું હતું. હૃદય પણ એટલું જ નિર્દોષ અને પવિત્ર હતું. એથી એ સમગ્ર વૈશાલીનું ગૌરવ બન્યો હતો. આ કારણે નાના કે મોટા, બાળક કે બુઢ્ઢા, સહુ કોઈનો એ લાડકવાયો બન્યો હોઈ એનો પડયો બોલ સહુ ઝીલી લેતા. હરેકને એના પર અત્યંત મમતા હતી. સહુ કોઈ એને પોતાનો જ માનતા.

આવા બધા ગુણો ઉપરાંત એનામાં સેવાવૃત્તિ પણ ભારે હતી. હજુ તે ૧૬ વર્ષનો જ થયો હતો, છતાં એણે પોતાની આજુબાજુ મિત્રોની એક વિશાળ સેના જમાવી હતી, જે એનો બોલ પડતાં જ સહુ હાજર થઈ જતા.

એ કાળમાં ભિન્ન ભિન્ન કુળના ક્ષત્રિયો વસતા હતા, પણ એમાં જ્ઞાતૃ અને લિચ્છવી એ બે શાખાઓ જ મુખ્ય હતી. દેવાર્ય જ્ઞાતૃવંશી ક્ષત્રિય હતો અને તેનો પરમમિત્ર મહોદધિ લિચ્છવી શાખાનો હતો.

એકવાર ભાદરવા મહિનામાં આખુ વૈશાલી પોઢી ગયું હતું ત્યારે ઓચિંતા વાદળ ચઢી આવ્યા. વિજળીનાં ઝબકારા શરૂ થયા અને પછી તો એક સામટા બારેમેહ તૂટી પડ્યા. પવને પણ જોર પકડયું. એથી આ પ્રલય તાંડવમાં કંઈકના ઘર બેસી ગયા, છાપરાં ઊડવા લાગ્યા. ઝૂંપડીઓ તણાવા લાગી. અધૂરામાં પૂરું નદીઓએ માઝા મૂકી હતી. જેથી કંઈકના પિતા કેંકની માતા તો કૈંકના લાડકવાયા બેટાબેટી પાણીમાં તણાવા લાગ્યા. આથી 'અરેરે ! કોઈ બચાવો–બચાવો'ના કરુણ પોકારો વાતાવરણને વધુ કરુણ–ભયાનક બનાવી રહ્યા હતા. આવા આક્રંદભર્યા પોકારોથી વૈશાલી જાગી ઊઠયું. દેવાર્ય પણ પોતાના રાજમહેલમાંથી કૂદી બહાર આવ્યો. પરિસ્થિતિ એણે ઝડપથી માપી લીધી. જેથી એણે મિત્રોને તરત જ એકઠા કર્યા અને જે નીચાણવાળા ભાગમાં લોકો તણાઈ રહ્યા હતા ત્યાં પહોંચી જઈ એમણે જાનના જોખમે બચાવી શકયા તેટલાને બચાવી લીધા. તણાતી ઘરવખરી પણ શકય એટલી બચાવી લીધી. પણ સેંકડો કુટુંબો ઘરબાર વિનાના બન્યા હોઇ એમને આશ્રય આપવા તેમજ એ બધા ઠંડીથી ધ્રૂજતા હોઈ વસ્ત્રાદિ સાધનોની સગવડ આપવા એ બધા મિત્રો પોતેજ ઠંડીમાં ધ્રૂજી રહ્યા હોવા છતાં ઝડપી વ્યવસ્થા કરવામાં ગૂંથાઈ ગયા.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પણ બીજી બાજુ જેમણે પોતાના પ્રાણપ્યારાંઓને પોતાની સગી આંખ સામેજ થરતાં-ડૂબતાં જોયા હતા એ બધા ડૂસકે ને ડૂસકે રડી રહ્યા હતા. માબાપ ગૂમાવેલા બાળકોનું કરુણ આક્રંદ તો પત્થર દિલનેય હચમચાવી મૂકે તેવું હતું. છતાં સહુને આશ્વાસન આપી દેવાર્યે બને તેટલા એમના આંસુ લૂંછયાં ગામ જનતાએ પણ એમાં પૂરો સહકાર આપ્યો હતો.

* * *

આ ઘટના પછી દેવાર્ય અને તેના મિત્રોની સેવા પ્રવૃત્તિથી પ્રસન્ન થયેલા વૈશાલીના નગરજનો એ બધાનો યથાયોગ્ય આદર કરતા અને એમના ગુણગાન પણ ગાતા.

સેવા વૃત્તિથી જો જાગૃતિ નથી રહેતી તો એમાંથી યશલાભ-માનલાલસા અને અહંકાર પેદા થવાનો ભય રહે છે. એમાં વળી કુલાભિમાન ભળે એટલે પછી શું બાકી રહે ? અને બન્યું પણ તેમજ.

'અમેજ ખરૂં કામ કર્યું હતું. તમે તો કાંઠે રાહત આપવાના હળવા કામમાં જ હતા. જીવનું જોખમ ખેડનારા તો અમે હતા.' આવી વાતોમાંથી જ્ઞાતૃ અને લિચ્છવી બન્ને શાખાના કુમારો ઘણીવાર વાગ્યુદ્ધે ચડી જતા. પણ દેવાર્ય એમને ઠારતો અને એક યા બીજા કામમાં સહુને વાળી લેતો. પણ છેલ્લા એક માસથી દેવાર્ય પ્રવાસમાં હોઇ વાતાવરણ ફરી ધમધમી ઊઠયું. દુઃખની વાત તો એ હતી કે એમાં હવે વડિલો પણ ભળ્યા હતા. આથી મોટાભાઇનો સંદેશ મળવાથી દેવાર્ય તરત જ વૈશાલી પાછો ફર્યો. જો એ બે ચાર દિવસ મોડો આવ્યો હોત તો કદાચ કુરૂક્ષેત્ર મંડાઇ લોહીની નદીઓ વહી ગઇ હોત. આમ વાતાવરણ તો ભારે ઊકળેલું જ હતું. આથી દેવાર્યે બન્ને કુળના પુરૂષોને રાજના સભાગૃહમાં એકત્ર થવા કહેણ મોકલ્યું. એના પર સહુનો પ્રેમ હોઈ એ બધા સંથાગારમાં એકત્ર થયા.

વૈશાલીનું વિશાળ સંથાગાર આજે સાંકડું પડતું હતું. લોકોથી એ ઠસાઠસ ભરાઇ ગયું હતું. મધ્યમાં ઉંચા આસને મુખ્ય મુખ્ય રાજાઓ તથા મહારાજા બિરાજ્યા હતા પણ અંદરથી સહુ ધુંધવાયેલા હોઈ શસ્ત્રસજ્જ બનીનેજ આવેલા હતા. આ સમયે મલક મલક હસતા કુમાર દેવાર્યે પોતાની ઓજસ્વી મેઘગંભીર વાણીમાં સભાજનોને સંબંધીને કહ્યું કે—

"દાદાઓ અને વડીલો તથા મારા પ્રિય બાંધવો !

આપ સહુનો મારા પ્રત્યે જે વાત્સલ્યભાવ-સ્નેહભાવ ઢોળાતો રહ્યો છે એ બાળક દાવે મારા દુઃખમાં સહભાગી બનવા હું આપ સહુને વિનંતી કરૂં છું. વૈશાલી પર આવી રહેલા આક્રમણને ઠારી એને કેવી રીતે બચાવી લેવી એજ એકમાત્ર મારી ચિંતાનો વિષય છે." સહુ કોઇ એનો શબ્દે શબ્દ પીવા તલસી રહ્યા હતા. એથી એમાં વૈશાલીને બચાવવાની નવી વાત સાંભળી એ ભેદ જાણવા સહુ ઉત્સુક બન્યા. કાન સાબદા કરી સહુ ટટ્ટાર થયા.

જે વીર પ્રજાએ પોતાના વીરત્વ અને શૌર્યથી વૈશાલીની કીર્તિને દિગંત વ્યાપી બનાવી છે એ વૈશાલીના ક્ષત્રિય શિરોમણીઓ વૈશાલી પર આપત્તિ આવતાં દેહમાં લોહીનું છેલ્લું ટીપું બચશે ત્યાંસુધી પાછા હટનાર નથી એવો મને વિશ્વાસ છે. પણ તમને થશે કે એવું કોણ છે કે જે વૈશાલી પર આક્રમણ કરવાની હિંમત કરી શકે છે ? પણ એવો ભય તોળાઈ રહ્યો છે એ હું તો જાણું છું. એથી જો જાગૃત બની આપણે સંગઠિત નહી બનીએ તો આપણી વીરભૂમિ-વૈશાલી, ક્ષત્રિતેજની તીર્થભૂમિ જોત જોતામાં રોળાઈ જશે." આ સાંભળી સહુની આંખમાં એક નવી ચમક આવી. ભવાં સહેજ ઉંચા થયા અને હાથ તરવાની મૂઠ પર પડયા.

"પણ એ આક્રમણ બહારનું નથી. અંદરનું છે. આપણું પોતાનું જ છે. ભાઇ વૃષભચંદને મને



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સમાચાર મોકલ્યા કે બન્ને કુળો અંદરો અંદર લોહી વહેવડાવવાની તયારીમાં છે. હુ સમજાવુ છું તો એક કહે છે કે તમે નામર્દાઈની વાત કરો છો. બીજો પક્ષ કહે છે કે મરવું એ તો ક્ષત્રિઓને માટે રમતવાત છે. જીવન તો વાયુનો ગોળો છે. એ ઊડી જશે એની ચિંતા નથી અને મરશું તો ફરી જન્મશું! અલબત્ત આપણે વીર છીએ- મહાવીર છીએ. ધર્મ કે દેશની રક્ષા કાજે મરી ફીટવામાં આપણે સૌભાગ્ય માનીએ છીએ. પણ હું પૂછું છું કે મરવાની આટલી બધી ઉતાવળ કયા હેતુ અર્થે છે? ધર્મની રક્ષા ખાતર? કયા હેતુ અર્થે આપણે મરવા માંગીએ છીએ એ તો કહો? તમે કહેશો કે તો પછી લિચ્છવીઓ પોતાને શ્રેષ્ટ કેમ માને! બીજી બાજુ વળી લિચ્છવીઓ કહેશે કે ત્યારે જ્ઞાતૃવંશીઓ વળી શ્રેષ્ઠ કયારના થયા? બસ ઝઘડાનું મૂળ આ જ છે અને એટલા જ માટે તમે એક બીજાનું લોહી વહેવડાવવા તૈયાર થયા છો ને એથી જ બીજાનું લોહી વહેવડાવાથી શ્રેષ્ઠતા મળતી હોય ને એ રીતે વેરની આગ બૂજાતી હોય તો ચાલો, જ્ઞાતૃવંશીય તરીકે હું મારૂં બલિદાન લિચ્છવીઓને આપવા તૈયાર છું. જ્ઞાતૃવંશીઓને પણ જો એજ રીતે શ્રેષ્ઠતા ખરીદવી હોય તો મારો મિત્ર મહોદધિ જે લિચ્છવી કુમાર છે એ પોતાનું શિર ઉતારી આપવા તૈયાર છે.

**आग बुझानी हो तो ले लो बलिदान**
**मैं हूँ तैयार,**
**वैशाली की रक्षा काजे,**
**महोदधि लिच्छवी कुमार.**

"તો ચાલો, ઊઠો. જેમની ઇચ્છા હોય એ મારૂં બલિદાન લઈ લે. ધડ ઉપરથી શિર ઊતારી લે."

આમ કહીને દેવાર્ય પોતાનું શિર નમાવી રાજ સભા સામે ઊભો રહ્યો. સભામાં મૌન–સ્તબ્ધતા છવાઈ ગઈ. સહુ કોઇએ નેત્ર નીચે ઢાળી દીધાં. ન કોઇ હલ્યું, ન કોઈ બોલ્યું. ઉઠવાની તો હિંમતજ કોણ કરે! કોઇ નથી હલતું કે નથી કોઈ બોલતું એ જોઇ કુમારે ફરી કહેવા માંડયું કેઃ

"કેટલાક કહે છે કે મરશું તોય શું? એની ચિંતા શી? મરશું તો ફરી જન્મશું. અલબત દેશ, ધર્મ કે આશ્રિતની રક્ષા માટે હોમાઇ જવામાં તો સત્ત્વની રક્ષા થાય છે. પણ કુળાભિમાનના સંતોષ ખાતર હોમાઇ જવામાં શું પ્રાપ્ત થવાનું છે? એ તો નરી મૂર્ખાઇ જ છે. કારણકે કુળશ્રેષ્ઠતા સિદ્ધ કરવા મરવું અને મરીને ફરી વિરોધીઓને ત્યાં જન્મ્યા તો એ શ્રેષ્ઠતા ત્યારે કયાં રહેવાની છે? તમે કહેશો કે ત્યાંજ જન્મશું એની શી ખાત્રી? તો ત્યાં નહીં જ જન્મો એની પણ શી ખાત્રી? અને એમ જન્મ્યા તો તમે આજે જેમને દુશ્મન માનવા લાગ્યા છો એજ તમારા પ્રિય બનશે. એ કુળ પણ પ્રતિષ્ઠિત લાગશે અને એ મનાતા દુશ્મનો પણ ત્યારે તમને ફેંકી નહી દેતાં વાત્સલ્ય ભાવથી પોતાના માનશે તો પછી આજેજ સહુ એક બીજાને એજ સ્નેહથી અપનાવી લો તો એમાં ખોટું પણ શું છે? બાકી કોઇપણ કુળે પોતાની શ્રેષ્ઠતા ઇશ્વરના દરબારમાં મંજુર કરાવી નથી. પણ એ તો પોતાના સત્ત્વ-શીલ–ગુણ અને સેવાથી જ પ્રાપ્ત થાય છે. બાકી શ્રેષ્ઠતાનો ઇન્સાફ તલવારથી કદી થઈ શકતો નથી. એથી જે દિવસે તલવારનો ઉપયોગ થશે એ દિવસે લોહીની નદીઓ વહેતી થશે અને એ વૈશાલીને જ ભરખી જશે. મડદાં ચૂંથવા ટાંપીને બેઠેલા ગીધડાઓ આપણને જ ફોલી ખાશે. વિચાર કરો કે ત્યારે આપણું–આપણી પ્રિય વૈશાલીનું ગૌરવ કયાં રહેશે? વૈશાલી જ ખુદ ત્યારે આપણા ગાંડપણ માટે લજવાઇ આપણા પર ફિટકાર વરસાવશે. કારણકે તક જોઇને બેઠેલા આપણા દુશ્મનો ત્યારે વૈશાલીનું નામ નિશાન મિટાવી દેશે. કહો, ત્યારે આપણી પ્રતિષ્ઠા કયાં રહેવાની છે?



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અને જનતા પણ જ્યારે જાણશે કે ક્ષત્રિય-કુમારોએ મારાપણાની લાગણીથી નહીં પણ માન-પ્રતિષ્ઠા અને આદરપ્રશંસા મેળવવા માટેજ સેવા કરી હતી. ત્યારે એ આપણા માટે શું વિચારશે? અને પછી જે પ્રતિષ્ઠા–માનપાન માટે આપણે લડી મરવા તૈયાર થયા છીએ એ માનપાન ત્યારે આપશે કોણ? અને ત્યારે આપણે એના અધિકારી ગણાઇશું પણ કેવી રીતે?

ખરી રીતે તો બે હાથ વિના તાળી પડતી નથી તેમ લિચ્છવીઓનું ભૂષણ જ્ઞાતૃવંશીઓ છે અને જ્ઞાતૃઓનું લિચ્છવીઓ છે. એ બંનેના સહકારથી જ વૈશાલી ઊજળી છે.

એક પિતાના બે મૂર્ખ છોકરા લડે ને એમાંથી એક કહે કે મારો બાપ શ્રેષ્ઠ, બીજો કહે કે મારો બાપ શ્રેષ્ઠ! એવા મૂર્ખાઓની જેમ જ આ હસવા જેવી વાત છે. કોણ સભામાંથી ઇન્કાર કરી શકે તેમ છે કે આપણું પિતૃકુળ એક નથી. છેવટે તો લિચ્છવીઓ અને જ્ઞાતૃઓ એક જ કુળની શાખા છે ને? તો પછી આ હુંસાતુંસી શા માટે?

હું તો કેવળ આપનો બાળક છું. એ બાળક દાવે વડિલોને કંઇકે કહેવાનો મને અધિકાર નથી. એમ છતાં દિલનું દર્દ મેં તમારી સમક્ષ પ્રગટ કર્યું છે. આમ છતાં જો તમારા દિલની આગ બુઝાતી ન હોય તો જ્ઞાતૃઓ મહોદધિનું અને લિચ્છવીઓ મારૂં બલિદાન લઇને જ સંતોષ માને. પણ આંતર વિગ્રહમાંથી બચાવી લે."

આમ કહી કુમાર દેવાર્ય પોતાનું આત્મ–બલિદાન દેવા લિચ્છવી વડિલો તરફ આગળ વધ્યો અને એમને નમન કરી માથું નમાવી એમની સમક્ષ ઊભો રહ્યો.

ઘડીભર સભામાં નીરવ–સ્તબ્ધતા ફરી છવાઈ ગઇ. વડિલોએ શરમથી માથું નીચે ઢાળી દીધું હતું. પણ બીજીજ ક્ષણે પોતાના લાડકવાયા કુમારને આમ પોતાની સામે બલિદાન આપવા ઊભેલો જોઈ હૃદય એમનું ધડકી ઊઠયું. આંખો આંસુઓથી છલકાઈ ગઇ. તરતજ એ ઊભા થઈ ગયા અને એક પછી એક એને બાથમાં લઈ ગદ્ગદિત કંઠે એનું માથું સુંઘવા લાગ્યા. કપાળે ચુંબન કર્યું. અને મુખ પર વાત્સલ્યભર્યો હાથ ફેરવી કહેવા લાગ્યા કે, "બેટા! તારાથી તો અમારી વૈશાલી ઊજળી બની છે. સ્વપ્નેય તારૂં અહિત કોણ ઇચ્છે? તું શતાયુ થા. તારૂં અહર્નિશ કલ્યાણ હો" એવા આશીર્વાદ આપતાં પ્રેમની ઉત્કટતાએ કંઠ એમનો રૂંધાઈ ગયો.

"દાદાઓ! ખરેખર હું આપનો સ્નેહ–આશીર્વાદ મેળવવા ભાગ્યશાળી થયો છું. પણ કેવળ મારા માટે જ નહીં, પણ સર્વ જ્ઞાતૃકુમારો માટે આપ વડિલજનો પાસે હું પ્રેમની ભિક્ષા માંગું છું તેવી જ રીતે લિચ્છવી કુમારો માટે જ્ઞાતૃ વડિલો પાસે પણ એજ ભિક્ષા યાચું છું કારણકે—

**हिंसासें बढती है हिंसा,**
**वैरसे बढ जाना है वैर**
**प्रेम अहिंसा से मिट जाते,**
**कलह, असूया हिंसा वैर ॥**

હિંસાથી તો હિંસા અને વેરથી વેર જ વધે છે. માટે એના શમન માટે કેવળ પ્રેમની જ ભિક્ષાની મારી માંગણી છે. અને તે સર્વને માટે હું એ ઇચ્છું છું.

કુમારના લાગણીભર્યા શબ્દે સહુના પર જાદુ કર્યું. આથી સભાગૃહમાં ઉગ્ર બનીને આવેલા અને એકબીજાને બોલાવવામાં અક્કડ રહેલા બંને કુળના વીરહૃદયો આથી હલી ઊઠ્યા. અક્કડાઈ એમની ઉતરી ગઈ. અભિમાન ઓગળી ગયું અને હૃદય શરમ અને પશ્ચાતાપની વેદનાથી આર્દ્ર બની ગયું. પરિણામે હરેકની આંખમાંથી સ્નેહ–વાત્સલ્યના અમી અશ્રુઓની ધાર વહેવા લાગી.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આથી—

**लिच्छवी ज्ञातृ एक एकने गले-**
**स्नेह लगवाया ।**
**संथागार पवित्र बना**
**जब आंसुसे भिगवाया ।**
**कुमारकी मोहक वानीने**
**मिटा दिया असुया अभिमान**
**फिरसे दोनों एक बने थे,**
**बढ गई वैशालीकी सान ॥**

લિચ્છવીઓ અને જ્ઞાતૃઓ એક બીજાને ભેટી પડીને રડ્યા. એમના આ પવિત્ર અશ્રુઓથી વૈશાલીનું સંથાગાર આજે પાવન બની રહ્યું હતું. આમ કુમારે પોતાની મોહક વાણીથી ઇર્ષ્યા-અભિમાનની આગને ઠારી દીધી હતી, જેથી બધા ફરી એક થતાં વૈશાલીની સાન વધી ગઈ. વૈશાલી એ દિવસે ઊજળી બની. અને સભાજનોએ કુમાર દેવાર્યના નામનો જયઘોષ કરી સભાગૃહને ગજવી મૂક્યું.

આ શુભ સમાચાર વિદ્યુત્વેગે નગરમાં ફરી વળતાં વૈશાલી નાચી ઊઠી. ઘરેઘરે આનંદ મંગલ વરતાવા લાગ્યો. કામ પૂરું થયે સભાગૃહ તો ખાલી થયું. પણ કુમાર દેવાર્યના આવાસે હજારો નરનારીઓની ભીડ જામી હતી. ખાસ કરી નગરની સ્ત્રીઓએ તો એના મીઠડાં લીધાં. વધામણાં ગાયાં અને એની આરતી ઊતારી તેઓ નાચી ઊઠી. કારણકે એમની સૌભાગ્ય ચુડી નંદાવાના ભયમાંથી આજે ઊગરી ગઇ હતી. એથી એમના સૌભાગ્યનો રક્ષક કુમાર દેવાર્ય બન્યો હોઇ એ પોતાનું હૃદય એના પર ઢોળે એ સ્વાભાવિક હતું.

કુમારનું ઓજસ જ એવું હતું. પણ એથીયે વધારે તો એના સાનિધ્યમાં એવું સાત્વિક પ્રસન્નતાનું વાતાવરણ જામતું કે જનતા મુગ્ધ બની એના દર્શન માટે ઊમટી પડતી. અને એનું કહેવું પણ એ તરતજ સ્વીકારી લેતી. આમ કુમારે વૈશાલીને તો બચાવી લીધી. પણ એક વિચાર એને સતાવી રહ્યો હતો કે 'જેમાં કશું જ બદલામાં મળવાનું નથી એવા શુદ્ધ સેવાધર્મને પણ મનુષ્યો દુષિત કરી શકે છે એ એક દુઃખદ ઘટના છે. એનો કંઈ ઉપાય નહીં હોય શું ? એથી એ એના ચિંતનમાં ઊતર્યો. પરિણામે એને સૂઝી આવ્યું કે 'સેવાધર્મ એ પરમ શ્રેષ્ઠ ધર્મ છે–એ એક મહાન તપશ્ચર્યા છે. જીવનની એક સાધના છે, પણ જ્યાં સુધી ત્યાગદશા ન પ્રગટે, નિષ્કામ કરુણા બુદ્ધિ ન જાગે, અંતરનો સ્નેહભાવ ન કેળવાય તેમજ નિરભિમાનતા ન પ્રગટે, અર્થાત્ અધ્યાત્મના પાયા પર એની પ્રતિષ્ઠા ન થાય ત્યાંસુધી સેવાધર્મ પરોપકારી હોવા છતાં પણ એના આચરનાર માટે તો એ ભયસ્થાન બની રહેવા સંભવ છે. માટે સેવાધર્મ નિઃસ્વાર્થત્યાગ, નિરભિમાનપણું અને અંદરથી ઉદ્ભવેલા માનવતાના ધર્મની પ્રથમ અપેક્ષા રાખે છે. એથી એવા ત્યાગ અને ચારિત્ર્યની સાધના એજ આજે પરમાવશ્યક છે, એ પછીજ સેવાનો અધિકાર પ્રાપ્ત થઇ શકે.' આમ એ નવા ચિંતનમાં ઊતર્યો હતો પણ આત્મ બલિદાનની તૈયારીથી એણે વૈશાલીને બચાવી લીધું હતું, તેમજ વૈશાલીઓની પ્રતિષ્ઠાનું પણ રક્ષણ કર્યું હતું એથી એનામાં એક પ્રકારનો આત્મસંતોષ પ્રગટ્યો હતો.

('જૈનધર્મની બલિદાન કથાઓ' અપ્રગટ પુસ્તકમાંથી)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# છેલ્લું નાટક

**લે. મનસુખલાલ તા. મહેતા**

આચાર્ય ધર્મરુચિ પોતાના શિષ્ય સમુદાય સાથે એક વખત રાજગૃહીમાં આવી પહોંચ્યા. તેમના બધા શિષ્યોમાં વયની દૃષ્ટિએ સૌથી નાના આષાઢાભૂતિ હતા, પરંતુ જ્ઞાન, ગુણ અને ચાતુર્યમાં તેઓ સૌથી શ્રેષ્ઠ હતા. આષાઢાભૂતિએ બાલ્યાવસ્થામાં જ દીક્ષા લીધી હતી અને યૌવન અવસ્થા પ્રાપ્ત થતાં તો મંત્ર અને તંત્ર જેવા શાસ્ત્રોનો અભ્યાસ કરી તેઓ તેના અઠંગ નિષ્ણાત બની ગયા હતા.

આષાઢાભૂતિ એક દિવસે ગોચરીએ નીકળ્યા અને ફરતાં ફરતાં એક નટના નિવાસસ્થાને જઇ પહોંચ્યા. રાજગૃહીના સૌથી વધુ વિખ્યાત નટનું એ નિવાસસ્થાન હતું અને તેના ઘેરે વૈભવનો કોઇ પાર ન હતો. નટને સંતાનમાં બે પુત્રીઓ હતી અને પિતાના કામમાં મદદરૂપ બનતી. યૌવન અવસ્થા પામેલ ઉર્વશી અને મેનકામાં નામ પ્રમાણે જ ગુણો અને શક્તિ હતા. બંને બહેનોએ મુનિરાજનાં પાતરાંમાં સ્વાદિષ્ટ અને સુગંધી લાડુ વહોરાવ્યો. લાડુની સોડમથી જ મુનિરાજનું ચિત્ત પ્રસન્ન થઇ ગયું, તો તેના સ્વાદની તો વાત જ શી કરવી ? મુનિરાજે બહાર જઈ વિચાર્યું કે આ લાડુમાંથી તો તેને કશું મળવાનું નહિ, કારણ કે એવા છ લાડુઓ હોય ત્યારે જ તેના ભાગે એક લાડુ આવે. યોગ સાધનામાં પારંગત એવા મુનિરાજે, રૂપપરાવર્તનની વિદ્યા વડે છ વખત જુદા જુદા મુનિરાજના રૂપ ધારણ કર્યાં, અને છ લાડુઓ પ્રાપ્ત કરી એક સ્વાદિષ્ટ લાડુનો સ્વાદ માણ્યો.

નટરાજ ઉપરની અટારીએ ઊભા ઊભા મુનિરાજની રૂપપરાવર્તનની ક્રિયા જોઇ ભારે અચંબો પામ્યા અને વિચારવા લાગ્યા કે આ મુનિરાજને જો નટ બનાવી શકાય તો લક્ષ્મીની રેલમછેલ થઈ જાય. નટરાજે નીચે આવી બંને પુત્રીઓને પૂછ્યું કે ગોચરી અર્થે કોઈ સાધુ પધાર્યા હતા ? બંને બહેનોએ કહ્યું કે એક નહીં પણ છ સાધુઓ એક પછી એક આજે ગોચરી અર્થે પધાર્યા હતા. નટરાજે મુનિનો સ્ફોટ કરતાં કહ્યું કે મુનિ તો એકના એકજ હતા, પણ એમની વિદ્યાના બળથી જુદાં જુદાં છ રૂપો ધારણ કરી ગોચરી લઈ ગયા. આ મુનિરાજને તમારી સંમોહ વિદ્યાથી જીતી લઇ તેને તમારા બનાવી શકો, તો સમગ્ર ભારતમાં આપણી નટમંડળીનો ડંકો વાગી જાય. પણ આવા ત્યાગી સાધુમુનિરાજને તેના પંથ પરથી વિચલિત કરી ગૃહસ્થાશ્રમમાં લાવવા, એ લોઢાના ચણા ચાવવા કરતાં પણ અત્યંત કઠિન કાર્ય છે.

રસોની લાલચુ અને સૌ કામનાને જન્માવનારી એવી રસેન્દ્રિય અને જનનેન્દ્રિયને બહેનોની માફક અતિ નિકટનો પરિચય છે. તેથી માત્ર જૈન સાધુઓને માટે જ નહિ, પરંતુ બ્રહ્મચર્યના સાધક માટે પણ શારીરિક ટાપટીપ, સ્ત્રીનો સંસર્ગ અને સ્વાદિષ્ટ અન્નપાન ત્યાજ્ય ગણવામાં આવ્યાં છે. લોહચુંબક જેમ લોઢાને આકર્ષે છે, તેમ સ્ત્રી અને પુરુષ બંનેમાં કુદરતે એક એવું સમાન તત્ત્વ મૂકી દીધું છે, કે તે બંને ભેગાં મળતાં, પછી ભલેને એક નટડી અને બીજો યોગી હોય તો પણ, એકમેકનાં નિકટ આવવાના કારણે પ્રબળ આવેગથી પેલાં સમાન તત્ત્વો એક બીજા તરફ આકર્ષાય છે.

લાડુના સ્વાદના કારણે કે પછી લોહચુંબક માફક બંને બહેનોનાં આકર્ષણના કારણે, મુનિરાજ ત્યાં દરરોજ ગોચરી લેવા આવવા લાગ્યા. પોતાને ત્યાં અનેક દાસદાસીઓ હોવા છતાં બંને બહેનો આગ્રહપૂર્વક જાતેજ મુનિરાજના પાતરાં ભાતભાતનાં



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અને જાતજાતનાં સ્વાદિષ્ટ મિષ્ટાનોથી ભરી દેતી. કામવાસના મનુષ્યનો મોટામાં મોટો દુશ્મન છે, અને પ્રેમના સોહામણા શબ્દ કવચમાં લપટાઈ તે મનુષ્યને ભોળવી જાય છે. એ શુદ્ધ પ્રેમ ન હતો પણ માત્ર વાસના હતી, તે સમજવામાં આવે તે પહેલાં તો મનુષ્ય પતનની ઊંડી ખાઇમાં ધકેલાઇ ગયો હોય છે. મુનિરાજ શરૂઆતમાં તો બંને બહેનોના ભર્યાભર્યાં અને ઘાટીલા દેહ અને તેમાંથી ઊડીને આંખને ચોંટી જાય તેવું સૌન્દર્ય ચોરદૃષ્ટિથી જોઇ લેતાં, પણ નટડીઓથી આ વાત કાંઈ થોડી છૂપી રહે? જે સ્ત્રીએ પુરુષની દૃષ્ટિ જીતી, એ સ્ત્રી છેવટે પુરુષને જીત્યા વિના નથી રહેતી.

સ્ત્રીઓમાં શરમ, લજ્જા અને ભયના ભાવો તો કુદરતની અમૂલ્ય બક્ષીસ છે. પણ જ્યાં એ બધું ખસી ગયું ત્યાં પછી એવી સ્ત્રીની નિર્લજ્જતાની કોઇ સીમાજ નથી રહેતી. એક દિવસે વધુ પડતી છૂટ લઈ ઉર્વશીએ મુનિરાજને પૂછ્યું: 'નિરંજન અને નિરાકારની પાછળ પડવાને બદલે, સાકાર એવી સુંદરીઓ સામેથી તમારું સન્માન કરે તો તેનો સ્વીકાર કરો ખરા કે?' મુનિરાજે જરા ગંભીર ભાવે કહ્યું: 'મારા માતા પિતાએ તો મને સમજાવેલું કે ગૃહસ્થાશ્રમ ભોગવીને પછી ત્યાગના માર્ગે જા. પરંતુ લગ્ન પણ મોટે ભાગે શારીરિક, માનસિક કે આધ્યાત્મિક કજોડાં જ હોય છે. દાંપત્ય જીવનમાં પણ કંકાસ, કલેશ, સંઘર્ષ અને અસંતોષ સિવાય બીજું શું જોવાનું મળે છે? લગ્ન જીવનમાં ધર્મબળની ઊણપ છે. આજે તો ધર્મબળને બદલે માત્ર અર્થ અને કામબળ જ લગ્નના મુખ્ય હેતુ બની ગયા છે. બાલ્યવયેજ ચારે તરફ આવું જોતાં લગ્નના ભયથી જ સંસાર છોડી સાધુ થયો'.

પછી તો બંને બેનોની સાથે વધુ પડતો પરિચય, સ્વાદેન્દ્રિયની તૃપ્તિ અને કામને ઉપજાવે એવા વિધવિધ દ્રવ્યોના દર્શનથી, મુનિરાજના ચક્ષુમાં કામૈષણાનું એક અભેદ્ય પડ ઊપસી આવ્યું. સ્ત્રી બુદ્ધિશાળી હોય કે બુદ્ધિહીન, પણ પુરુષ જાતિની આવી નબળાઈ પકડી પાડવામાં સ્ત્રી જાતિ ભારે ચતુર અને કાબેલ હોય છે. એક દિવસ બંને બહેનોએ મુનિરાજને પ્રેમશાસ્ત્ર શીખવવાનું ખુલ્લું આવાહન આપી ચરણ સ્પર્શ કરવા પ્રયત્નો કર્યા, પણ મુનિરાજે તેઓને તેમ કરતાં અટકાવી કહ્યું: 'જ્યાં સુધી હું મુનિ છું ત્યાં સુધી મારે મુનિ ધર્મનું પાલન કરવું જ રહ્યું. મારા ગુરુ સમક્ષ મેં દીક્ષા વ્રતની પ્રતિજ્ઞાઓ સમજપૂર્વક લીધી છે અને તેનો ભંગ કરું તો રૌરવ નરકમાં પડું. પાપ કર્મના ઉદય કારણે અગર બાકી રહી ગયેલા ભોગાવલી કર્મને ભોગવી લેવા માટે, તમારી સાથે સંસાર માંડવાની ઈચ્છા થઈ આવી છે, પણ ગુરુદેવ સમક્ષ મારા મનને ખુલ્લું કરી તેમની રજા મળ્યા પછી જ આપણે સંસાર શરૂ કરી શકીએ.'

આષાઢાભૂતિએ પોતાના મનનો ઇરાદો ગુરુદેવ સમક્ષ કહ્યો ત્યારે તેના આઘાતનો કોઈ પાર ન રહ્યો. આષાઢાભૂતિ પૂર્વજન્મનો કોઈ યોગભ્રષ્ઠ જીવ હતો, પણ ભોગાવલી કર્મોના ઉદયના કારણેજ આ રામાયણ ઊભી થવા પામી છે, તે હકીકત ગુરુદેવ સમજી ગયા. એમ છતાં સાધુવેશ અને લીધેલાં વ્રતો પ્રત્યે તેની વફાદારી જોઇ તેના ચિત્તને શાંતિ થઇ કે આ જીવ સંસારનો નથી, પણ ત્યાગ ધર્મ માટેજ સર્જાયેલો છે. ગૃહસ્થાશ્રમમાં પણ માંસ કે મદિરાના સ્વાદ કરનારાઓની સંગતથી દૂર રહેવું એવી પ્રતિજ્ઞા ગુરુદેવ પાસેથી લઇ આષાઢાભૂતિએ સાધુ ધર્મમાંથી મુક્ત બની મેનકા અને ઉર્વશી સાથે લગ્ન કર્યા અને ગૃહસ્થાશ્રમ શરૂ કર્યો.

આષાઢાભૂતિના સહવાસમાં મેનકા અને ઉર્વશીની દેહયષ્ટિ ખીલી ઊઠી. માનવલોકની નારીઓ આબેહૂબ સ્વર્ગની અપ્સરા જેવી દેખાવા લાગી. શરૂશરૂમાં આષાઢાભૂતિ ઊંડા વિચારમાં લીન થઈ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જતા અને કયા સ્થાનેથી કેવા સ્થાનમાં પોતે ગબડી પડયા, તેનું દુઃખ અને આઘાત પણ અનુભવતા. બંને બહેનો તેને કુશળતા પૂર્વક સમજાવતી: "વૈરાગ્ય અને પ્રેમ બંને આત્મસ્ફુરણા છે, એ કાંઇ પરાણે લાદવાની વસ્તુ નથી. માનવનો ધર્મ આત્માની સહજ સ્ફુરણા મુજબ ગતિ કરવાનો છે. વૃત્તિને છુપાવવી, દબાવવી કે અવહેલના કરવી એતો આત્મા સાથેની છેતરપિંડી જેવું છે અને એમ કરનારને અંતે તો તેનો બેવડો દંડ આપવો પડે છે."

પછી તો ધીમે ધીમે આષાઢાભૂતિ રીઢા સંસારી અને કુશળ નટ બની ગયા. જીવનો સામાન્ય સ્વભાવ એવો છે કે જેવા સંજોગો, વાતાવરણ અને પરિસ્થિતિમાં તે આવી પડે, તેને અનુરૂપ તેનું જીવન પણ બની જાય છે. સંયમના અવતાર રૂપી સાધુઓના સંસર્ગમાં જે આષાઢાભૂતિ ત્યાગી, તપસ્વી અને સંયમી હતા, તેજ આષાઢાભૂતિ બંને નટડીઓનાં સહવાસમાં પૂર્ણ ભોગી બની ગયા. જેવો સંગ તેવો રંગ. મદિરા કરતાં પણ વધુ માદક એવા બંને બહેનોનાં સંગીતના સૂરો કાને પડતાં આષાઢાભૂતિ નિદ્રાવશ થઇ જતા. સ્વાદેન્દ્રિય એક પછી એક તમામ ઇંદ્રિયોને બરબાદ કર્યા પછી જ જંપે છે. સ્વાદ અને શબ્દો પર જેણે કાબૂ ખોયો, એનું જીવન અંતે બરબાદ થાય છે. ધર્મશાસ્ત્રોએ તેથી જ સ્પષ્ટ રીતે કહી દીધું કે, આત્મા પોતે જ પોતાનાં દુઃખોનો અને સુખોનો કર્તા તેમજ ભોક્તા છે.

નટરાજની આશા ફળી અને તેને ત્યાં લક્ષ્મીની રેલમછેલ થઇ. સ્વર્ગલોકની ઉર્વશી અને મેનકાને ઋષિઓની પ્રાપ્તિ માટે તેઓને તપોભંગ કરાવવા અથાગ પ્રયત્નો કરવા પડે છે, ત્યારે માનવલોકની આ ઉર્વશી અને મેનકાએ આવા ભવ્ય મુનિરાજને વિના પ્રયત્ને પોતાના કરી લીધા હતા. પરંતુ જે સાધનોથી જીવન સમૃદ્ધભાસે છે, તે જ સાધનો દુઃખનાં કારણો પણ બને છે. તેથી જ કહેવાય છે કે દુઃખ સત્ય છે જ્યારે સુખ માયા છે.

રાજગૃહીના રાજવી સિંહરથની સભામાં એક વખતે એક સુપ્રસિદ્ધ નટે આષાઢાભૂતિ સામે હરિફાઈ કરવા તૈયારી બતાવી. નિયુક્ત કરેલા દિવસે હરિફાઇ થઇ અને આષાઢાભૂતિએ પેલા નટને હરાવી વિજય મેળવ્યો. વિજયની વરમાળ પહેરી આષાઢાભૂતિએ જ્યારે શયનગૃહમાં મોડીરાતે પ્રવેશ કર્યો ત્યારે જુગુપ્સા ઊપજે તેવું ત્યાંનું દૃશ્ય જોઇ તેને ધરતીકંપના જેવો આંચકો લાગ્યો. તેનું સમગ્ર ચિત્તતંત્ર ખળભળી ઊઠયું.

એ શયનગૃહના એક વિભાગમાં મદિરાપાત્રો પડેલાં હતાં અને બીજી બાજુ ઉર્વશી અને મેનકા મદિરાના ઘેનમાં બેભાન થઈ પડયા હતા. ઉર્વશીના મોંમાંથી લાળ વહી રહી હતી અને મેનકા બેભાન અવસ્થામાં દાંતો કચડતી હતી. બંનેનાં વસ્ત્રોનું કોઇ ઠેકાણું ન હતું. માનવીના શબ જેવી બંનેની હાલત હતી. સૌન્દર્ય અને રૂપ કેવા ક્ષણભંગુર અને નાશવંત છે, તેની પ્રતીતિ આષાઢાભૂતિને થઈ અને તે સાથે જ ગુરુદેવ પાસેથી લીધેલી પ્રતિજ્ઞાની યાદ તાજી થઇ. આષાઢાભૂતિના ગૃહસ્થાશ્રમનો કરુણ અંત આવ્યો. ભોગમાં જેઓ આનંદની કલ્પના કરે છે, તેઓ સૌને અંતે તો પસ્તાવુંજ પડે છે.

વહેલી સવારે દારૂના ઘેનમાંથી બંને સ્ત્રીઓ જ્યારે જાગૃત થઈ, ત્યારે આષાઢાભૂતિને તેમની નજીક જોઈ આશ્ચર્ય પામી. બંને બહેનોએ પોતાનાથી થઈ ગયેલા અપરાધની માફી માગી. વિષણ્ણ હૈયે આષાઢાભૂતિએ કહ્યું: 'અપરાધી તમે નહિ પણ હું છું. ચંચળતાનું મૂર્ત સ્વરૂપ એટલે સ્ત્રી. તેથીજ સ્ત્રી આમ વર્તે એ તો ક્ષમ્ય છે, પણ તમારા રૂપમાં હું પાગલ બની બેઠો, ધર્મ–કર્મ–સંયમ ખોઈ બેઠો એટલે સાચો અપરાધી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તો હું જ છું. હવે જે પથનો હું મુસાફર છું તે પર મને જવાની રજા આપો.'

આષાઢાભૂતિને હવે પાછો વિલાસ વૈભવના માર્ગે લાવવો અશક્ય છે, એમ જાણી બંને પત્નીઓએ પોતાના ભરણપોષણના માટે દલીલ કરી, એટલે આષાઢાભૂતિએ જીવનનું છેલ્લું નાટક ભજવી તેની આવક તેમને આપી દેવા તૈયારી બતાવી. આષાઢાભૂતિના છેલ્લા નાટકની જાહેરાત થતાં, એ નાટક જોવા દેશપરદેશના અનેક રાજવીઓ, રાજકુમારો અને સાધનસંપન્ન સ્ત્રીપુરુષો રાજગૃહીમાં આવી પહોંચ્યા.

આષાઢાભૂતિના જીવનનો ચિતાર આપતું એ એક અદ્ભુત નાટક હતું. નાટકના અંતિમ ભાગમાં આષાઢાભૂતિના મહાભિનિષ્ક્રમણ વખતે, પત્નીઓએ પાછા ફરવા અત્યંત આજીજી કરી ત્યારે તેણે જવાબ આપતાં કહ્યું: 'પ્રેમ અને ધર્મના ઓઠા નીચે આ નાટકરૂપી સંસારમાં પતિપત્નીના સ્નેહ અને પ્રીતિનું પણ એક અદ્ભૂત ફારસ ચાલે છે. હું મારો સાધુધર્મ ચૂક્યો, તમે શુદ્ધ પ્રેમ ધર્મ ભૂલ્યા. વિલાસનાં બે સ્વરૂપો છે, દેહ અને આત્મા. દેહના ભોગ–વિલાસમાં રોગ અને વિડંબનાઓ છે, આત્માના વિલાસમાં ચિરશાંતિ અને સમભાવ પ્રાપ્ત થાય છે. દેહના વિલાસને બદલે આપણે જો આત્માના વિલાસની ખોજ કરી હોત, તો આપણા જીવન મરણના ચક્રનો અંત આવી જાત. તમારા હૃદયમાં મારા આત્મા પ્રત્યેનો પ્રેમ હોત, તો દીક્ષાના માર્ગેથી તમારી સાથે વૈભવ વિલાસના માર્ગે આવતાં તમે મને અટકાવ્યો હોત. તમારા દેહને બદલે આત્મા પ્રત્યે મને જો પ્રેમ થયો હોત, તો તમારે ત્યાં આવવાને બદલે દીક્ષા અર્થે હું જ તમને ગુરુદેવ પાસે લઇ ગયો હોત.'

પ્રેક્ષકો અપૂર્વ શાંતિપૂર્વક એક ચિત્તે આષાઢાભૂતિના કલ્પાંતની વાત સાંભળી રહ્યા હતા. આષાઢાભૂતિએ પત્નીઓ પ્રત્યે ફરીને જોઈ કહ્યું: 'આતો તમે મને છેતર્યો અને મેં તમને છેતર્યાં જેવું થયું. હવે તો જાગ્યા ત્યાંથી સવાર. બાકી આ બધી છેતરપિંડીના મૂળમાં પૂર્વ જન્મનાં શાં શાં કારણો તેની પાછળ રહ્યાં હશે, તેની આપણને શી ખબર પડે! ખરેખર કર્મની ગતિ ભારે વિચિત્ર છે.'

આષાઢાભૂતિની મુખાકૃતિમાં અજબ પરિવર્તન થયું. તેને વિશેષજ્ઞાન પ્રાપ્ત થયાની અનુભૂતિ થઇ અને જાણે પોતાનો પૂર્વભવ પ્રત્યક્ષ જોઈ રહ્યા હોય એવા ભાવે કહ્યું: 'મહાનુભાવો! મેનકા અને ઉર્વશીના પાછલા ભવમાં તેઓની સાથેનો મારા પૂર્વજન્મનો અસત વ્યવહાર હું હવે પ્રત્યક્ષ રીતે જોઈ રહ્યો છું. મારે સહેવી પડેલી વિડંબનાનું કારણ પણ તેમાંથી મળી રહે છે. પૂર્વજન્મમાં હું જ્યારે યોગી તરીકે ધ્યાનસ્થ બેઠો હતો, ત્યારે આ બંને સ્ત્રીઓ મને લલચાવવા આવી હતી. આ વખતે યોગશક્તિથી પ્રાપ્ત થયેલી વિદ્યાનો જેમ વ્યભિચાર કર્યો, તેમ ગયા જન્મે પ્રાપ્ત થયેલી સિદ્ધિના બળ વડે આ બંને સ્ત્રીઓનું તેના પૂર્વભવમાં ભારે અપમાન અને અવહેલન કર્યું હતું. ધન કરતાં પણ વિદ્યાને પચાવવી એ ભારે કઠિન છે. સમગ્ર સ્ત્રી જાતિ પ્રત્યે હું તિરસ્કાર અને ઘૃણા સેવતો. સ્ત્રીઓને નરક તરફ લઇ જનાર નિસરણીની ઉપમા આપતો. જે ત્યાગના મૂળમાં તિરસ્કાર વૃત્તિ રહેલી હોય છે, તે ત્યાગમાં જીવનશુદ્ધિ અને સાચી સમજણનો અભાવ છે. ત્યાગ, તપ અને સંયમનું પાલન કરનાર સાધકના મનમાંથી જો ધિક્કાર, તિરસ્કાર અને ઘૃણાની વૃત્તિનો નાશ થવા ન પામે, તો એવા સાધકના ત્યાગ, તપ અને સંયમ દોષયુક્ત અને ભૂલભરેલાં છે. ત્યાગ–તપ સંયમની સાધનાનું ફળ સમભાવ છે, તિરસ્કાર અને ઘૃણા નહીં. ગયા જન્મે અભિમાનના કારણે જે બે સ્ત્રીઓની દુર્દશા કરી, એજ બંને સ્ત્રીઓ મારી દુર્દશામાં કારણ રૂપ બની. 'કર અને જો' નો સિદ્ધાંત કામ કરી ગયો. રાગ અને દ્વેષ એજ સંસાર છે, એમાંથી જે મુક્ત



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

બન્યો તે જીવન્મુક્ત. હવે તો માતાસ્વરૂપ આ બંને સ્ત્રીઓની અંતઃકરણપૂર્વક ક્ષમા માગું છું અને મને ત્યાગના માર્ગે જવાની રજા આપે તેવી વિનંતી કરું છું.

પરંતુ આષાઢાભૂતિ આગળ બોલે ત્યાંતો તેની કાંતિ બદલાઇ ગઇ. પ્રચંડ તેજનું મોજું તેની આસપાસ ફરી વળ્યું. તેના મોં પર વિશિષ્ટ જ્ઞાનનું તેજ ઝળકી ઊઠયું. સંસાર પણ દીર્ઘકાળનું માત્ર એક નાટક છે, કારણ કે ત્યાં જે છે તે બધું અસ્થિર, અનિત્ય અને ક્ષણિક છે. અત્યારે જે હોય તે સાંજે ન હોય, સાંજે જે દેખાય તે બીજા દિવસે સવારે ન હોય. આ નાટક નથી તો બીજું શું છે? મોહ અને રાગ દશા જ માણસને અંધ બનાવે છે, અને આ અંધાપાનું બીજું નામ સંસાર. આષાઢાભૂતિને વિશિષ્ટ કોટિનું જ્ઞાન ઊપજ્યું અને પછી કાંઇ જાણવાનું બાકી ન રહ્યું. આત્માનો ઘાત કરે એવા ભયંકર ચારેય કર્મોનો જડમૂળમાંથી નાશ થયો અને ચારે બાજુ આષાઢાભૂતિનો જયજયકાર થઇ રહ્યો. એ રીતે આષાઢાભૂતિના ભવનાટકનો સદા માટે અંત આવી ગયો. એ યોગભ્રષ્ટ આત્માએ એનું શુદ્ધ સ્વરૂપ પ્રાપ્ત કરી લીધું. સંસારનું ચિત્રવિચિત્ર સ્વરૂપ સમજી ત્યાં એકઠાં થયેલાં અનેક રાજવીઓ, રાજકુમારો અને સ્ત્રી પુરુષોએ પણ આષાઢાભૂતિ સાથે પ્રયાણ કર્યું.


# શ્રી જૈન ઉદ્યોગ કેન્દ્ર—પાલીતાણા

**જૈન...** સાધર્મિક સિદાતી બહેનોને ગૃહઉદ્યોગ દ્વારા રાહત આપી સાધર્મિક ભક્તિ કરવા પ્રયત્ન કરે છે...

**ઉદ્યોગ...** દ્વારા નિભાવ કરતી સાધર્મિક બહેનોને સ્વમાનપૂર્વક જીવન નિર્વાહ કરવાના અમારા કાર્યમાં સહકાર આપો.

**કેન્દ્રમાં...** જૈન બહેનોએ જયણાપૂર્વક બનાવેલા ખાખરા, પાપડ, વડી, ખેરો, અથાણાં વિગેરે ઘર વપરાશની ચીજવસ્તુઓ કાળજીપૂર્વક બનાવી વ્યાજબી ભાવે વેચવામાં આવે છે.

ભગવાન મહાવીરના ચતુર્વિધ સંઘના એક અગત્યના અંગ સમી સિદાતી શ્રાવિકા બહેનોની સાધર્મિક ભક્તિ નિમિત્તે કેન્દ્રની બહેનોને ઉત્તેજન આપવા "પ્રભુ મહાવીરના જન્મ કલ્યાણક" ઉત્સવ પ્રસંગે શકય સહાય મોકલી અમોને પ્રોત્સાહિત કરો.

મુખ્ય કેન્દ્ર :– **મોતીશાની ધર્મશાળા**
જૈન મોટા દેરાસરની સામે
વેચાણ કેન્દ્ર :– નાની શાક માર્કેટ પાસે,
મુખ્ય બજાર, **પાલીતાણા**

પ્રમુખ :
**ડૉ. ભાઇલાલ એમ. બાવીશી**
M.B B.S
વ્યવસ્થાપક સમિતિ વતી,




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# "ભારતીય દર્શનની સાર્વભૌમ ચિન્તનદૃષ્ટિ: અનેકાન્તવાદ"

લેખક : રામધારીસિંહ 'દિનકર'
અનુ : કુ. અરુણા કનાડિયા.

વૈદિક સમયથી મહાત્મા ગાંધીના સમય સુધી દૃષ્ટિ ફેરવો. ભારતીય સંસ્કૃતિની જે એક વિશેષતા તે હંમેશા તેની સાથે જ જોવા મળશે. તે તેની અહિંસાપ્રિયતા છે. વસ્તુતઃ સંસ્કૃતિઓની વચ્ચે સાત્ત્વિક સમન્વયનું કામ અહિંસા વિના ચાલી શકતું નથી. તલવારથી આપણે મનુષ્યને પરાજિત કરી શકીએ છીએ, પણ તેને જીતી શકતા નથી. મનુષ્યને જીતવો એટલે વાસ્તવમાં તેના હૃદય પર અધિકાર મેળવવાનો છે અને હૃદયનો માર્ગ તે સમરભૂમિનો લાલ કીચડ નથી પરંતુ સહિષ્ણુતાનો શીતળ પ્રદેશ છે, ઉદારતાનો ઉજ્જવળ ક્ષીરસમુદ્ર છે. અનાદિ કાળથી ભારત અહિંસાની સાધનામાં લીન રહ્યો છે. આ સાધના કયારેક–કયારેક આત્મઘાતિની પણ સિદ્ધ થઇ છે, છતાં પણ ભારત પોતાના પરમ ધર્મથી ન ડગ્યું. ભારતીય અહિંસાનો અર્થ માત્ર રક્તપાતથી બચવું એટલો જ નહીં પરંતુ જેનાથી બીજાને કલેશ પહોંચે તે બધીજ વાતથી બચવાનું છે. રક્તપાત જો આત્મરક્ષાને માટે કરવામાં આવે તો ભારતીય સંસ્કૃતિ તેને હિંસા ન માને. એવા જ રક્તપાતની ઉપેક્ષા કરવાનો ઉપદેશ સ્વયં ભગવાન શ્રીકૃષ્ણે દીધો છે. પરંતુ સમસ્ત ભારતીય સાહિત્યમાં કટુ વચન કહી બીજાને કષ્ટ પહોંચાડવું તે પાપ કયાંય પણ ક્ષમ્ય નથી ગણ્યું. જે વાણીમાં તર્કજ નહીં, પણ આંખોમાં અંગારા ભરીને (ગુસ્સે થઇને) શાસ્ત્રાર્થ કરવાથી થાય છે–સંક્ષેપમાં આ તો તે મનુષ્યનું પાપ ગણાય કે જેને પોતાને વિશ્વાસ છે કે હું જે કંઇ કહું તેજ સત્ય છે. બાકી સર્વ ગલત.

ભારતની અહિંસા સાધના જૈનધર્મમાં તો પરમ ઉત્કર્ષ પર પહોંચી અને જૈન ધર્મમાં પણ અહિંસાનું ઉચ્ચતમ શિખર અનેકાન્તવાદ કે સ્યાદ્‌વાદ રૂપે છે. તે લોકો કેટલાક મહાન હતા કે જેમણે જોયું કે માત્ર રક્તપાત કરવો, કટુવચન કહેવાં કે બીજાનું અનિષ્ટ વિચારવું એજ હિંસા નથી પરંતુ જ્યારે આપણે એવો આગ્રહ રાખીએ કે જે કંઇ અમે કરી રહ્યા છે તેજ સત્ય છે, ત્યારે પણ એક પ્રકારે હિંસાજ થાય છે! માટેજ અનેકાંતવાદીઓએ આ ધર્મ સ્થાપ્યો કે સત્યનાં પાસાં અનેક છે જેને જે પાસું દેખાય તે તે પાસાની વાત કરે છે. જે પાસું બીજાને દેખાય છે તેની વાતો બીજા માણસો કરે છે. માટે એ કહેવું હિંસા જ છે કે "માત્ર આજ ઠીક છે." સાચો અહિંસક મનુષ્ય એટલુંજ કહી શકે કે "કદાચ આ ઠીક હોય" કારણ સત્યનાં બધાં પાસાં દરેક મનુષ્યને એકી સાથે નથી દેખાતાં.

"અનેકાંતવાદ" નામ જોકે જૈનોનું આપેલ છે પરંતુ જે દૃષ્ટિકોણ તરફ આ સિદ્ધાંત અંગુલિનિર્દેશ કરે છે તે દૃષ્ટિકોણ ભારતમાં શરૂઆતથી જ હતો. જો આ વિદ્યમાન ન હોત તો ભારતમાં તેની વિભિન્ન જાતિઓ એક માનવતાનું અંગ બનીને એકતાની છાયામાં શાંતિથી ન જીવી શકત. તો કદાચ ભારતની પણ એજ સ્થિતિ હોત જે યુરોપની છે. ભારત અને યુરોપના (રશિયા સિવાય) આકારમાં ઘણું જ સમાન છે. અને બંને મહાદેશોમાં ભાષા અને જાતિગત ભિન્નતા પણ બહુ જ છે. છતાંપણુ ભારતમાં એ ભિન્નતાઓ એક સમાધાન ઉપર આવી ગઇ છે, જાણે કે અનેક નદીઓ એક જ સમુદ્રમાં ભળી ગઇ ન હોય! પરંતુ યુરોપનાં દેશો પરસ્પર મારામારી અને ભયંકર રક્તપાત વહાવે છે. શું એ આશ્ચર્યની વાત નથી? બીજું, તો બાજુ પર પણ રાષ્ટ્રીયતાનો જે ભાવ ભારતની એકતામાં દૃઢતા



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

લાવવાનું કારણ બન્યો, તેને જ લીધે યુરોપના દેશો પરસ્પર વધુ દૂર જતા રહ્યા. અહિંસાપ્રિયતાને લીધે જે તત્ત્વ ભારતમાં અમૃત વરસાવી રહ્યું છે, હિંસાપ્રિયતાને લીધે યુરોપમાં તેજ ઝેર બની ગયું છે.

વર્તમાન વિશ્વની મુશ્કેલી એ નથી કે તેના અનેક દેશોએ અણુબોંબ બનાવ્યા છે, પરંતુ એ દેશો જ્યારે વિચાર વિનિમય કરવા બેસે છે ત્યારે તેની વાણીમાં તર્ક હોય કે ન હોય પરંતુ તેની આંખમાં ગુસ્સાની રેખા અવશ્ય હોય છે. સંસાર પોતાના બળતા દેહને દૂધથી શીતળ કરવા માટે અધીર છે પરંતુ શરીરને શીતળ કર્યા પહેલાં મનને શીતળ કરવું જોઇએ અને મનની શીતળતાનો માર્ગ દુરાગ્રહનો ત્યાગ કરવામાં છે, બીજાને બાળવા માટેની ક્રૂરતાથી બચવામાં છે. સત્યના માર્ગે આવ્યા વિના આ શીતળતા મળી શકે નહીં. અને સત્યના માર્ગ પર રહેલા મનુષ્યની સૌથી પહેલી ઓળખાણ એ છે કે તે કોઈપણ સ્થિતિમાં દુરાગ્રહ કે હઠ ન કરે.

સહિષ્ણુતા, ઉદારતા, સામાજિક સંસ્કૃતિ, અનેકાંતવાદ, સ્યાદ્વાદ, અહિંસા એ બધા એક જ સત્યનાં અલગ–અલગ નામ છે. વાસ્તવમાં આ ભારતવર્ષની સૌથી શ્રેષ્ઠ વિલક્ષણતાનું જ નામ છે. તેના આધારે જ આ દેશ એક થયો છે અને તેને અપનાવીને આખી દુનિયા એક થઇ શકે. અનેકાંત વાદ તે છે કે જે દૂરાગ્રહ નથી કરતો, અનેકાંતવાદ તે છે કે જે બીજાના મતોને પણ આદરથી જુએ, સમજે, ચાહે. અનેકાંતવાદ તે છે કે જે સમજૂતિને અપમાનની વસ્તુ ન માને. અશોક અને હર્ષવર્ધન અનેકાંતવાદી હતા જેમણે એકજ ધર્મની દીક્ષા અંગીકાર કર્યા છતાં પણ બધા ધર્મોની સેવા કરી. અકબર અનેકાંતવાદી હતા. કેમકે સત્યનાં બધા સ્વરૂપો તેને કોઈ એક ધર્મમાં ન દેખાયા તેથી સંપૂર્ણ સત્યની શોધમાં તે જીવનભર બધા ધર્મને શોધતા રહ્યા. પરમહંસ રામકૃષ્ણ અનેકાંતવાદી હતા કેમકે હિન્દુ હોવા છતાં પણ તેણે ઈસ્લામ અને ઈસાઈયતની સાધના કરી હતી અને ગાંધીજીનું આખું જીવન જ અનેકાંતવાદનું પ્રતીક હતું.

ભારતમાં અહિંસાના સૌથી મોટા પ્રચારક જૈન મુનિઓ હતા કે જેમણે મનુષ્યને માત્ર વાણી અને કાર્યથી જ નહીં પરંતુ વિચારોથી પણ અહિંસક બનાવવાનો પ્રયત્ન કર્યો છે. કોઇ પણ વાત પર એમ સ્પષ્ટપણે માની લેવું કે આ જ સત્ય છે અને બાકી જે કોઇપણ કહે તે બધું જૂઠ અને નિરાધાર છે–એ વિચારોની સૌથી ભયાનક હિંસા છે. મનુષ્યને આ હિંસાના પાપથી બચાવવાને માટે જ જૈન મુનિઓએ અનેકાંતવાદનો સિદ્ધાંત કાઢયો. જે મુજબ પ્રત્યેક સત્યનાં અનેક પાસાં માનવામાં આવ્યાં છે, તેમજ એ બરાબર પણ છે કે જ્યારે આપણે જે પક્ષને જોઇએ ત્યારે આપણને તે જ એક પક્ષ સત્ય માલૂમ પડે. અનેકાંતવાદી દર્શનની ઉપાદેયતા તે છે કે તે મનુષ્યને દુરાગ્રહી થતો બચાવે છે તેને તે શીખવે છે કે માત્ર તમેજ જે કહો તે સત્ય છે એમ નહીં કદાચ તેઓ એટલે કે તમારા વિરોધીઓ પણ સત્ય જ કહી રહ્યા હોય. ભાષાની દૃષ્ટિએ અનેકાંતવાદી મનુષ્ય સ્યાદ્‌વાદી છે કારણ કે તે એમ નથી કહેતો કે "આ જ સત્ય છે" સદૈવ એમજ કહે કે કદાચ તે સત્ય હોય. ભારતીય સાધકોની અહિંસા ભાવના સ્યાદ્‌વાદમાં પોતાનાં ચરમ ઉત્કર્ષ પર પહોંચી કારણ કે આ દર્શન મનુષ્યમાં બૌદ્ધિક અહિંસાને પ્રતિષ્ઠિત કરે છે. સંસારમાં જે અનેક મતવાદ ફેલાયેલા છે તેમાં સામંજસ્યની સ્થાપના કરે છે તથા વૈચારિક ભૂમિપર જે કોલાહલ અને કટુતા ઉત્પન્ન થાય છે તેનાથી વિચારકોના મસ્તિષ્કને મુક્ત રાખે છે.

અનેકાંતવાદ જૈન દર્શનમાં સુષુપ્ત અવસ્થામાં હતો. ભારતવાસી જેમ પોતાનાં દર્શનની અન્ય વાતો ભૂલી ગયા હતા તેવી જ રીતે અનેકાંતવાદનો



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

દુર્લભ સિદ્ધાંત પણ તેમની આંખોથી ઓજલ થઈ ગયો હતો (વિસરી જવાયો હતો). પરંતુ નવોત્થાનનાં ક્રમમાં આપણા જેમ અનેક અન્ય પ્રાચીન સત્યોએ ફરીવાર જન્મ ધારણ કર્યો, તેવી જ રીતે ગાંધીજીમાં અનેકાંતવાદે પણ નવજીવન પ્રાપ્ત કર્યું સંપૂર્ણ સત્ય શું છે તેને જાણવું ખૂબ જ કઠિન છે. તાત્વિક દૃષ્ટિથી એમજ કહી શકાય કે પ્રત્યેક સત્યાન્વેષી સત્યનો જે કોઈ પક્ષ દૃષ્ટિ ગોચર થાય તે તેનીજ વાત બોલે છે. તેથીજ સત્યના માર્ગ પર રહેલ વ્યક્તિની સૌથી મોટી ઓળખ એજ કે તે દુરાગ્રહી ન હોય. અને તે એવી પણ હઠ ન કરે કે તે પોતે જે કંઇ કહે તેજ સત્ય હોય. વિરોધી અને પ્રતિપક્ષીનો મત બરાબર હોય એ પ્રકારના પોતાના પર એક વિરલ સંદેહ એજ અનેકાંતવાદી મનુષ્યનું મુખ્ય લક્ષણ છે. ગાંધીજીમાં આ બધાંજ લક્ષણ દૃષ્ટિ ગોચર હતાં. કારણ તેઓની અહિંસા કાયિક અને વાચિકની સાથેજ બૌદ્ધિક પણ હતી અને આજ બૌદ્ધિક અહિંસાએ તેને સમાધાનવાદી અને વિરોધીઓ પ્રતિ શ્રદ્ધાળુ બનાવેલ. જ્યારે ગાંધીજી "ભારત છોડો" આન્દોલનની યોજના બનાવતા હતા ત્યારે સુપ્રસિદ્ધ અમેરીકાના પત્રકાર શ્રી લુઇ ફિશરે તેમને કહ્યું કે "આપના આ કાર્યથી યુદ્ધમાં વિઘ્ન આવશે અને અમેરીકાની જનતાને આપનું આ આંદોલન પસંદ નહીં આવે. તેઓ તમને મિત્ર રાષ્ટ્રોના શત્રુ સમજી લે તે વાત પણ કદાચ સંભવે." ગાંધીજી આ સાંભળતાંજ વિચારમાં પડી ગયા. તેમણે કહ્યું "ફિશર, તમે તમારા રાષ્ટ્રપતિને કહો કે તેઓ મને આ આંદોલન શરૂ કરતાં રોકે. હું તો મુખ્યતઃ સમજાવટથી કામ લેનાર મનુષ્ય છું કારણ મને કદી એવો વિશ્વાસ નથી હોતો કે હું જે રાહ લઉં તે બરાબરજ હોય."

અનેકાંતવાદથી પરસ્પર વિરોધી વાતો વચ્ચે સામંજસ્ય આવે છે તથા વિરોધીઓ તરફ પણ પૂજ્યભાવ આવે છે. આથીજ ગાંધીજીને તે અત્યંત પ્રિય હતું. તેમણે લખ્યું છે કે "મારો અનુભવ છે કે હું મારી રીતે સદા સત્ય રાહ પરજ હોઉં છું પરંતુ મારા ઇમાનદાર આલોચકો તો પણ મારામાં ભૂલ જુએ છે. પહેલા હું માત્ર મારી જાતનેજ સત્ય અને અન્યને અજ્ઞાની માનતો હતો. હવે હું માનું છું કે બંને પોતપોતાની રીતે સત્ય છે. કેટલાક આંધળાઓએ હાથીને અલગ અલગ રીતે તપાસીને જે તેનું વર્ણન કર્યું હતું તે દૃષ્ટાંત અનેકાંતવાદનું સૌથી શ્રેષ્ઠ ઉદાહરણ છે. આ સિદ્ધાંતેજ મને એ બતાવ્યું છે મુસલમાનની તપાસ મુસ્લીમ દૃષ્ટિકોણથી અને ઇસાઇની પરીક્ષા ઇસાઇ દૃષ્ટિકોણથી કરવી જોઇએ. પહેલા હું માનતો હતો કે મારા વિરોધીઓ અજ્ઞાનમાં છે. આજ હું વિરોધીઓની દૃષ્ટિથી પણ જોઈ શકું છું. મારો અનેકાંતવાદ સત્ય, અને અહિંસા એ યુગલ સિદ્ધાંતોનું જ પરિણામ છે."

સત્યનાં કોઈ એક પક્ષ પરજ જોર દેવું તથા વાદ–વિવાદમાં આંખો લાલ કરી બોલવા માંડવું એ લક્ષણ નાના મનુષ્યોનાં જ હોય છે કે જે કોઈ દિવસ સત્યની રાહ પર ન આવ્યા હોય. સત્યના માર્ગે આવેલ મનુષ્ય હઠીલો ન હોય પરંતુ સ્વાદ્વાદી હોય. જ્યાંસુધી વિશ્વના વિચારક અને શાસક સ્વાદ્વાદી ભાષાનો પ્રયોગ નહીં શીખે ત્યાંસુધી સંસારના ધર્મોની એકતા પણ નહીં બને અને વિશ્વના વિચાર અને મતો પણ એક નહીં બની શકે.

('શ્રી અમરભારતી'ના માર્ચ–એપ્રિલ ૧૯૭૧ના અંકમાંથી સાભાર અનુવાદ.)

卐



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મહાવીરસ્વામીના ગણનાપાત્ર ભવો

(લે. પ્રો. હીરાલાલ ર. કાપડિયા એમ. એ.)

જૈન દર્શન પ્રમાણે કોઈ પણ જીવની આદિ નથી તેમજ એનો અંત પણ નથી. અર્થાત્ જીવ અમુક સમયે ઉત્પન્ન થયો નથી તેમજ એ કદાપિ નાશ પામનાર નથી. આમ એ શાશ્વત પદાર્થ છે. આથી તો એક જૈન ગ્રન્થમાં નીચે મુજબનો ઉલ્લેખ છે :—

જે જીવ્યો, જીવે છે અને જીવશે તે 'જીવ' છે. નહિ કે જીવે છે તે 'જીવ'.

જીવ અનાદિકાલીન હોઇ એના સમ્યક્ત્વની પ્રાપ્તિ પૂર્વેના ભવોની કંઈ ખાસ કિમ્મત નથી. એના ભવોની ગણના જે ભવમાં એ સમ્યક્ત્વ પામે તે ભવથી કરાય છે. શ્રમણ ભગવાન મહાવીરસ્વામીને માટે પણ તેમ જ છે. એમણે એકંદર કેટલા ભવો કર્યા તેની સંખ્યા સ્પષ્ટપણે કોઈ આગમમાં દર્શાવાયેલી જણાતી નથી. સમવાય (સુત્ત ૧૩૪)માં પશ્ચાનુપૂર્વીએ ગણતાં મહાવીરસ્વામીનો પોટ્ટિલ તરીકેનો ભવ છઠ્ઠો છે એમ કહ્યું છે. આથી મહાવીરસ્વામીના છ ભવો તો થયા જ છે એમ ફલિત થાય છે. એમના વિવિધ ભવોની કેટલીક વિગતો આવસ્સયની [1]નિજ્જુત્તિમાં અપાયેલી છે અને તેમાં કાલાંતરે કોઇ કોઈ ઉમેરાઇ છે. આ નિજ્જુત્તિમાં પણ ભવોની સંખ્યાનો નિર્દેશ નથી. એમાં મહાવીરસ્વામીના ભવો વિષે પ્રકાશ પડાયો હોઈ હું આ નિજ્જુત્તિમાંથી નિમ્નલિખિત ગાથાઓ અત્ર રજૂ કરું છું.

" पन्थं किर देसित्ता साहूणं अडविविप्पणट्ठाणं ।
सम्मत्तं पढमलम्भो बोद्धव्वो बद्धमाणस्स ॥ १४६ ॥

लध्दूण य सम्मत्तं अणुकम्पाए उ सो सुविहियाणं ।
भासुरवरबोन्दिधरो देवो वेमाणिओ जाओ ॥ १४७ ॥

चइऊण देवलोगा इह चेव य भारहम्मि वासम्मि ।
'इक्खाग' कुले जाओ उसभसुअसुओ मरीइ त्ति ॥ १४८ ॥

"इक्खागेसु मरीई चउरासीई अ बम्भलोगम्मि ।
कोसिउ [1]कुल्लागम्मी असीइमाउं च संसारे ॥ ४४० ॥

थूणाइ पूसमित्तो आउं बावत्तरिं च सोहम्मे ।
चेइअ अग्गिज्जोओ चोवट्ठीसाण कप्पम्मि ॥ ४४१ ॥

૧ આ નિજ્જુત્તિ શ્રુતકેવલી ભદ્રબાહુસ્વામીએ રચી. ત્યારબાદ આગળ જતાં એની સંકલના કરાઇ છે. એમાં લઘુ ભાષ્યની ગાથાઓ વગેરે ઉમેરાઈ ગઇ છે. જુઓ જ્ઞાનાંજલિ (પૃ. ૪૯)

१. 'कुल्लागेसु'



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

मन्दिरे अग्गिभूई छप्पण्णाउ सणंकुमारम्मि ।
सेअवि भारद्दाओ चोअलीसं च माहिन्दे ॥ ४४२ ॥

संसरिअ थावरो रायगिहे चउतीस बम्भलोगम्मि ।
छस्सु वि पारिव्वज्जं भमिओ तत्तो अ संसारे ॥ ४४३ ॥

रायगिह विस्सनन्दी विसाहभूई अ तस्स जुवराया ।
जुवरण्णो विस्सभूई विसाहनन्दी अ इअरस्स ॥ ४४४ ॥

रायगिह विस्सभूई विसाहभूइसुओ खत्तिअे कोडी ।
वाससहस्सं दिक्खा सम्भूअजइस्स पासम्मि ॥ ४४५ ॥

गोत्तासिउ महुराए सनिआणो मासिएण भत्तेणं ।
महसुक्के उववण्णो तओ चुओ पोअणपुरम्मि ॥ ४४६ ॥

पुत्तो पयावइस्सा मिआवईदेविकुच्छिसम्भूओ ।
नामेण तिविट्ठुत्ती आई आसी दसाराणं ॥ ४४७ ॥

चुलसीईमप्पइट्ठे सीहो नरएसु तिरियमणुएसु ।
पियमित्त चक्कवट्टी मूआइ विदेहि चुलसीई ॥ ४४८ ॥

पुत्तो धणञ्जयस्सा पुट्टिल वरिसाउ कोडि सव्वट्ठे ।
णन्दणं छत्तग्गाए पणवीसाउं सयसहस्सा ॥ ४४९ ॥

पव्वज्ज पुट्टिले सयसहस्स सव्वत्थ मासभत्तेणं ।
पुप्फुत्तरि उववण्णो तओ चुओ माहणकुलम्मि ॥ ४५० ॥

"माहणकुण्डगामे कोडालसगुत्तमाहणो अत्थि ।
तस्स घरे उववण्णो देवाणन्दाइ कुच्छिसि ॥ ४५१ ॥"

આ ગાથાઓનો અર્થ હું હવે આપું છું :-

અટવીમાં વિપ્રનષ્ટ-ભૂલા પડેલા સાધુઓને ખરેખર માર્ગ બતાવીને (અને તેમની દેશના સાંભળીને) વર્ધમાનને-મહાવીરસ્વામીને સમ્યક્ત્વનો પ્રથમ (પહેલી જ વાર) લાભ થયેલો જાણવો. ૧૪૬

સુવિહિત મુનિઓથી અનુકંપાએ સમ્યક્ત્વ પામીને એ (વર્ધમાન) કાંતિશાળી અને ઉત્તમ દેહને ધારણ કરનારા વૈમાનિક દેવ (તરીકે) (સૌધર્મમાં) ઉત્પન્ન થયા. ૧૪૭

દેવલોકમાંથી ચ્યવીને અહીંજ 'ભારત વર્ષ'માં 'ઇક્ષ્વાકુ' કુળમાં ઋષભ(દેવ)ના પુત્ર (ભરત)ના પુત્ર (મરીચિ તરીકે) તેઓ થયા. (જન્મ્યા). ૧૪૮



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઇક્ષ્વાકુમાં મરીચિ ૮૪ (લાખપૂર્વ)નું (આયુષ્ય પૂર્ણ કરી) બ્રહ્મલોકમાં (ઉત્પન્ન થયા) અને (ત્યાંથી ચ્યવીને) 'કોલ્લાક' (સંનિવેશ)માં કૌશિક (બ્રાહ્મણ) થઈ ૮૦ (લાખ પૂર્વ)નું આયુષ્ય પૂરું થતાં સંસારમાં (તિર્યંચ, નરક અને દેવગતિઓમાં) ભમ્યા. ૪૪૦

(ત્યારબાદ) 'સ્થૂણા'માં ૩૨ (લાખ પૂર્વ) આયુષ્યવાળા પૂસમિત્ત (પુષ્પમિત્ર) થઈ (અને થોડો વખત પરિવ્રાજક બની) સૌધર્મમાં (ઉત્પન્ન થયા અને ત્યાંથી) ચ્યવીને 'ચૈત્ય' (સંનિવેશ)માં અગ્નિદ્યોત તરીકે ૬૪ (લાખ પૂર્વનું આયુષ્યવાળા) એવા (પરિવ્રાજક થઇ) 'ઈશાન' કલ્પમાં ઉત્પન્ન થયા. ૪૪૧

(ત્યાથી ચ્યવી) 'મન્દિર' (સન્નિવેશ)માં ૫૬ (લાખ પૂર્વના આયુષ્ય વાળા) અગ્નિભૂતિ તરીકે જન્મી પરિવ્રાજક બની 'સનતુમાર' (દેવલોક)માં ઉત્પન્ન થયા (ત્યાંથી ચ્યવી) 'શ્વેતવતી'માં ૪૪ (લાખ પૂર્વના આયુષ્યવાળા) ભારદ્વાજ (તરીકે જન્મ્યા અને) (અંતે પરિવ્રાજક બની) 'માહેન્દ્ર' (કલ્પ)માં (ઉત્પન્ન થયા.) ૪૪૨

(ત્યાથી ચ્યવી) સંસારમાં રખડી 'રાજગૃહ'માં ૩૪ (લાખ પૂર્વના આયુષ્યવાળા) સ્થાવર બ્રાહ્મણ તરીકે જન્મી (પરિવ્રાજક બની) બ્રહ્મલોકમાં (ઉત્પન્ન થયા.) (એ પૂર્વે એમણે) આમ છ યે વાર પરિવ્રાજકતા સ્વીકારી હતી. બ્રહ્મલોકમાંથી ચ્યવી સંસારમાં (ઘણો વખત રખડયા). ૪૪૩

'રાજગૃહ'માં વિશ્વનન્દિ (રાજા હતો) અને વિશાખભૂતિ તેનો યુવરાજ હતો. એ યુવરાજને (ધારણી દેવીથી) વિશ્વભૂતિ અને બીજા (રાજાને) વિશાખનંદિ નામે પુત્ર હતા. 'રાજગૃહ'માં (મરીચિનો જીવ) એ વિશાખભૂતિના પુત્ર નામે વિશ્વભૂતિ તરીકે (જન્મ્યો) એ એક કરોડ વર્ષવાળા ક્ષત્રિયે સંભૂત (? તિ) યતિની પાસે દીક્ષા (લઇ) એક હજાર વર્ષ પર્યંત એ પાળી. ૪૪૫

(પારણાર્થે જતાં) ગાયથી ત્રાસ પામેલા મથુરામાં નિદાન કર્યું અને માસિક ઉપવાસ કરી 'મહાશુક્ર'માં ઉત્પન્ન થયા અને ત્યાંથી ચ્યવી પોતનપુરમાં એઓ પ્રજાપતિ રાજાની પત્ની મૃગાવતી દેવીની કુક્ષિમાં ત્રિપૃષ્ઠના નામે ઉત્પન્ન થયા. એઓ દસારોમાં પ્રથમ થયા. ૪૪૬–૪૪૭.

(આમ વાસુદેવ તરીકે) ૮૪ લાખ વર્ષ જીવી 'અપ્રતિષ્ઠાન' નામની (નરકે) ગયા. (ત્યાંથી નીકળી) સિંહ થયા. અને (મરીને) નરકે ગયા. (ત્યાંથી નીકળી) તિર્યંચ અને મનુષ્ય તરીકે (કેટલાક) ભવો કર્યા. (પછી) (અપર) વિદેહમાં મૂક (નગરી)માં ૮૪ (લાખ પૂર્વના આયુષ્યવાળા) પ્રિયમિત્ર (નામના) ચક્રવર્તી થયા. ૪૪૮

એ ધનંજયના પુત્રે (પ્રિયમિત્રે) પોટ્ટિલ (પ્રોષ્ઠિલ આચાર્ય પાસે દીક્ષા લઇ) એક કરોડ વર્ષ પાળી ('મહાશુક્ર'માંના) સર્વાર્થ (વિમાન)માં ઉત્પન્ન થયા. (ત્યાંથી ચ્યવી) 'છાત્રાગ્રા'માં જિતશત્રુ રાજાની ભદ્રા દેવીને પેટે પચ્ચાસ (લાખ વર્ષના) આયુષ્યવાળા નન્દન (નામના પુત્ર) થયા. ૪૪૯

(ચોવીસ હજાર વર્ષ રાજ્ય કર્યા બાદ) પોટ્ટિલ (પ્રોષ્ઠિલ આચાર્ય) પાસે દીક્ષા લઇને એ એક લાખ વર્ષ (પાળી). (વીસ સ્થાનક તપ આરાધી તીર્થંકર નામકર્મ નિકાચિત કરી) અંતે તેઓ એક માસના ઉપવાસ કરી ('પ્રાણત' કલ્પમાંના) પુષ્પોત્તર (વિમાન)માં ઉત્પન્ન થયા. ત્યાંથી ચ્યવી 'બ્રાહ્મણ'કુળમાં 'બ્રાહ્મણકુંડ' ગામમાં 'કોડાલસગોત્રી બ્રાહ્મણ હતા તેના ઘરમાં (એની પત્ની) દેવાનન્દાની કુક્ષિમાં ઉત્પન્ન થયા. ૪૫૦, ૪૫૭

*



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વિશ્વશાંતિ–વાંચ્છુ–વીર

લે. ઝવેરભાઇ બી. શેઠ

યુગ યુગથી યુદ્ધો ખેલાતાં રહ્યાં છે. પુરાણા ઇતિહાસની વાત ન કરીએ તો આપણી જાણ અનુસાર બે તો મહાન વિશ્વયુદ્ધો ખેલાયાં જ છે. ૧૯૧૪ અને ૧૯૩૯ના વર્ષો વિશ્વયુદ્ધ માટે જગતની તવારીખમાં નોંધાયાં છે. ૧૯૧૪ કરતાં ૧૯૩૯નું વિશ્વયુદ્ધ વિશેષ ભયાનક હતું. એ સમયે જ અણુશસ્ત્રો વિકસી ગયાં હતાં. ગરૂડ પક્ષીઓની હારમાળાથી જાણે આકાશ આચ્છાદિત થઈ ગયું હોય તેમ હેર હિટલરના અસંખ્ય લડાયક વિમાનો બ્રિટન ઉપર ધસી આવ્યાં હતાં. છેવટે હિટલરનો અંજામ શું આવ્યો તે સર્વ વિદિત છે.

દૂર શા માટે જવું જોઈએ? ૧૯૬૨નું ચીન સાથેનું, ૧૯૬૫નું પાકિસ્તાન સાથેનું અને છેલ્લે ડીસેમ્બર ૧૯૭૧નું પાકિસ્તાન સાથે થયેલું હિંદનું યુદ્ધ કેટકેટલી ખાનાખરાબી વેરી ગયું? લડાઈ–યુદ્ધ–વિગ્રહ એટલે સર્વથા નાશ–ખુવારી. માનવજાત એમાંથી કંઈ શીખે છે ખરી?

એવું જ એક સામાજીક યુદ્ધ–નૈતિક યુદ્ધ શ્રમણ ભગવાન મહાવીરના યુગમાં ચાલતું હતું. ત્યારે દેવદેવીઓને નરપશુબલી ધરવામાં આવતા હતા. સ્વાર્થપટુ માણસો નર અને પશુના બલિદાન ધરાવીને કીર્તિ અને પૈસો મેળવતા હતા. અન્યને મારીને પોતે સુખચેનથી જીવી શકે એવો ન્યાય હોઈ શકે ખરો? જેવું વાવો તેવું લણો. થોર વાવો તો કંટકયુક્ત થોર જ ઊગે. થોરે કેળાં કે આમ્રફળ ન બેસે. માનવીએ જો સુખી થવું હોય, શાંતિથી જીવવું હોય અને અન્યને એ રીતે જીવવા દેવા હોય તો પોતે કષ્ટ સહન કરીને પણ બીજાને સુખી કરવાનો રાહ અપનાવવો પડશે. પોતાનો સ્વાર્થ તજીને પરમાર્થ અર્થે પોતાની શક્તિ, વિભૂતિ, ઐશ્વર્ય, સંપત્તિ, સાધન સામગ્રી વાપરવાં પડશે. 'સ્વ' કરતાં પરને સવિશેષ મહત્ત્વનો ગણવો પડશે. વ્યક્તિ વ્યક્તિ વચ્ચે, સમાજ સમાજ વચ્ચે, કોમ કોમ વચ્ચે અને દેશ દેશ વચ્ચે ખેલાતાં યુદ્ધોને જો નિવારવાં હશે તો પ્રત્યેક વ્યક્તિએ ઉપરોક્ત વિચારસરણીને અનુસરવું પડશે. યુદ્ધ ખેલવું જ હોય તો પોતાની જાતમાં રહેલા અવગુણો–દુર્ગુણો–દુષણો સામે યુદ્ધ ખેલો. એ યુદ્ધમાં એ દુષણોને એવો પરાજય આપો કે ફરીને કદાપિ તેઓ માથું ઊંચકી શકે નહિ અને આપણા કે અન્યના જીવનની ખાનાખરાબી ન કરે.

હિંસાના પ્રસરેલા આવા સામ્રાજ્યની સામે, સ્થાપિત હિતોની સામે જંગ ખેલવો તે અતિ વિકટ કાર્ય હતું. તેવું વિકટ કાર્ય ભગવાન મહાવીરે એ અરસામાં કર્યું તેમણે લોકોને જીવનનાં મૂલ્યોનું પુનરાવલોકન કરવા સમજાવ્યું. હિંસાથી હિંસા જ પ્રગટે, વેરથી વેર વધે. એક કુટુંબનો માણસ તેના દુશ્મન સમા બીજા કુટુંબના માનવીનું ખૂન કરે તો પરસ્પર એ પરંપરા ચાલ્યા જ કરવાની. વેર વાળવાની વૃત્તિ તો અગ્નિમાં ઘી હોમવા સમાન છે. હિંસાથી, વેરથી, ઈર્ષાથી કોઈને કદી ફાયદો થયો છે? કદી થવાનો છે? માટે જ તે વર્જ્ય છે.

જ્યાં જ્યાં હિંસા ત્યાં ત્યાં તેની સામે અહિંસાનો ઉપયોગ કરો. વેરની સામે ક્ષમાનું શસ્ત્ર ધરો. ક્રોધની સામે સહિષ્ણુતા, લોભની સામે ઔદાર્ય દાખવો.

માત્ર વિચારમાં નહિ, ભાષામાં નહિ, પરંતુ વર્તનમાં તેને ઉતારો. તો જ પ્રત્યેક માનવીને એ યુગયુગથી ઝંખે છે તે જીવનની સાચી શાંતિ પ્રાપ્ત થશે. જો પ્રત્યેક વ્યક્તિ આવું સુંદર આચરણ કરશે તો વ્યક્તિ–વ્યક્તિથી બનેલી સમષ્ટિમાં



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શાંતિનું સામ્રાજ્ય ફેલાશે. માનવીના મનમાંથી એક વખત આ સઘળાં દૂષણો દૂર થઇ જાય અને તેનું સ્થાન સર્વગુણ સંપન્નતા ધારણ કરે તો પૃથ્વી ઉપર સ્વયમેવ સ્વર્ગ ઊતરી આવે.

દુઃખથી, નિરાશાથી સંતપ્ત આત્માને (વિશ્વાત્માને પણ) સચ્ચિદાનંદ પ્રાપ્ત થાય તેને ખોળવા માટે બહાર ન જવું પડે. Real peace of mind and happiness of life come from within and not from without. કસ્તુરીમૃગની પોતાની પાસેજ કસ્તુરીની કોથળી હોવા છતાં તે જગતમાં ઢૂંઢે છે તેમ આપણે સૌ સચ્ચિદાનંદ રૂપી અમૃત આપણા અંતરાત્મામાં સભર ભર્યું છે છતાં આપણે બહાર તેને શોધીએ છીએ. એ શોધમાં આપણને ઝાંઝવાના જળ પ્રાપ્ત થાય છે. માટે સાચું જ્ઞાન, સાચી સમજણ મેળવીને જીવનને એ રીતે ઘડવું જોઇએ કે અશાંતિ આપણી પાસે આવી શકે નહિ.

તેને માટે પાયાના સિદ્ધાંતો ભ. મહાવીરે ઘડયા અને આચરી બતાવ્યા. બાહ્ય અને દુન્યવી પદાર્થોમાંથી સુખ સાંપડતું નથી તે સાબિત કરવા તેમણે સર્વસ્વનો ત્યાગ કર્યો. દાન, તપ, બ્રહ્મચર્ય, અસ્તેય, અચૌર્ય અને ઉચ્ચ ભાવને જીવનમાં વણી લીધા. તે દ્વારા જીવનના સર્વશ્રેષ્ઠ સુખ અને શાંતિ તેમણે મેળવ્યા. એજ રાહે આપણે સૌએ વિચરવાનું છે. તેના સિવાય આપણો ઉદ્ધાર જ નથી. એમ ન હોય તો આજના ભૌતિકવાદના યુગમાં આટઆટલાં સુખ–સમૃદ્ધિના સાધનો ઉપલબ્ધ હોવા છતાં માનવી કેમ અશાંત છે? દુઃખી છે? ભારેલા અગ્નિ જેવું આજના માનવીનું જીવન છે તે સર્વવિદિત છે.

માનવીને આધ્યાત્મવાદ તરફ ઝૂકયા વિના છૂટકો નથી. ભગવાન મહાવીરે બતાવેલા પંથે પરવર્યા વિના છૂટકો નથી. તેમણે દર્શાવેલો માર્ગ વ્યક્તિ માટે તેમજ વિશ્વ માટે સાચી શાંતિની ખાત્રી આપે છે. જે જે વ્યક્તિ, દેશ કે સમષ્ટિ એ પંથે પરવરી છે તેઓ સૌ શાંતિને વર્યા છે અને ભવિષ્યમાં વરશે. અને એટલે જ ભગવાન મહાવીરનું વિશ્વશાંતિવાંચ્છુવીર તરીકેનું મહત્ત્વ છે અને યુગ યુગ પર્યંત રહેશે.

卐

# સાભાર ગ્રંથ સ્વીકાર

**૧. ગઝલ**

પ્રકાશક સાહિત્ય વર્તુળ
૮, પિતૃછાયા જમાદાર શેરી ઘોઘાગેટ, ભાવનગર.

**૨. આગમ જ્યોત**

કીર્તિકુમાર એફ. પટવા
દિલીપ નોવેલ્ટી સ્ટોર, મહેસાણા.

**૩. કાલ્પનિક અધ્યાત્મ મહાવીર (ભા. ૧–૨–૩) બુક ૩**

ઝવેરી બાબુભાઇ માનચંદ એન્ડ કું. તરફથી ભેટ મળેલ છે.
હ. રાયચંદ મગનલાલ–મુંબઇ

*

આત્માનંદ પ્રકાશનો હવે પછીનો અંક તા. ૧૬–૫–૭૨ના રોજ પ્રગટ થશે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આપણો સાહિત્યિક વારસો

ઈ. સ. ના બારમાથી સોળમા શતક સુધીના સમયમાં ગુજરાતમાં બોલાતી ભાષા 'જૂની ગુજરાતી' તરીકે ઓળખાય છે. તેનું અત્યારે જે કાંઈ સાહિત્ય ઉપલબ્ધ છે તેમાં જૈનમુનિઓએ રચેલા રાસો અગ્રસ્થાન ધરાવે છે. અહીં બે ઉત્તમ પ્રાચીન રાસોનો નિર્દેશ કરવામાં આવે છે.

શાલિભદ્રસૂરિએ ઇ. સ. ૧૧૮૫ માં રચેલા 'ભરતેશ્વર બાહુબલિરાસ' માં શરુઆત નીચે પ્રમાણે કરવામાં આવેલ છે.

રિસહ જીણેસર પય પણમેવી,
સરસતિ સામિણિ મનિ સમરેવી,
નમવિ નિરંતર ગુરુ ચલણા ॥

ભરહ નરિંદહ [તણું ચરિતો,
જં જુગી વસહાં વલય વદીતો,
બાર વરસ બિહું બંધવહં ॥

હું હિવ પભણિસુ રાસહ છંદિહિં,
તં જનમનહર મનઆણંદિહિં,
ભાવિહિં ભવિયણ સંભલેઉ ॥

ઋષભ જિનેશ્વરના પગમાં પ્રણમીને, સરસ્વતી સ્વામિનીને મનમાં સ્મરીને, ગુરુચરણોમાં નિરંતર નમીને ભરત નરેંદ્રનું ચરિત્ર, જે યુગોથી વસુધામાં વિખ્યાત છે તે બાર વરસ બે બાંધવોના (યુદ્ધનું વર્ણન) હું હવે રાસા રૂપે કહું છું. તે જનમનહર છે. ભાવિકજનો, તે મનના આનંદપૂર્વક ભાવથી સાંભળો.

વિજયસેનસૂરિના ઈ. સ. ના તેરમા સૈકામાં રચિત 'રેવંતગિરિ રાસુ'માં સોરઠભૂમિ અને રેવંતગિરિનું સુંદર વર્ણન છે.

ગામાગર પુરવણ ગહુણ સરિસરવરિ સુપએસુ ।
દેવભૂમિ દિસિ પચ્છિમહ મણુહરુ સોરઠદેસુ ॥

જિણું તહિં મંડલમંડણઉ મરગયમઉડમહંતુ ।
નિમ્મલ સામલ સિહરભરે રેહઇ ગિરિ રેવંતુ ॥

ગામડાં, નગરો અને ગહન વનો તથા નદીઓ અને સરોવરોથી સુશોભન લાગતો મનોહર સોરઠ દેશ—જે દેવભૂમિ છે. પશ્ચિમ દિશામાં આવેલો છે. ત્યાં પૃથ્વીના શણગાર સમો રેવંતગિરિ નિર્મળ શ્યામલ શિખરોના સમૂહથી જાણે મરકત મણિજડિત મુકુટ ધારણ કર્યો હોય તેવો સોહે છે.

# દુઃખો અને સંકટોની સામે થા, પાછો ના હઠ

એકવાર હું કાશીના એક રસ્તામાંથી પસાર થતો હતો. આ રસ્તામાં એક બાજુ તળાવ અને બીજી બાજુ ઊંચી દીવાલ હતી. ત્યાં કેટલાક વાંદરા બેઠા હતા. કાશીના વાંદરા મસ્ત અને તોફાની હોવાથી કેટલીક વાર લોકોને સતાવવાનું તેમને મન થઇ જાય છે. મને આ રસ્તા ઉપર જતો જોઇને કેટલાક વાંદરા મારી પાછળ પડયા. કેટલાક મારા પગને કરડવા દોડયા ને કેટલાક દાંત પીસવા લાગ્યા.

તેમને જેમતેમ દૂર કરી હું જોરથી નાઠો પણ તેઓ વધારે ચંચળ હોવાથી મને એક સપાટામાં જ પકડી પાડયો. હું વધારે દોડવાની તૈયારીમાં હતો. તેવામાં સામેથી આવનારા એક માણસે મને કહ્યું કે 'તેની સામે થા, પાછો ના હઠ!' હું પાછો વળ્યો અને વાંદરા તરફ માત્ર નજર જ ફેરવીને જોયું. તરત જ તેઓ સઘળા નાસી ગયા.

આપણાં જીવનમાં અગવડના અનેક પ્રસંગો આવે છે અને તેનાથી ભડકી આપણે દોડવા જ મંડીએ છીએ. પણ પાછા હઠવાથી કંઇ દુઃખ દૂર થઈ જાય એમ નથી. અડચણના પ્રસંગોની સામે થવામાં જ ખરુ મનુષ્યપણું છે. અનેક આપત્તિઓ અને સંકટો સહન કર્યા સિવાય મુક્તિનો રાજ્યમાર્ગ મળવાનો નથી. જો આપણે નાસીશું તો ઊલટા વધારે ને વધારે ભ્રમણામાં પડી વધારે જ બંધાઇશું.

**સ્વામી વિવેકાનંદ**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ગુજરાતના મહામંત્રી ઉદયનને !

શ્રદ્ધાને સ્વામીભક્તિના
ધોધ લઇને ઉદયન આવ્યો.
મારવાડના હીરા મોતી
શોધીને સંગાથે લાવ્યો.

રખડયો રઝળ્યો રંક બનીને
ફરતો ફરતો નીજ ઘર આવ્યો
પાટણની નગરીમાં એણે
મારવાડનો દીપ જલાવ્યો.

રણશૂરો રણ બંક હતો એ
સમશેર લસતી કમરે
યુદ્ધ લડયો મેદાનો જીત્યો
ને અર્પ્યું જીવન ગુજરાતને ચરણે.

ધર્મધ્વજા ફરકાવી એણે
બંધાવ્યા અનેક વિહારો
સદ્ગુરૂ "શ્રીહેમ"નાં ચરણે
ને જોયો મુક્તિ કિનારો

છેલ્લી ઘડીએ સંત દર્શનની
ઝંખના તુજને જાગી
રણભૂમિમાં સાધુ કયાંથી ?
હવે થશે શું ? પુત્રો શોધે વિરાગી

ત્યાં સંસારી જેણે
સાધુવેશે દર્શન દીધાં
સાધુ વેશના પવિત્ર દર્શને
તેં મહાપ્રયાણ લઈ લીધાં !

સાધુ વેશે ઊભો સંસારી
નયને આંસુ વહાવી
ઉદયમંત્રીને મેં દરશન દીધાં
જાણી આતમ ઓળખ જાગી !

નહિ છોડું આ વેશ હવેથી
મને સાચો માર્ગ છે મળીયો
હાથ પડયું છે "રત્ન" અનેરૂં
મને મોક્ષ માર્ગ સાંપડીયો.

( "શ્રીહેમ"=કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચન્દ્રાચાર્ય )

જગજીવનદાસ દેસાઇ. બગસરા


વિદ્યાર્થીઓ, પ્રોફેસરો તથા મગજથી કામ કરનારા માટે

"ઊંઝા ફાર્મસી" ની

## સીરપ શંખપુષ્પી

આમાં શંખાવલી ઉપરાંત બ્રાહ્મી તેમજ બીજા દ્રવ્યો પણ ઉમેરીને ઓછી માત્રામાં વધુ ફાયદો કરે તેમ તૈયાર કરેલું છે.

વાંચતાં વાંચતાં કંટાળો આવતો હોય, મગજ થાકી જતું હોય, વાંચેલુ યાદ ન રહેતું હોય આવી ફરિયાદોમાં અમારૂં આ સરબતી પીણું વાપરવાથી બહુ જ સારો ફાયદો થાય છે.

વિદ્યાર્થીઓ, વકીલો, બેરીસ્ટરો, ઓફીસરો, શિક્ષકો, કારકુનો
વિગેરે મગજ સાથે, કામ કરનારા દરેક માટે આશીર્વાદ રૂપ છે.

બ્રાન્ચ :- બેલનગંજ, આગ્રા-૪. ભુલેશ્વર, મુંબઇ-૪
ન્યુ ઇતવારી રોડ, નાગપુર-૨
એજન્ટ ;- ગાંધી મેડીકલ હોલ, પ્રવિણચંદ્ર રોડ, ભાવનગર.
* દરેક શહેરમાં જાણીતા દવાવાળા વેચે છે *




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(અનુસંધાન પાના ૭૧ નું ચાલુ)

આખરે દેવ છે. તે બધુજ મનધાર્યું કરી શકે છે. આજેજ એ મહાવીરની બરાબર પરીક્ષા કરી તેની અસહિષ્ણુતાની કસોટી કરી જોઇશ. આ રીતે તેમણે મનોમન નિર્ણય કર્યો.

જ્યારે મનમાં આસૂરી ભાવના પ્રગટ થાય છે ત્યારે કોઈપણ સારા વિચારો કે ઉચ્ચ ભાવના ટકતાં નથી તે અસદ્ વિચારો પાછળજ દોડયા કરે છે. ક્યારે એની અસદ્ ભાવના મૂર્ત સ્વરૂપમાં પ્રગટ થઈ પોતાને વિજય પ્રાપ્ત થાય તેજ વિચાર મનમાં ઘોળાયા કરે છે.

સંગમદેવ તરતજ પ્રભુ મહાવીર જ્યાં હતાં ત્યાં તે વનસ્થલિમાં આવી પહોંચ્યા. આ બાજુ પ્રભુ મહાવીર આત્મા સાક્ષાત્કાર કરવા માટે ધ્યાનસ્થ દશામાં ઉભા હતા. આવતાવી સાથેજ તેણે વિવિધ પ્રકારના ઉપસર્ગો શરુ કર્યા જેવાકે કીડીઓ અને ડાંસ પ્રભુના શરીરને લોહી લુહાણ કર્યું, જંગગી પશુઓનો ત્રાસ, વંટોળીયો, રૂપરૂપસમી સૌંદર્યવતી યુવતીઓ વગેરે આવા જાતજાતના ઉપસર્ગો એક દિવસ, એક અડવાડીયું, એક મહિનો નહિ પણ છ છ મહિના સુધી ચાલુ રાખ્યા. છ મહિનાના અવિરત ઉપસર્ગો અને કષ્ટોને પણ ચિત્તની પ્રસન્નતા. નિર્મળતા અને કરૂણાથી તે આવકારતાજ ગયા. એ તો હતી એમના પોતાના કર્મોની નિર્જરા મેરૂપર્વતની નિશ્ચલતા અને અડગ ધૈર્ય તથા અપરંપાર સહિષ્ણુતાના કારણે એમના આત્માએ કોઇ પ્રત્યાઘાતી ભાવ દર્શાવ્યો નહિ.

આખરે સંગમ નિરાશ અને હતાશ થઈ ગયો. છતાં દુરાગ્રહી માણસ પોતાનો કૂદાગ્રહ કે અંહભાવ છોડતો નથી. તેતો પોતાની ભૂલોને છૂપાવી કુત્રિમ ભાવથી બોલવા લાગ્યો, 'ભગવાન ક્ષમા કરો મેં કેટલા દિવસ સુધી આપની સાધનામાં વિઘ્ન ઉપસ્થિત કર્યા અડચણો ઊભી કરી. કષ્ટો આપ્યા આ વિચાર આવતા મનમાં થાય છે કે કોઈ સન્તપુરુષને શા માટે કષ્ટ આપવું ? કોઈ સાધના કરે તો એના માર્ગમાં શા માટે રૂકવટ કરવી. માટે હું જાઉં છું આપ નિશ્ચિંત બની આત્મસાધના કરો".

સંગમની આવી વાત સાંભળી મહાવીર પ્રભુનું હ્રદય કરૂણાથી ઉભરાઈ ગયું. તેમના સ્નેહપૂર્ણ અને વાત્સલ્ય ભર્યા નયનોમાંથી અનુકંપાનો અમૃત રસ છલકી ઉઠયો. સંગમ ખુશી થઈ મનોમન બોલી ઉઠયો કે મહાવીરને જરૂર કંઈ આંતરિક કષ્ટ છે. જેની અસહ્ય વેદના તે સહન કરી રહ્યાં છે. સંભવ છે કે આ બહાના હેઠળ મારી પાસે પોતાની વેદના ઠાલવે. અને મારો ઈન્દ્રસભામાં વટ રહી જાય. એટલે તે ભગવાનને પૂછવા લાગ્યો, 'ભગવંત, આટલી બધી વ્યગ્રતા શાને કારણે છે ? આપના મનમાં કોઇ ઘર્ષણ ચાલી રહ્યું છે ! આટલી વ્યાકુળતા કેમ !

'સંગમ તને શું કહું ! હ્રદયમાં રહી રહીને એક કષ્ટ, એક દર્દ થયા કરે છે. રોકવા પ્રયત્ન કરૂં છું પણ રોકી શકાતું નથી.'

'ભગવાન ! આજ્ઞા કરો હું મારી યથાશક્તિથી તે કષ્ટ દૂર કરવા બનતો પ્રયત્ન કરીશ.'

'સંગમ ! કષ્ટને દૂર કરવું તે ઘણું અશકય છે તારા હાથમાં કોઇ વાત નથી.'

'પણ કહોતો ખરા, હું દેવ છું, જે કરવા ધારૂ તે હું કરી શકું તેમ છું.'

'સાંભળીને પણ તું શું કરીશ ? મારૂં કષ્ટ મારું પોતાનુ નથી.'

'સાંભળીને પણ તું શું કરીશ ? મારૂં કષ્ટ પોતાનું નથી.'

'સંગમ, તે અજ્ઞાનતાના કારણે મને છ મહિના સુધી સતત્ કષ્ટ આપવા જે જે પ્રબળ પ્રયાસ કર્યો



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અને હજુ પણ તે કદાચ બીજા છ મહિના મને કષ્ટ આપ્યું હોતતો મને તો કષ્ટની અનુભૂતિ પણ ન થાત. આ અગ્નિ પરિક્ષામાં મારું જીવન તો શુદ્ધ થતું ગયું પણ મારું દુઃખતો બીજુ છે. તેં જે હસી હસીને ખુશી થઇને પાપ કર્મનો બોજો તારા ઉપર લાદી દીધો છે તેનું કડવું ફળ જ્યારે તારે ભોગવવાનું આવશે. ત્યારે તું શું કરીશ? 'હું તારા અંધકારપૂર્ણ ભવિષ્યને પ્રત્યક્ષ રીતે જોઈ શકું છું તારા ભાવિમાં શું? આ બધાનો ભયંકર બદલો એ બધાં ફળ તું શી રીતે ભોગવીશકીશ એ સમયે તારે જે ભયંકર યાતનાઓ વેઠવી પડશે તેની કલ્પના કરતાં મારા રોમેરોમ કંપે છે. અને તેય એ સૌના નિમિત્ત રૂપે હું જ........મારા કારણેજ........તારા આત્માનું આટલુ ભયંકર અધઃપતન? આ બોલતાં બોલતાં પ્રભુ મહાવીરના નેત્રો ફરી પાણીથી ઉભ- રાઇ ગયા.

આ સાંભળી સંગમ શરમથી પાણી પાણી થઈ ગયોં. અને મનમાં વિચાર કરવા લાગ્યો કે અકારણ કષ્ટ દેનાર પામર એવો હું કયાં? અને મારા દુઃખે દુઃખી થતાં આ મહાન પ્રભુ કયાં? સંગમ લજ્જિત બની ગયો. શરમથી તેના મોઢ. ઉપર કાળી સાહી પડી. માનવની આત્મિક શક્તિ આગળ તેની દૈવી શક્તિનું અભિમાન મીણની જેમ ઓગળી ગયું.

આ હતો પાર્થિવ શક્તિ પર આધ્યાત્મિક તપઃતેજનો અદ્ભુત વિજય આ હતી કરૂણાની ચરમ- સીમા! જ્યાં પહોંચીને માનવ માનવ નથી રહેતો પણ મહામાનવ બની જાય છે.

આ ચૈત્ર સુદી તેરશના આવા મહામાનવ પ્રભુને અમારી કોકી કોટી વંદના.

*

# ગ્રંથાવલોકન

**આગમ-જ્યોત :**—પૂ. આચાર્ય મહારાજશ્રી આનંદસાગરસૂરીશ્વરજીના તાત્ત્વિક વ્યાખ્યાનોનો સંગ્રહ.

પ્રકાશક :– શ્રી આગમોદ્ધારક ગ્રંથમાળા, કપડવંજ (જિ. ખેડા) કિંમત :–૭ રૂપીયા.

પૂ. આચાર્ય મહારાજશ્રી આનંદસાગરસૂરીશ્વરજી મહારાજના તાત્ત્વિક વ્યાખ્યાનોનો સંગ્રહ 'આગમ–જ્યોત'ના નામથી પ્રસિદ્ધ થાય છે. આ આગમ–જ્યોતનું છઠ્ઠું વર્ષ પુસ્તક ૧ થી ૪ છે.

પૂ. આચાર્યશ્રીના વ્યાખ્યાનો અર્થગંભીર, હૃદયંગમ અને માર્મિક છે. જિજ્ઞાસુઓએ ખાસ વાંચવા, વિચારવા અને મનન કરવા જેવા છે.

× × ×

**ગઝલ :**—સંપાદક :–સુરેશકુમાર કે. શાહ 'સુધાકર'

પ્રકાશક :–સાહિત્ય વર્તુળ, ૮, પિતૃછાયા, જમાદાર શેરી, ઘોઘા ગેઇટ, ભાવનગર–૧.

કિંમત રૂા. ૨–૫૦

ગુજરાતી ગુઝલ પ્રવૃત્તિને વેગ આપવા માટે, 'સાહિત્ય–વર્તુળ' ભાવનગર તરફથી એક ગઝલ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલું. આ સ્પર્ધામાં ગુજરાતના, મહારાષ્ટ્રના તેમજ છેક આફ્રિકામાં વસતા ગઝલકારોએ પણ ભાગ લીધેલો.

આ સ્પર્ધામાં આવેલી કૃતિઓમાંથી આયોજન સમિતિને પસંદ કરેલી કૃતિઓનો આ સંગ્રહ છે. કાવ્ય–સાહિત્યમાં–ખાસ કરીને ગઝલમાં રસ લેનારાઓને આ પુસ્તિકાનું વાંચન રસપ્રદ નીવડશે.

**—અનંતરાય જાદવજી**



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જૈન સમાચાર

## જ્ઞાનોપાસનાનો વિશિષ્ટ સમારંભ

વિદ્વાનોની જૈન સાહિત્યની વિશિષ્ટ સેવાઓ બદલ ભાવનગરની શ્રી યશોવિજય જૈન ગ્રંથમાળા તરફથી અપાતો શ્રી વિજયધર્મસૂરિ જૈન સાહિત્ય સુવર્ણચંદ્રક, વિ. સં. ૨૦૨૩ની સાલ માટે, જાણીતા સંશોધક વિદ્વાન પંડિતવર્ય શ્રી લાલચંદભાઈ ભગવાનદાસ ગાંધીને અર્પણ કરવાનો એક સમારંભ તા. ૧૯–૩–૭૨ રવિવારે શ્રી જૈન આત્માનંદ સભાના હોલમાં શ્રી જગજીવનદાસ શિવલાલ પરિખના પ્રમુખપણા નીચે સવારે સાડા નવ વાગે યોજવામાં આવતા શહેરના આગેવાન વિદ્વાનો, ગૃહસ્થો અને બહેનોએ સારી સંખ્યામાં હાજરી આપી હતી.

પ્રારંભમાં સુશીલાબહેને મંગળગીત સુમધુર સ્વરે રજૂ કર્યા પછી ગ્રંથમાળાના પ્રમુખ શ્રી ગુલાબચંદ લલ્લુભાઈ શાહે સમારંભના પ્રમુખ, અતિથિવિશેષ, પં. લાલચંદભાઈ વગેરેનો પરિચય કરાવ્યા બાદ આજના પ્રસંગનું મહત્ત્વ સમજાવ્યું હતું.

ત્યારબાદ આ પ્રસંગને અનુલક્ષીને બહારગામથી આવેલ તાર આદિ સંદેશાઓનું વાંચન ગ્રંથમાળાના મંત્રી શ્રી સવાઈલાલ રાયચંદ પારેખે કર્યું હતું.

સંસ્થાના મંત્રી શ્રી રતિલાલ દીપચંદ દેસાઈએ શ્રી વિજયધર્મસૂરિ જૈન સાહિત્ય સુવર્ણચંદ્રકની યોજનાનો ઇતિહાસ રજૂ કરતા જણાવ્યું કે જાણીતા સંશોધક પંડિતવર્ય શ્રી લાલચંદભાઈ ભગવાનદાસ ગાંધીને સં. ૨૦૨૩ની સાલનો જૈન સાહિત્યનો સુવર્ણચંદ્રક અર્પણ કરવાનો નિર્ણય લેવામાં આવેલ. તે ચંદ્રક તેઓશ્રીને અર્પણ કરવા માટે આજનો સમારંભ યોજવામાં આવ્યો છે. તેમજ આ પ્રસંગે વિ. સં. ૨૦૦૫ની સાલનો સુવર્ણચંદ્રક આપણા સુપ્રસિદ્ધ પુરાતત્ત્વાચાર્ય મુનિશ્રી જિનવિજયજીને તથા સં. ૨૦૦૯ની સાલનો સુવર્ણચંદ્રક પૂજ્યપાદ આગમપ્રભાકર સ્વ. મુનિવર્ય શ્રી પુણ્યવિજયજી મહારાજને અર્પણ કર્યાની જાહેરાત કરવાની પણ છે.

જ્ઞાનોપાસકોનું સન્માન કરવાના આવા સમારંભો બહુજ ઓછા છે જ્યારે તેનું મહત્ત્વ ઘણું વધારે છે અને જ્ઞાનની વૃદ્ધિ માટે જ્ઞાનીઓનું સન્માન કરવા માટે ઘણું કરવા જેવું છે.

સાહિત્યનું સંશોધન–સંપાદકની દ્રષ્ટિએ આજે દુનિયામાં જે પ્રગતિ થઈ રહેલ છે તેના પ્રમાણે આપણે ઘણા પછાત છીએ જૈન સાહિત્યના પ્રશ્નોની ઉંડી વિચારણા કરવા માટે આપણે જૈન સાહિત્યનું એક સંમેલન યોજીએ તો તેની આજે ઘણી જરૂર છે. ભાવનગરની જૈન સાહિત્યની ત્રણે સંસ્થાઓ એક થઇને જો આ પ્રશ્ન ઉપાડી લ્યે તો તે ઉચિત છે હું આશા રાખું છું કે ભાવનગર આ પ્રશ્ન ઉપાડી લેશે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ત્યારબાદ અતિથિવિશેષ શ્રી રમણીકલાલ ભોગીલાલ શાહે પોતાના વક્તવ્યમાં પંડિત લાલચંદભાઈ, મુનિ જિનવિજયજી તથા આગમપ્રભાકર સ્વ. મુનિ પુણ્યવિજયજીની સાહિત્ય સેવાને અભિનંદન આપતા જણાવ્યું હતું કે ભાવનગર ખાતે યુનિવર્સિટિની સ્થાપના થાય છે ત્યારે જૈન સાહિત્યના અભ્યાસકો માટે જૈન ચેર માટે આપણે બનતો પ્રયાસ કરવાની જરૂર છે.

મહિલા કોલેજના પ્રાધ્યાપક શ્રી જયેન્દ્રભાઇ આ પ્રસંગે પધારવાના હતા. પરંતુ સંયોગોવશાત તેઓ હાજર થઇ શકે તેમ ન હોવાથી તેઓશ્રીએ મોકલાવેલ વક્તવ્ય શ્રી વાકાણીએ વાંચી સંભળાવ્યું હતું.

શ્રી જૈન સંઘના ઉપ-પ્રમુખ તથા શ્રી જૈન આત્માનંદ સભાના પ્રમુખ શ્રી ખીમચંદ ચાંપશી શાહે વિદ્વાનોની કદર કરવાના આવા સમારંભોને આવકારતા જૈન સાહિત્યના વિકાસ માટે મહત્ત્વના પ્રશ્નોની ચર્ચા-વિચારણા કરવા માટે જૈન સાહિત્ય સંમેલન યોજવાની વાત ઉપર ખાસ ભાર મૂક્યો હતો. અને જો આવું સંમેલન યોજવામાં આવે તો ભાવનગર પોતાથી બનતું કરશે તેવી આશા વ્યક્ત કરી હતી.

ત્યારબાદ શ્રીયુત કુમારપાળ બાલાભાઇ દેશાઈ, જાણીતા સમાજ સેવક ડો. બાવિશી, શ્રી છોટાલાલ ગિરધર શાહ, જાણીતા સાહિત્ય સેવક શ્રી દુલેરાય કારાણીએ પ્રસંગને અનુલક્ષીને સમયોચિત પ્રવચનો રજૂ કર્યાં હતાં. ત્યાર બાદ જાણીતા સમાજ સેવક શ્રી ભાઈચંદ અમરચંદ શાહે ચંદ્રકો અર્પણ કરવા માટે પ્રમુખશ્રીને વિનંતી કરતા જણાવ્યું હતું કે પંડિત લાલચંદ ભગવાનદાસ, જેઓ સંસ્થાની વિનંતીને માન્ય રાખીને ખાસ અત્રે પધાર્યા છે. તેમને સં. ૨૦૨૩નો સુવર્ણ ચંદ્રક માનનીય પ્રમુખશ્રીના હસ્તે અર્પણ કરવાની હું વિનંતી કરૂ છું.

પુરાતત્ત્વવેત્તા મુનિશ્રી જિનવિજયજી જેઓ પોતાની નાદુરસ્ત તબીયતને અંગે અત્રે પધારી શકયા ન હતા. તેઓશ્રીને ચંદ્રક અર્પણ કરવાની વિધિ કરવા માટેનું કાર્ય સંસ્થાના મંત્રીશ્રી રતિલાલ દીપચંદ દેસાઇને સુપ્રત કરવામાં આવ્યું હતું. અને સ્વ. આગમ પ્રભાકર મુનિ પુણ્યવિજયજી, જેઓ આજે આપણા વચ્ચે નથી તેઓશ્રીને તો આપણે અંજલિ જ આપવાની રહી હતી.

ત્યાર બાદ પ્રમુખશ્રી જગજીવનદાસ શિવલાલે પંડિતજીને સુવર્ણચંદ્રક અર્પણ કર્યો હતો. અને ત્રણે વિદ્વાનોને અભિનંદન આપતા પોતાની લાક્ષણિક શૈલિમાં સમયોચિત પ્રવચન કર્યું હતું.

ત્યાર બાદ પં. શ્રી લાલચંદભાઇ ગાંધીએ દાઠા જેવા નાના ગામડામાંથી નાની ઉંમરે સંસ્કૃતનો અભ્યાસ કરવા માટે આ.શ્રી. વિજયધર્મસૂરિજીએ બનારસમાં સ્થાપેલ સંસ્કૃત પાઠશાળામાં કેવી રીતે જવાનું બન્યું. અને ધીમે ધીમે પોતે પોતાનો વિકાસ કેમ સાધ્યો તેના અનુભવના પ્રસંગો રજૂ કર્યા હતા. અને પોતાને ચંદ્રક આપવા બદલ સૌનો આભાર માન્યો હતો.

છેવટે સંસ્થાના ઉપપ્રમુખ શ્રી બેચરભાઇએ આભાર વિધિ કર્યા બાદ સૌ વિખરાયા હતા.

# અનાવરણ સમારંભ

શ્રી યશોવિજય જૈન ગ્રંથમાળાના વિકાસમાં જેઓએ અમૂલ્ય ફાળો આપ્યો છે તે પરમપૂજ્ય મુનિરાજ શ્રી વિશાળવિજયજી મહારાજ, શ્રીયુત ભીમજીભાઈ હરજીવનદાસ "સુશીલ" તથા શ્રી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

બાલાભાઈ વીરચંદ દેસાઇ (જયભિખ્ખુ)નાં તૈલ ચિત્રોના અનાવરણ વિધિ માટે ભાવનગર જૈન સંઘના ઉપપ્રમુખ શ્રીયુત ખીમચંદ ચાંપશી શાહના પ્રમુખપદે તા. ૧૯–૩–૭૨ રવિવાર સાંજના પાંચ વાગે, ગ્રંથમાળાના સભા ખંડમાં એક સમારંભ યોજવામાં આવ્યો હતો.

જ્યારે સંસ્થાના પ્રમુખશ્રી ગુલાબચંદ લલ્લુભાઈ શાહ, જાણીતા સાહિત્યકાર શ્રી દુલેરાય કારાણી, શ્રીયુત કુમારપાળ બાલાભાઈ દેસાઇ, શ્રીયુત ખીમચંદ ચાંપશી શાહ આદિએ સમયોચિત પ્રવચનો કર્યા હતા. ગ્રંથમાળાના વિકાસમાં ઉપરોક્ત ત્રણે વ્યક્તિઓએ આપેલ સેવાઓને બિરદાવવામાં આવી હતી.

# ગુરૂમૂર્તિ તથા ચરણપાદુકા પ્રતિષ્ઠા મહોત્સવ

પ. પૂ. આચાર્યશ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજના શિષ્ય આ. મહારાજશ્રી વિજયોદય-સૂરીશ્વરજી મહારાજ સં. ૨૦૨૬ના વૈશાખ વદિ ૧૧ રવિવારે ભાવનગર મુકામે સ્વર્ગવાસ પામ્યા તેઓશ્રીની ઉપકાર સ્મૃતિ નિમિત્તે તેઓશ્રીના અગ્નિ સંસ્કાર સ્થળ ઉપર ભવ્ય સમાધિ મંદિર બાંધવામાં આવ્યું છે.

આ સમાધિ મંદિરમાં સૂરીશ્વરજીની મૂર્તિ તથા ચરણપાદુકા પધરાવવાનો મહોત્સવ ફાગણ વદિ ૭ મંગળવારથી શરૂ કરવામાં આવતાં ફા. વ. ૯ ગુરૂવારે કુંભસ્થાપન, નવગૃહાદિ પૂજન કરવામાં આવ્યું હતું. અને વ. ૧૦ના રથયાત્રાનો વરઘોડો ચઢાવવામાં આવ્યો હતો. ફાગણ વદિ ૧૩ સોમવારના શુભ દિને પ્રતિષ્ઠા ધામધૂમથી કરવામાં આવી હતી, તેમજ શાન્તિસ્નાત્ર ભણાવવામાં આવ્યું હતું.

પ. પૂ. આચાર્યશ્રી વિજયોદયસૂરીશ્વરજી મહારાજની ઉપકાર–સ્મૃતિ નિમિત્તે શ્રી જૈન ધર્મના ઉચ્ચ તત્ત્વજ્ઞાનના અભ્યાસ માટે "શ્રી વૃદ્ધિ–નેમિ–ઉદયસૂરિ–સંસ્કૃત પાઠશાળા"નું આયોજન કરવામાં આવ્યું છે. તેનું ઉદ્‌ઘાટન શ્રી પન્નાલાલ લલ્લુભાઇ પટ્ટણીના હસ્તે ફાગણ વદિ ૧૧ના સવારે કરવામાં આવેલ. અને દાદા સાહેબના ભવ્ય પટાંગણમાં શ્રી દાઠાવાળા આયંબિલ ભવન બાંધવામાં આવેલ છે તેનું શુભ ઉદ્‌ઘાટન વદિ ૧૧ સવારે શેઠશ્રી પ્રાગજીભાઈ ઝવેરભાઈના હસ્તે કરવામાં આવ્યું હતું.

આ પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે પ. પૂ. આચાર્યશ્રી વિજયનંદનસૂરીશ્વરજી મ. આચાર્યશ્રી વિજયકસ્તુરસૂરીશ્વરજી મહારાજ, આચાર્યશ્રી મેરૂપ્રભસૂરીશ્વરજી મહારાજ, આ. શ્રી વિજયયશોભદ્ર-સૂરીશ્વરજી મ. આ. શ્રી સુબોધસાગરસૂરીશ્વરજી મહારાજ પં. શ્રી નીતિપ્રભવિજયજી તથા અન્ય મુનિમહારાજો, સાધ્વીજી મહારાજો તથા વિશાળ જૈન સમુદાયે હાજરી આપી હતી.

# અભિનંદન પત્ર

જાણીતા ધાર્મિક શિક્ષણપ્રેમી શ્રીયુત્ જેચંદભાઈ છગનલાલ ફુવને શ્રી જૈન તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠ–પુના તરફથી પેટલાદ ખાતે તા. ૧૨–૩–૭૨ રવિવારે એક સમારંભ યોજીને અભિનંદન પત્રક સાથે કાશ્મીરી શાલ અને ફુલહાર અર્પણ કરવામાં આવ્યા હતા તથા તેમના ધર્મપત્ની શ્રી વસંતબેનને સાડી અને ભગવાનનો ફોટો અર્પણ કરવામાં આવ્યો હતો.

*



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## રજીસ્ટ્રેશન ઓફ ન્યુઝ પેપર્સ (સેન્ટ્રલ) રૂલ્સ ૧૯૫૬ અન્વયે "આત્માનંદ પ્રકાશ" સબંધમાં નીચેની વિગતો પ્રગટ કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| ૧ | પ્રસિદ્ધિ સ્થળ : | ખારગેટ, ભાવનગર. |
| ૨ | પ્રસિદ્ધિ ક્રમ : | દરેક અંગ્રેજી મહિનાની સોળમી તારીખ |
| ૩ | મુદ્રકનું નામ : | હરિલાલ દેવચંદ શેઠ |
| | કયા દેશના : | ભારતીય |
| | ઠેકાણું | આનંદ પ્રિન્ટીંગ પ્રેસ, ભાવનગર. |
| ૪ | પ્રકાશકનું નામ : | શ્રી જૈન આત્માનંદ સભા વતી, ખીમચંદ ચાંપશીશાહ–ભાવનગર. |
| | કયા દેશના : | ભારતીય |
| | ઠેકાણું | શ્રી જૈન આત્માનંદ સભા, ખારગેટ–ભાવનગર. |
| ૫ | તંત્રીનું નામ : | માસિક કમિટી વતી, ખીમચંદ ચાંપશી શાહ–ભાવનગર. |
| | કયા દેશના : | ભારતીય |
| | ઠેકાણું | શ્રી જૈન આત્માનંદ સભા, ખારગેટ–ભાવનગર. |
| ૬ | સામયિકના માલીકનું નામ : | શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર. |

આથી અમો જાહેર કરીએ છીએ કે ઉપર આપેલી વિગતો અમારી જાણ તથા માન્યતા મુજબ બરાબર છે.

તા. ૧–૩–૭૨

માસિક કમિટી
ખીમચંદ ચાંપશી શાહ
હરિલાલ દેવચંદ શેઠ
અનંતરાય જાદવજી શાહ
કાંતિલાલ જગજીવન દોશી
ડૉ. બાળકૃષ્ણ ધ્રુવ

# પરમ પૂજ્ય આત્મારામજી મ.ની જન્મ જયંતિ

પરમ પૂજ્ય ગુરુદેવ આત્મારામજી (આચાર્ય વિજયાનંદસૂરીશ્વરજી) મહારાજનો ૧૩૬ મો જન્મદિન આ સભા તરફથી સં. ૨૦૨૮ ચૈત્ર શુદિ ૧ તા. ૧૬–૩–૭૨ ગુરૂવારના રોજ રાંધનપુર નિવાસી શેઠશ્રી સક્કરચંદભાઈ મોતીલાલ મુળજી તરફથી મળેલ આર્થિક સહાય વડે ઉજવષામાં આવ્યો હતો. શ્રી શત્રુંજય ઉપર આદીશ્વર ભગવાનની મોટી ટુંકમાં જ્યાં પૂજ્ય ગુરુદેવશ્રી આત્મારામજીની પ્રતિમા બિરાજમાન છે ત્યાં નવાણું પ્રકારી પૂજા ભણાવી અંગ રચના કરવામાં આવી હતી આ પ્રસંગે ભાવનગરથી સારી સંખ્યામાં સભાસદો આવ્યા હતા આ સભાસદોનું બપોરનું પ્રીતિ ભોજન યોજવામાં આવ્યું હતું તથા સાધુ–સાધ્વીજી મહારાજની ભક્તિનો પણ સારો લાભ લીધો હતો.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# શ્રી મહાવીર જૈન વિદ્યાલયનાં વિશિષ્ટ પ્રકાશન

## जैन–आगम–ग्रंथमालाના ત્રણ ગ્રંથો

સંપાદકો

**પૂજ્ય આગમપ્રભાકર મુનિરાજ શ્રી પુણ્યવિજયજી મહારાજ**
**પંડિત શ્રી દલસુખભાઇ માલવણિયા**
**પંડિત શ્રી અમૃતલાલ મોહનલાલ ભોજક**

**રોયલ ૮ પેજી સાઇઝ : જાડા ટકાઉ કાગળ : ઉત્તમ છપાઇ : પાકું બાઇન્ડિંગ**

### (१) ग्रन्थांक १ : नंदिसुत्तं अणुओगद्दाराइं च

આ ગ્રંથમાં લઘુનંદિ ઉર્ફે અનુજ્ઞાનંદિ તથા યોગનંદિયુક્ત નંદિસૂત્ર મૂળ તથા અનુયોગદ્વારસૂત્ર મૂળનો શુદ્ધ–સંશોધિત પાઠ સંખ્યાબંધ પાઠાંતરો સહિત આપવામાં આવ્યો છે. ઉપરાંત વિસ્તૃત સંપાદકીય નિવેદન (ગુજરાતી તથા અંગ્રેજી), જૈન આગમો, ગ્રંથ, ગ્રંથકાર ગ્રંથવિષય તથા ગ્રંથમાંથી ઉપલબ્ધ થતી વિશિષ્ટ સામગ્રીનું નિરૂપણ કરતી સુવિસ્તૃત પ્રસ્તાવના (ગુજરાતી તથા અંગ્રેજી), બન્ને ગ્રંથોના એકેએક શબ્દની તેના સંસ્કૃત રૂપાંતર સાથેની સૂચિ તથા અન્ય પરિશિષ્ટો, બન્ને આગમોની ગાથાઓ તથા એમાં આવતાં વિશેષ નામોનો અનુક્રમ તેમ જ ચૂર્ણિકાર વગેરેએ નિર્દેશેલ પાઠાંતરસ્થાનો વગેરેનો સંગ્રહ આપવામાં આવેલ છે.

**પૃષ્ઠ સંખ્યા ૫૦૨ : કિંમત ત્રીસ રૂપિયા**

*

### (२) ग्रन्थांक ९, भाग १ : पण्णवणासुत्तं

આ ગ્રંથમાં અનેક પાઠાંતરો સહિત પણ્ણવણાસૂત્ર મૂળ તથા પ્રતિઓનો પરિચય વગેરે રજૂ કરતું સંપાદકીય નિવેદન (ગુજરાતી તથા અંગ્રેજી) આપવામાં આવેલ છે.

**પૃષ્ઠ સંખ્યા ૭૬૨ : કિંમત ચાલીસ રૂપિયા**

*

### (३) ग्रन्थांक ९, भाग २ : पण्णवणासुत्तं

આ ગ્રંથમાં ગ્રંથ, ગ્રંથકાર, ગ્રંથ વિષય, ગ્રંથ વસ્તુનું તુલનાત્મક અવલોકન અને અન્ય જ્ઞાતવ્ય સામગ્રી આદિનું સવિસ્તર નિરૂપણ કરતી (ગુજરાતી તથા અંગ્રેજી) પ્રસ્તાવના તથા સૂત્રમાં આવતી ગાથાઓનો અનુક્રમ ગ્રંથના એકેએક શબ્દના સંસ્કૃત રૂપાંતર સાથેની સૂચિ, મૂળ ગ્રંથ તથા ટિપ્પણીઓમાં આવતા વિશેષ નામોની સૂચિ તેમજ પ્રજ્ઞાપના સૂત્રના કેટલાક પાઠોનું પર્યાલોચન આપવામાં આવેલ છે.

**પૃષ્ઠ સંખ્યા ૯૩૨ : કિંમત ચાલીસ રૂપિયા**

શ્રી મહાવીર જૈન વિદ્યાલય, ઑગસ્ટ ક્રાંતિ માર્ગ મુંબઈ–૩૬
શ્રી મહાવીર જૈન વિદ્યાલય, પાલડી બસ સ્ટેન્ડ સામે, અમદાવાદ–૬
શ્રી સરસ્વતી પુસ્તક ભંડાર, હાથીખાના–રતનપોળ, અમદાવાદ


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ખાસ વસાવવા જેવા કેટલાક અલભ્ય ગ્રંથો

### સંસ્કૃત ગ્રંથો

| | | |
|---|---|---|
| ૧ | વસુદેવ હિણ્ડી–દ્વિતીય અંશ | ૧૦–૦૦ |
| ૨ | બૃહત્‌કલ્પ સૂત્ર ભા. ૬ ઠ્ઠો | ૨૦–૦૦ |
| ૩ | ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત મહાકાવ્યમ્ ભા. ૨, પર્વ ૨, ૩, ૪ (મૂળ સંસ્કૃત) પુસ્તકાકારે | ૧૨–૦૦ |
| ૪ | ” ” પ્રતાકારે | ૧૫–૦૦ |
| ૫ | દ્વાદશારં નયચક્રમ્ | ૪૦–૦૦ |
| ૬ | સમ્મતિતર્ક મહાર્ણવા વતારિકા | ૧૫–૦૦ |
| ૭ | તત્ત્વાર્થાધિગમસૂત્રમ્ | ૧૫–૦૦ |
| ૮ | પ્રબંધપંચશતી | ૧૫–૦૦ |

*

### અંગ્રેજી ગ્રંથો

| | | |
|---|---|---|
| 1 | Anekantvada by H. Bhattacarya | 3-00 |
| 2 | Shree Mahavir Jain Vidyalaya Suvarna Mahotsava Granth | 35-00 |

### ગુજરાતી ગ્રંથો

| | | |
|---|---|---|
| ૧ | શ્રી પાર્શ્વનાથ ચરિત્ર | ૧૫–૦૦ |
| ૨ | શ્રી તીર્થંકર ચરિત્ર | ૧૦–૦૦ |
| ૩ | શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભા. ૨ | ૪–૦૦ |
| ૪ | કાવ્ય સુધાકર | ૨–૫૦ |
| ૫ | આદર્શ જૈન સ્ત્રીરત્ન ભા. ૨ | ૨–૦૦ |
| ૬ | કથારત્ન કોષ ભા. ૧ | ૧૨–૦૦ |
| ૭ | કથારત્ન કોષ ભા. ૨ | ૧૦–૦૦ |
| ૮ | આત્મ વલ્લભ પૂજા સંગ્રહ | ૩–૦૦ |
| ૯ | આત્મ કાન્તિ પ્રકાશ | ૧–૫૦ |
| ૧૦ | જ્ઞાન પ્રદીપ ભા. (૧ થી ૩ સાથે) પૂ. આ. વિજયકસ્તૂરસૂરિજી | ૧૦–૦૦ |
| ૧૧ | સ્યાદ્વાદ મંજરી | ૧૫–૦૦ |
| ૧૨ | અનેકાન્તવાદ | ૨–૦૦ |
| ૧૩ | નમસ્કાર મહામંત્ર | ૨–૦૦ |
| ૧૪ | ચાર સાધન | ૨–૦૦ |
| ૧૫ | ભગવાન મહાવીર યુગના ઉપાસકો | ૨–૦૦ |
| ૧૬ | જાણ્યું અને જોયું | ૨–૦૦ |

*

નોંધ : સંસ્કૃતમાં ૧૦ ટકા અને ગુજરાતીમાં તથા અંગ્રેજીમાં ૧૫ ટકા કમિશન કાપી આપવામાં આવશે. પોષ્ટ ખર્ચ અલગ. આ અમૂલ્ય ગ્રંથો વસાવવા ખાસ ભલામણ છે.

: લખો :

## શ્રી જૈન આત્માનંદ સભા : ભાવનગર

તંત્રી : ખીમચંદ ચાંપશી શાહ, શ્રી આત્માનંદ પ્રકાશ તંત્રીમંડળ વતી
પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા. ભાવનગર
મુદ્રક : હરિલાલ દેવચંદ શેઠ, આનંદ પ્રિન્ટીંગ પ્રેસ,

For Private And Personal Use Only